ગુજરાતી ધોરણઃ ૧ અને ૨

ટીચર હેન્ડ બુક

પ્રજ્ઞા



શિક્ષક આવૃત્તિ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

પ્રેરણા

શ્રી સંદીપ કુમાર (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન

શ્રી જયશ્રી દેવાંગન (GAS)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન

ડૉ. ટી. એસ. જોષી
નિયામક
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર

માર્ગદર્શન

દિનેશકુમાર દેસાઈ
મદદનીશ શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ કોર્પોરેશન

ડૉ. હરેશ ચૌધરી
અભ્યાસક્રમ કો-ઓર્ડિનેટર,
જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર અને
કન્વીનર,ક્યુ.ઈ.સેલ,સર્વ શિક્ષા અભિયાન

સંકલન

પીયૂષભાઈ સુથાર

સુચિતકુમાર પ્રજાપતિ

લેખન

પરેશકુમાર દલસાણિયા

ધર્મેશકુમાર રામાનુજ
અનિલકુમાર ઉપાધ્યાય
રાકેશકુમાર પટેલ
ડૉ. ભાવેશભાઈ પંડ્યા
નીતાબેન ઉપાધ્યાય

કલ્પેશભાઈ પટેલ
મહેન્દ્રભાઈ મકવાણા
હરજીભાઈ પ્રજાપતિ
પ્રકાશભાઈ ભટ્ટી
જયેશભાઈ પટેલ

નટવરસિંહ પરમાર
રમેશભાઈ દેસાઈ
પરેશભાઈ ચૌહાણ
ડૉ. કેતનભાઈ વ્યાસ
ડૉ. ભીખુભાઈ વેગડા

પરામર્શન

મધુસુદન ઠક્કર
યાહ્યા સપાટવાલા
ઉમાકાંત રાજ્યગુરુ

પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ બાળકેન્દ્રી હોય, પ્રવૃત્તિલક્ષી હોય અને આનંદદાયી હોય એ બાબત હવે સર્વસ્વીકૃત બની છે. આ સર્વસ્વીકૃત સિદ્ધાંતને વર્ગખંડમાં કેવી રીતે અમલીકૃત કરી શકાય એ અંગે છેલ્લા બે-ત્રણ દાયકાઓ દરમિયાન સમગ્ર દેશમાં ચિંતન થયું છે અને અનેકવિધ પ્રયોગો થયા છે. વર્ષો સુધી થયેલા આવા સામૂહિક ચિંતન અને પ્રયોગોના સંગૃહિત પરિણામ સ્વરૂપે પ્રજ્ઞા- 'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન' અભિગમ અમલમાં આવ્યો. પ્રજ્ઞા અભિગમ આધારિત વર્ગખંડમાં આદર્શ બાળકેન્દ્રી શિક્ષણના સિદ્ધાંતો તાદશ થાય છે. જેમ કે:

- દરેક બાળક પોતાની ગતિ અને શીખવાની ક્ષમતા મુજબ આગળ વધે.
- દરેક બાળક પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરે તે સુનિશ્ચિત થાય.
- દરેક બાળક કોઈ પણ સંકલ્પના શીખવા માટે જરૂરી એવા સંકલ્પના સ્પષ્ટીકરણ, મહાવરો અને મૂલ્યાંકનના ક્રમિક તબક્કા (અધ્યયન ચક્ર)ને અનુસરે.
- દરેક બાળક શિક્ષક પાસેથી શીખે, અન્ય બાળકોની મદદથી શીખે તેમજ સામગ્રીની મદદથી જાતે પણ શીખે.
- દરેક બાળકનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય.

ઉપરોક્ત તમામ સિદ્ધાંતોને આખા અભ્યાસક્રમ માટે પ્રજ્ઞા વર્ગખંડમાં વાસ્તવિક રીતે પ્રયોજી શકાય છે એવો આપણો અનુભવ છે.

આપ સૌ જ્ઞાત છો જ કે હવે **NAS** અંતર્ગત દર વર્ષે **NCERT** દ્વારા નિયત થયેલ અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને ધોરણ ૩, ૫ અને ૮ નાં બાળકોની કસોટી લેવામાં આવશે. આ બાબતને ધ્યાને લઈ, ગત વર્ષ દરમિયાન રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નક્કી થયું કે હવે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયો **NCERT** નાં પાઠ્યપુસ્તકો મુજબ ભણાવવામાં આવશે. આ નિર્ણય પ્રજ્ઞા અભિગમને પણ લાગુ પડે. રાજ્ય સરકારના તા. ૨૯-૧૨-૨૦૧૭ નાં ઠરાવ ક્રમાંક એસએસએ/૧૨૧૭/સિં.ફા.૭૭/ન મુજબ નિયત થયું કે વર્ષ ૨૦૧૮-૧૯ થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧-૨ માં પ્રજ્ઞા અભિગમનો અમલ થશે. રાજ્ય સરકારશ્રીના આ નિર્ણય મુજબ હવે રાજ્યની દરેક સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમનો અમલ શરૂ થઈ રહ્યો છે. જો કે ૨૩૦૦૦ જેટલી શાળાઓને તો પ્રજ્ઞા અભિગમના અમલીકરણનો અનુભવ છે જ. આ સિવાયની ૧૦૦૦૦ જેટલી શાળાઓમાં પ્રથમવાર પ્રજ્ઞા અભિગમનો અમલ થઈ રહ્યો છે. જુના પ્રજ્ઞા સાહિત્યને બદલે હવે આ વર્ષથી **NCERT** નાં પાઠ્યપુસ્તકોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલું નવું પ્રજ્ઞા સાહિત્ય અમલમાં મુકાઈ રહ્યું છે. આ અર્થમાં રાજ્યની તમામ શાળાઓ માટે આ વખતે પ્રજ્ઞા અભિગમનો નવેસરથી અમલ થઈ રહ્યો છે.

આપ સૌને આ નવું પ્રજ્ઞા સાહિત્ય ગમશે જ એવી શ્રદ્ધા છે. અગાઉ જણાવ્યા મુજબ આ સાહિત્ય પ્રથમવાર અમલમાં મુકાઈ રહ્યું હોવાથી, તેમાં હજુ પણ સુધારાને અવકાશ હશે જ. વર્ગખંડ પ્રક્રિયા દરમિયાનના આપના અનુભવો અમને એ સમજવામાં મદદરૂપ થશે કે કયું સાહિત્ય કે કઈ પ્રવૃત્તિ અસરકારક છે, કઈ પ્રવૃત્તિમાં ફેરફાર કરવાની જરૂર છે, કયું સાહિત્ય સુધારવાની જરૂર છે વગેરે. આપના આવા પ્રતિભાવો આવકાર્ય છે.

આવો, આપણે સૌ સાથે મળીને રાજ્યનાં બાળકોના પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાલક્ષી બનાવવામાં સહભાગી થઈએ..!

સંદીપ કુમાર (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન

શિક્ષક આવૃત્તિ વિશે...

'પ્રજ્ઞા' એટલે પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન. 'પ્રજ્ઞા' એક અભિગમ તરીકે આપણે સ્વીકાર્યો છે. આ એક વિદ્યાર્થી કેન્દ્રી - પ્રવૃત્તિલક્ષી અભિગમ છે. અહીં બાળકો વિવિધ તબક્કે વર્ગના ચાર જૂથમાં વિષયવસ્તુનો કોઈ ને કોઈ મુદ્દો શીખતાં હોય છે. સંકલ્પનાના કાર્ડથી આરંભાયેલ શિક્ષણ પ્રક્રિયાનું મૂલ્યાંકન કાર્ડથી એક અધ્યયન ચક્ર પૂર્ણ થાય છે. શિક્ષણનો આ એક નૂતન અભિગમ છે. આ અભિગમ અનુસાર શિક્ષણ પ્રક્રિયા ખરા અર્થમાં 'ભાર વિનાની' બને છે.

આ શિક્ષક માર્ગદર્શિકામાં....

- એકમ શીખવવા માટેનો એક ચોક્કસ ક્રમ છે.
- ધોરણ ૧-૨ના અભ્યાસક્રમને વિવિધ ચાર રંગના સંકેત કાર્ડમાં વિભાજિત કર્યો છે.
- જૂથની ગુલાબી, લીલો, કથ્થાઈ અને વાદળી રંગની ઓળખ આપી છે.
- એકમ દરેક કાર્ડ, દરેક રંગ અંતર્ગત શું શીખવું-શીખવવું અભિપ્રેત છે તેનું યોગ્ય માર્ગદર્શન છે.
- જરૂરી ટી.એલ.એમ.નો પણ નિર્દેશ છે.
- સમૂહકાર્યમાં કરવાની પ્રવૃત્તિઓની અલગથી નોંધ આપેલ છે.

આ ઉપરાંત,

આ શિક્ષક માર્ગદર્શિકામાં માઈલસ્ટોનમાં આવતી વિવિધ રમતો કેવી રીતે રમાડવી તે વિગતે વર્ણવ્યું છે. ભાષાનાં ચારેય પાયાનાં કૌશલ્યો શ્રવણ, કથન,વાચન અને લેખનને સપ્રમાણભાર આપવામાં આવ્યો છે. ગુજરાતીના વર્ગમાં બાળકો ક્રમિક જૂથ પ્રમાણે ફરે જ એવો આગ્રહ રાખવામાં આવ્યો નથી. શ્રવણ-કથન-વાંચન-લેખન આ કૌશલ્યોના ક્રમમાં બાળકો ભાષા શીખતાં રહે એ ખાસ ધ્યાનમાં રાખ્યું છે. બાળકના શબ્દભંડોળના વિકાસ માટે અહીં **'સચિત્ર બાળપોથી'** તૈયાર કરવામાં આવી છે. જેના ઉપયોગથી બાળકોની શબ્દો વિશેની સમજ વધુ મજબૂત બનશે. બાળકોને સ્વતંત્ર વાચનનો મહાવરો મળે એ હેતુથી **'અર્લીરીડર'** પણ આપી છે. જેનાથી બાળકોનું વાચનકૌશલ્ય કેળવાશે. બાળકના લેખન કૌશલ્યનો અને સર્જનાત્મક શક્તિને વેગ મળે એ હેતુથી **'સ્વ-અધ્યયનપોથી'** આપવામાં આવી છે.

પ્રજ્ઞા અંતર્ગત સમૂહકાર્યમાં સમાવિષ્ટ વાર્તાઓ અને બાળગીતો વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પણ રજૂ કરે તે અપેક્ષિત છે.

સમગ્રપણે જોતાં, 'પ્રજ્ઞા'નું ભાષા-સાહિત્ય ધો-૧-૨નાં બાળકોમાં ભાષા કૌશલ્યોનો સુંદર વિકાસ કરશે. ઉપરોક્ત બધી જ બાબતો શિક્ષક આવૃત્તિમાં સમાવિષ્ટ થયેલ છે.

આશા છે કે, આ શિક્ષક માર્ગદર્શિકા આપ સૌને વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ઉપકારક નીવડે અને નજીકના સાથી-મિત્ર તરીકે સહાયક બને. પ્રજ્ઞા અભિગમને વધુ ગતિશીલ બનાવવામાં આ શિક્ષક માર્ગદર્શિકા વધુ મદદરૂપ પુરવાર થાય એવી શુભેચ્છા. આપનાં સૂચનો આવકાર્ય છે.

- લેખકો - સંપાદકો

અનુક્રમણિકા

૧) શિક્ષક આવૃત્તિ વિશે ii

૨) ધોરણ ૧-૨ માં પ્રજ્ઞા અભિગમ v

૩) અધ્યયન નિષ્પત્તિઓ vii

૪) સંકેત પરિચય x

૫) અધ્યયન માટે અંદાજિત સમય xi

૬) વિષયવસ્તુના મુદ્દા xii

૭) સમૂહકાર્ય ૧

૮) એકમ પ્રમાણે કાર્ડની સમજૂતી

એકમ - ૧	અજબ જેવી વાત છે	૧૦૫
એકમ - ૨	આવ રે વરસાદ	૧૦૯
એકમ - ૩	મને વહાલાં મારાં બા	૧૧૩
એકમ - ૪	સંપ તો રાખવો પડે	૧૧૬
એકમ - ૫	ટોપીવાળો ફેરિયો	૧૧૯
એકમ - ૬	લાલુ અને પીલુ	૧૨૩
એકમ - ૭	ફૂલણજી દેડકો	૧૨૬
એકમ - ૮	હું પણ...	૧૨૯
એકમ - ૯	આ દાતરડું કેવું ?	૧૩૨
એકમ - ૧૦	મિત્રની મદદ	૧૩૪
એકમ - ૧૧	યજ્ઞનો ઘોડો	૧૩૭
એકમ - ૧૨	અચ્ચર આવે...	૧૪૦
એકમ - ૧૩	ચપટી વાગે પટ્ટ... પટ્ટ...	૧૪૩
એકમ - ૧૪	બચ્ચું કહે...	૧૪૫
એકમ - ૧૫	પવન અને સૂર્ય	૧૪૭
એકમ - ૧૬	લાલચનું પરિણામ	૧૪૯
એકમ - ૧૭	તું આવ મજાની ખિસકોલી	૧૫૧
એકમ - ૧૮	કંઈ એકલા ખવાય ?	૧૫૪
એકમ - ૧૯	દલો તરવાડી	૧૫૬

૯) રમે તેની રમત 159

(૧) જૂથ રચના


- **વર્ગખંડમાં કુલ ચાર જૂથ રચાશે.**

  - પહેલું જૂથ શિક્ષક સમર્થિત છે. જેના માટે ગુલાબી રંગ નક્કી કરેલ છે.
  - બીજા જૂથમાં, વિદ્યાર્થીએ શિક્ષક અથવા વિદ્યાર્થીની મદદથી કાર્ય કરવાનું છે, કાર્ડ ગોઠવવા અથવા રંગકામ, સાથીની મદદવાળી રમતો, ચિત્રકામ વગેરે જેવી બાબતો અભ્યાસક્રમમાં સમાવવામાં આવેલ છે, જેના માટે લીલો રંગ નક્કી કરેલ છે.
  - ત્રીજા જૂથમાં સ્વઅધ્યયનકાર્ય મૂકવામાં આવેલ છે, જેના માટે કથ્થાઈ રંગ નક્કી કરેલ છે.
  - ચોથા જૂથમાં વિદ્યાર્થીએ શીખેલી બાબતોનું મૂલ્યાંકન થાય તેવી બાબતો મૂકવામાં આવેલ છે. તેના માટે આસમાની રંગ પસંદ કરેલ છે.

(૨) લેડર અને અભ્યાસકાર્ડ

- લેડરએ જે-તે ધોરણની અધ્યયન નિષ્પત્તિઓને આધારે રચાયેલા અભ્યાસકાર્ડની ક્રમિક શૃંખલા છે.
- ધોરણ ૧-૨ ગુજરાતીમાં વિદ્યાર્થીએ જૂથ એકથી ચારમાં લેડરના ક્રમ મુજબ આગળ વધવાનું છે. તે પૈકી જે અભ્યાસકાર્ડ સ્વઅધ્યયનપોથી માટેના છે, તે વિદ્યાર્થીની સ્વઅધ્યયનપોથીમાં મૂકવામાં આવેલાં છે. આવાં અભ્યાસકાર્ડ અભ્યાસકાર્ડના બંચમાં આપવામાં આવેલા નથી. આવા અભ્યાસકાર્ડ 'S' થી દર્શાવેલા છે.

  દા.ત. એકમ એકમાં ૧૫ અભ્યાસકાર્ડ લેડરમાં દેખાશે, છતાં અભ્યાસકાર્ડ ક્રમ ૪, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪ અને ૧૫ એ સ્વઅધ્યયનપોથીના કાર્ડ હોવાથી આ કાર્ડ, અભ્યાસકાર્ડના બંચમાં આપવામાં આવેલ નથી.
- પ્રત્યેક અભ્યાસકાર્ડની વિશિષ્ટ ઓળખ નીચે મુજબ છે.



- અભ્યાસકાર્ડના પાછળના ભાગે એકમનો ક્રમ આપવામાં આવેલ નથી. ત્યાં માત્ર અભ્યાસકાર્ડનો ક્રમ આપવામાં આવેલ છે.
- ધોરણ ૧-૨માં વિદ્યાર્થીની સ્વઅધ્યયનપોથી વર્ગમાં જ રાખવાની છે.
- દર શનિવાર-રવિવારે વિદ્યાર્થીને સ્વઅધ્યયનપોથી ઘરે લઈ જવા આપવી.

(૩) સમૂહકાર્ય

- ધોરણ ૧ અને ૨માં વર્ગમાં મુખ્યત્ત્વે બે વખત સમૂહકાર્ય કરાવવાનું રહેશે. તે પૈકી જે-જે અભ્યાસકાર્ડમાં વાર્તા, ગીત, અભિનય વગેરે છે, તે સમૂહકાર્ય વર્ગશિક્ષણ શરૂ થયાની અંદાજિત ૩૦ મિનિટ કરાવવાનું રહેશે.
- જે અભ્યાસકાર્ડમાં ચિત્રકામ, કાગળકામ, માટીકામ કે રમતો છે, તેવી બાબતો વર્ગશિક્ષણના છેલ્લા ભાગ પહેલાંની ૩૦ મિનિટમાં કરાવવી.
- સમૂહકાર્યમાં વર્ગખંડ બહારની મેદાની રમતો માટે વર્ગશિક્ષણની છેલ્લી ૩૦ મિનિટ ફાળવવી.
- આ ઉપરાંત સમૂહકાર્ય માટે વાર્તા, બાળગીત, કાવ્ય જેવી બાબતો શિક્ષક આવૃત્તિમાં મૂકવામાં આવેલ છે. વર્ગના વિદ્યાર્થીઓ જે એકમની આસપાસ હોય તે એકમને સંબંધિત સમૂહકાર્ય કરાવવાનું રહેશે.
- સમૂહકાર્યનું પુનરાવર્તન વર્ગમાં કેટલી વખત કરાવવું તેની સ્વતંત્રતા આપના ઉપર છોડવામાં આવે છે. છતાં, વિદ્યાર્થીઓ સમૂહકાર્યની બાબતો સારી રીતે સમજે અને શીખે તેટલી વખત પુનરાવર્તન કરાવવું જરૂરી બનશે.
- કુલ સંખ્યાના પ્રમાણમાં પૂર્વ તૈયારી અત્યંત જરૂરી બાબત છે.

(૪) વર્ગ શિક્ષણની શરૂઆત

(૧) પ્રજ્ઞાવર્ગમાં વિષય શિક્ષણ રહેશે. જેમાં એક દિવસ ગુજરાતી તો બીજા દિવસે ગણિત શીખવવાનું રહેશે. આ ક્રમ આખું સપ્તાહ ચાલશે.

(૨) વર્ગમાં આપવામાં આવેલ પ્રજ્ઞા અભિગમનું સાહિત્ય ગોઠવવું. જેમ કે, ચાર જૂથ માટેના સંકેતો (રંગો) દીવાલ ઉપર ક્લૉક વાઇઝ / એન્ટી ક્લૉક વાઇઝ વિદ્યાર્થી સરળતાથી જોઈ શકે તેટલી ઊંચાઈએ લગાડવા.

(૩) શરૂઆતના સમયમાં જરૂરી એકમના અભ્યાસકાર્ડ ખુલ્લાં મૂકવાં. વર્ગના તમામ વિદ્યાર્થીઓનો આખો એકમ પૂરો થાય પછી જે-તે એકમના અભ્યાસકાર્ડ ટ્રેમાંથી લેવાં.

(૪) પ્રજ્ઞા અભિગમમાં વ્યક્તિગત શિક્ષણને પ્રાધાન્ય હોવાથી વર્ગની શરૂઆતથી જ એક-એક વિદ્યાર્થી વ્યક્તિગત રીતે અભ્યાસકાર્ડ લઈ આગળ વધે તેમ પ્રારંભિક જૂથ વિભાજન કરવું.

(૫) વિદ્યાર્થીનું જે-તે અભ્યાસકાર્ડ પૂર્ણ થાય કે તુરંત પ્રગતિમાપન રજિસ્ટરમાં ટીક કરવું.

(૬) વિદ્યાર્થીનું સ્વઅધ્યયનપોથીનું કાર્ય જે-તે સમયે જ ચકાસાય તથા તેમાં જરૂરી અનુકાર્ય થાય તે અપેક્ષિત છે.

(૭) જે-જે અભ્યાસકાર્ડમાં TLM બોક્ષ દોરેલ છે ત્યાં, કાર્ડને અનુરૂપ TLM (શીખવા-શીખવવાની સામગ્રી) ઉપલબ્ધ રાખવી. અભ્યાસકાર્ડમાં દર્શાવેલ હોય તેવું જ TLM હોય તે જરૂરી નથી. અધ્યયન નિષ્પત્તિના હેતુને સિદ્ધ કરતું TLM સ્થાનિક સંસાધનમાંથી પણ બનાવી કે મેળવી શકાય.

(૮) જે-જે અભ્યાસકાર્ડમાં એક વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીની મદદની જરૂર છે ત્યાં તે જ અભ્યાસકાર્ડમાં આગળ વધેલ વિદ્યાર્થીની મદદ લેવા જણાવવું.

(૯) પ્રત્યેક દિવસનું શિક્ષણ કાર્ય કુલ ચાર ભાગમાં કરાવવું.

i) સમૂહકાર્ય-૧ (વર્ગકાર્યની શરૂઆતની ૩૦ મિનિટ)

ii) અભ્યાસકાર્ડ દ્વારા વ્યક્તિગત શિક્ષણકાર્ય (સમૂહકાર્ય - ૧ અને સમૂહકાર્ય - ૨ ની વચ્ચેનો સમય)

iii) સમૂહકાર્ય-૨(શાળાનો સમય પૂરો થવાના છેલ્લા એક કલાકમાંથી ૩૦ મિનિટ)

iv) રમે તેની રમત (શાળા સમયની છેલ્લી ૩૦ મિનિટ)

અધ્યયન નિષ્પત્તિઓ

ધોરણઃ ૧

૧. જોડકણાં અને ગીતો ગાય છે.

૨. એકાગ્રતાપૂર્વક સાંભળીને સમજે છે.

૩. ચિત્રનું વર્ણન કરે છે.

૪. મુલાકાત લીધેલાં સ્થળો વિશે ચર્ચા કરે છે.

૫. વાર્તાકથન કરે છે.

૬. પશુ-પક્ષીઓ અને તેમના અવાજને ઓળખે છે.

૭. સરળ મૌખિક સૂચના સમજે છે.

૮. વિગતને અનુરૂપ જવાબ આપે છે.

૯. મૂળાક્ષરો અને માત્રાઓ (સ્વર સંજ્ઞાઓ) વાંચે છે.

૧૦. મૂળાક્ષરો અને માત્રાઓ (સ્વર સંજ્ઞાઓ) લખે છે.

૧૧. સાદા શબ્દો સાંભળીને લખે છે.

૧૨. શબ્દો અને વાક્યો વાંચે છે.

૧૩. શરીરના ભાગો અને તેનાં કાર્યો જાણે છે.

૧૪. આસપાસના પર્યાવરણની માહિતી કહે છે.

૧૫. કારીગરો અને તેના વ્યવસાયોને ઓળખે છે.

૧૬. વસ્તુઓના ગુણધર્મોને આધારે સરખામણી કરે છે.

૧૭. શબ્દોને ચિત્રો સાથે જોડે છે.

૧૮. પરિચિત વસ્તુઓને ચિત્રમાં ઓળખે છે.

૧૯. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.

૨૦. વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.

અધ્યયન નિષ્પત્તિઓ

ધોરણ: ૨

૧. જોડકણાં અને ગીતો ગાય છે.

૨. વાર્તાકથન કરે છે.

૩. વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.

૪. દિશાઓ ઓળખે છે.

૫. સાંભળેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.

૬. વિગતને અનુરૂપ પ્રશ્નોના જવાબ આપે છે.

૭. મોટેથી વાંચે છે. (મુખ વાંચન)

૮. અપરિચિત વાક્યોનું અનુલેખન કરે છે.

૯. પરિચિત શબ્દો અને વાક્યોનું શ્રુતલેખન કરે છે.

૧૦. નવા શબ્દોના અર્થ જાણે છે.

૧૧. પશુઓ, પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે.

૧૨. પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.

૧૩. સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.

૧૪. રાષ્ટ્રગીત ગાય છે.

૧૫. આહારના સંદર્ભમાં સારી-નરસી ટેવો વિશે સમજે છે.

૧૬. વનસ્પતિના વિવિધ ભાગો અંગે જણાવે છે.

૧૭. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.

૧૮. શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ / ટૂંકાં વાક્યો લખે છે.

૧૯. વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.

૨૦. વાર્તાનાં પાત્રો સાથે ભાવનાત્મક જોડાણ અનુભવે છે.

૨૧. વાર્તા અને કાવ્ય વિશે લેખિત / ચિત્રાત્મક / સાંકેતિક રીતે પ્રતિભાવ આપે છે.

૨૨. વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.

૨૩. શિક્ષક વડે મોટેથી વંચાતી સામગ્રી ધ્યાનથી સાંભળીને સમજે છે જેમ કે, સમાચાર પત્રના બાળ વિભાગની સામગ્રી.

દરેક એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ...

ધોરણ: ૧

૧. જોડકણાં અને ગીતો ગાય છે.

૨. એકાગ્રતાપૂર્વક સાંભળીને સમજે છે.

૩. ચિત્રનું વર્ણન કરે છે.

૪. વાર્તાકથન કરે છે.

૫. સરળ મૌખિક સૂચના સમજે છે.

૬. વિગતને અનુરૂપ જવાબ આપે છે.

૭. શબ્દોને ચિત્રો સાથે જોડે છે.

૮. પરિચિત વસ્તુઓને ચિત્રમાં ઓળખે છે.

ધોરણ: ૨

૧. જોડકણાં અને ગીતો ગાય છે.

૨. વાર્તાકથન કરે છે.

૩. સાંભળેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.

૪. વિગતને અનુરૂપ પ્રશ્નોના જવાબ આપે છે.

૫. મોટેથી વાંચે છે. (મુખ વાંચન)

૬. અપરિચિત વાક્યોનું અનુલેખન કરે છે.

૭. પરિચિત શબ્દો અને વાક્યોનું શ્રુતલેખન કરે છે.

૮. નવા શબ્દોના અર્થ જાણે છે.



૯. શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ / ટૂંકાં વાક્યો લખે છે.

૧૦. વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.

૧૧. વાર્તાનાં પાત્રો સાથે ભાવનાત્મક જોડાણ અનુભવે છે.

૧૨. વાર્તા અને કાવ્ય વિશે લેખિત / ચિત્રાત્મક / સાંકેતિક / મૌખિક રીતે પ્રતિભાવ આપે છે.

સંકેત પરિચય

ક્રમ	જૂથ સંકેત	જૂથનું નામ	જૂથનો ક્રમ	સમાવિષ્ટ વિષયવસ્તુ	ચિહ્નોનો ઉપયોગ	
					ધોરણ-૧	ધોરણ-૨
૧		શિક્ષક સમર્થિત જૂથ	૧	સંકલ્પના સ્પષ્ટીકરણ	૨૯	૨૩
૨		સાથી સમર્થિત જૂથ	૨	સંકલ્પના આધારિત મહાવરો	૨૬	૨૯
૩		સ્વઅધ્યયન જૂથ	૩	શીખેલી બાબતનું સ્વઅધ્યયન કાર્ય	૩૨	૩૨
૪		મૂલ્યાંકન જૂથ	૪	શીખેલી બાબતનું મૂલ્યાંકન	૧૮	૨૮
૫		સ્વઅધ્યયનપોથી	–		૪૫	૫૮
૬		ટી.એલ.એમ.	–		૧૨	૦૨

- જૂથ-૧ અને જૂથ-૨માં શિક્ષક ઇચ્છે તો તેના પેટા જૂથ કરી શકે છે.

ગુજરાતી ધોરણ ૧/૨ સમૂહકાર્ય અને એકમ અધ્યયન આયોજન

ક્રમ	અંદાજિત માસ	ધોરણ-૧	સંભવિત દિવસ
૧.	જૂન	શાળા તત્પરતા	૨૨
૨.	જુલાઈ	એકમ -૧	૧૩
૩.	ઑગસ્ટ	એકમ -૨	૧૦
૪.	સપ્ટેમ્બર	એકમ -૩	૧૩
૫.	ઑક્ટોબર	એકમ -૪	૧૦
૬.	ડિસેમ્બર	એકમ -૫	૧૦
૭.	જાન્યુઆરી	એકમ -૬	૧૦
૮.	ફેબ્રુઆરી	એકમ -૭	૧૦
૯.	માર્ચ	એકમ નંબર-૮	૧૦

ક્રમ	અંદાજિત માસ	ધોરણ-૨	સંભવિત દિવસ
૧.	જૂન	શાળા તત્પરતા	૨૨
૨.	જુલાઈ	એકમ -૯	૦૫
૩.	જુલાઈ	એકમ -૧૦	૧૨
૪.	ઑગસ્ટ	એકમ -૧૧	૧૩
૫.	સપ્ટેમ્બર	એકમ -૧૨	૧૨
૬.	ઑક્ટોબર	એકમ -૧૩	૧૩
૭.	ડિસેમ્બર	એકમ -૧૪	૧૦
૮.	ડિસેમ્બર	એકમ -૧૫	૧૦
૯.	જાન્યુઆરી	એકમ -૧૬	૧૦
	જાન્યુઆરી	એકમ -૧૭	૦૭
	ફેબ્રુઆરી	એકમ -૧૮	૦૮
	માર્ચ	એકમ -૧૯	૧૦

વિષયવસ્તુના મુદ્દા

ધોરણ-૧ના ગુજરાતીમાં 'એકમ' પ્રમાણે વિષયવસ્તુના મુદ્દા

એકમ	અભ્યાસક્રમના મુદ્દા
	શાળા તત્પરતા
૧	ગ, મ, ન, જ, ા (કાનો)
૨	વ, ર, સ, દ, ે (માત્રા)
૩	ક, બ, અ, છ, એ, આ
૪	પ, ડ, ત, ણ, ઈ, િ, ઈ, ી
૫	લ, ટ, ચ, ખ, ૈ (બે માત્રા)
૬	ઝ, હ, ઘ, ળ, ઉ, ુ , ઊ, ૂ
૭	ભ, ય, ધ, ફ, ો, ૌ
૮	ઢ, ઠ, શ, થ, ં

ધોરણ-૨ના ગુજરાતીમાં 'એકમ' પ્રમાણે વિષયવસ્તુના મુદ્દા

૯	ધોરણ-૧માં શીખેલા મૂળાક્ષરો તથા કૌશલ્યોનું પુનરાવર્તન
૧૦	ષ, ત્ર, જ્ઞ
૧૧	ક્ષ, શ્ર, ઋ, રૂ
૧૨	સદંડી મૂળાક્ષરોના જોડાક્ષરો
૧૩	દંડરહિત સમાન મૂળાક્ષરોના જોડાક્ષરો
૧૪	દંડરહિત અને સદંડી અસમાન મૂળાક્ષરોના જોડાક્ષર
૧૫	'ર' કાર (પૃ, પ્ર, ર્પ,)
૧૬	વ્યાવહારિક વ્યાકરણ (ઉપસર્ગ, પૂર્વગ)
૧૭	વ્યાવહારિક વ્યાકરણ (સંવાદો, પ્રશ્નો)
૧૮	વ્યાવહારિક વ્યાકરણ (સમાનાર્થી, વિરુદ્ધાર્થી, લિંગ પરિવર્તન)
૧૯	વ્યાવહારિક વ્યાકરણ (પ્રત્યય, દઢીકરણ)

પ્રજ્ઞા અભિગમ અંતર્ગત સમૂહકાર્ય

પ્રજ્ઞા અભિગમના પાયારૂપ સિદ્ધાંતો નીચે મુજબ છે :

- દરેક બાળકની શીખવાની ગતિ અલગ અલગ હોય છે.
- દરેક બાળકનું સ્તર પણ અલગ અલગ હોય છે.
- બાળક શિક્ષક પાસેથી શીખે છે એ જ રીતે બીજાં બાળકોની મદદથી અને સામગ્રીની મદદથી પણ શીખે છે.
- દરેક બાળક નવી બાબત શીખે એટલે તરત જ એ બાબતનો પૂરતો મહાવરો આપવો જોઈએ અને ત્યારબાદ બાળક જે તે બાબત બરાબર શીખી ગયું કે છે કે નહીં તે ચકાસવા મૂલ્યાંકન પણ થવું જોઈએ.

આપણે જાણીએ છીએ કે પ્રજ્ઞા અભિગમ બાળકોને વ્યક્તિગત શિક્ષણ આપવા પર મહત્તમ ભાર મૂકે છે. તેમ છતાં અગાઉના આપણા સહિયારા અનુભવે જણાયું છે કે શિક્ષકે કેટલીક પ્રવૃત્તિઓ સમૂહમાં કરાવવી પડે છે. અમુક પ્રવૃત્તિઓ એકલદોકલ બાળક માટે કરવાનું શિક્ષક માટે મુશ્કેલ બને છે. દા.ત. અભિનય ગીત, વાર્તાકથન, વાર્તા કે ઘટના આધારિત પ્રશ્નોત્તરી વગેરે. અગાઉના પ્રજ્ઞા સાહિત્યમાં આ બધી પ્રવૃત્તિઓ માટેનાં અલગ કાર્ડ હતાં. જેથી બાળક પોતાના શીખવાના ક્રમ મુજબ જે તે કાર્ડ લઈને આવે ત્યારે એ પ્રવૃત્તિ કરાવવી પડતી. જે શિક્ષકો માટે થોડુંક મુશ્કેલ બનતું. અલબત્ત, આ અગાઉનાં વર્ષોમાં યોજાયેલ શિક્ષક તાલીમ દરમિયાન એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ગીત, વાર્તા, નાટક, અભિનયગીત વગેરે જેવી પ્રવૃત્તિઓ આખા વર્ગનાં તમામ બાળકોને એક સાથે કરાવવી.

અભિનય ગીત અને વાર્તાકથન જેવી પ્રવૃત્તિઓ નવા પ્રજ્ઞા સાહિત્યમાં શિક્ષક આવૃત્તિમાં જ આપવામાં આવી છે, એનાં અલગ અભ્યાસકાર્ડ નથી. શિક્ષકઆવૃત્તિમાં સમાવિષ્ટ આ પ્રવૃત્તિઓ બાળકોને સમૂહમાં કરાવવાની છે. નવા પ્રજ્ઞા સાહિત્યમાં સમૂહમાં કરાવવાની પ્રવૃત્તિઓને મુખ્યત્વે બે ભાગમાં આપી છેઃ સમૂહકાર્ય-૧ અને સમૂહકાર્ય-૨.

- સમૂહકાર્ય-૧ ની પ્રવૃત્તિઓ દરરોજ દિવસની શરૂઆતમાં કરાવવાની છે.
- સમૂહકાર્ય-૨ ની પ્રવૃત્તિઓ બપોર પછીના ભાગમાં કરાવવાની છે.

સમૂહકાર્ય-૧ :

દરરોજ દિવસની શરૂઆત આનંદદાયી પ્રવૃત્તિ દ્વારા થાય એ માટે વાર્તા, ગીત, અભિનય ગીત, નાટક વગેરે જેવી મૌખિક કાર્ય સંબંધિત પ્રવૃત્તિઓ સમૂહકાર્ય-૧ અંતર્ગત આપવામાં આવી છે.

આ પ્રવૃત્તિઓ અહીં એકમવાર આપવામાં આવી છે. એટલે શિક્ષણકાર્ય દરમિયાન ધ્યાન રાખવું કે મોટાભાગનાં બાળકો જે એકમ ભણતાં હોય તે એકમ સંબંધિત પ્રવૃત્તિઓ વર્ગમાં કરાવવી. દરેક વર્ગમાં જે તે વિષયખંડમાં ધોરણ ૧ અને ૨ એમ બંને ધોરણનાં બાળકો હશે. તેથી, બંને ધોરણના સંબંધિત એકમની પ્રવૃત્તિઓ કરવી. બધાં જ બાળકો આ મૌખિક પ્રવૃત્તિઓમાં ભાગ લેશે. દા.ત. ધોરણ-૨ નાં બાળકો માટેની વાર્તા ધોરણ ૧ નાં બાળકો પણ સાંભળશે અને વાર્તા આધારિત પ્રશ્નોત્તરીમાં પણ ભાગ લેશે.

- **ગીત અને વાર્તા આધારિત પ્રશ્નોત્તરી :**

બાળકોમાં ભાષા વિકાસ અને તર્ક વિકાસ થાય એ માટે દરેક બાળક પ્રશ્નોત્તરીમાં જોડાય તે જરૂરી છે.

અહીં પ્રશ્નોત્તરી અંતર્ગત આપવામાં આવેલા પ્રશ્નો માત્ર માહિતી આધારિત નથી, કલ્પના અને તર્ક આધારિત છે. મોટાભાગના પ્રશ્નો એવા છે જેના જવાબો અલગ અલગ હોય અને સાચા પણ હોય. દા.ત. 'તમારી પાસે ૧૦ રૂપિયા હોય તો તમે શું શું ખરીદો?' અથવા 'તમારા ઘરે તમને કોણ કોણ વાર્તા કહે છે?' વગેરે. આપ જોઈ

શકશો કે દરેક બાળકનો જવાબ જુદો હશે તો પણ સાચો હશે.

ટૂંકમાં, આપણો પ્રયાસ છે કે બાળકો બોલતાં થાય, વિચારીને બોલતાં થાય, પોતે જે જવાબ આપે છે એ જવાબ પાછળ શું તર્ક છે એ જણાવતાં થાય વગેરે.

શરૂઆતમાં એવું બનશે કે કેટલાંક બાળકો પ્રશ્નોના જવાબ નહીં આપે. શરમાતાં હશે અથવા જવાબ ખોટો પડવાના ડરને લીધે મૌન રહેતાં હશે. શિક્ષક તરીકે આપણે આવાં બાળકોનો ડર અને શરમ દૂર કરવાનો પ્રયત્ન કરીશું.

આપણે પૂછેલા કોઈ પ્રશ્નનો જવાબ બાળકો ન આપી શકે તો આપણે એ જ પ્રશ્નને બીજી રીતે પૂછીશું, કેટલાક પેટા પ્રશ્નો પૂછીશું અથવા બાળકને જવાબની નજીક લઈ જાય તેવા બીજા પ્રશ્નો પૂછીશું... પણ જવાબ બાળકો જ આપે તેવો આગ્રહ રાખીશું, શિક્ષક તરીકે આપણે જવાબ આપવાનો નથી એનો સતત ખ્યાલ રાખીશું. બાળકો જવાબ આપે તે માટે તેમને પ્રોત્સાહિત કરતા રહીશું, ધીરજ રાખીશું. પ્રશ્નોત્તરી દરમિયાન શિક્ષક તરીકેની આપણી ધીરજ, બાળકોના વિકાસમાં ગતિ લાવશે !

સમૂહકાર્ય-૨

સમૂહકાર્ય -૨ માં મોટેભાગે વાચન-લેખન-ગણન અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આપણો અગાઉનો અનુભવ છે કે શ્રુતલેખન, સ્વતંત્ર લેખન, પલાખાં વગરે બાળકોને સમૂહમાં કરાવીએ તો શિક્ષકપક્ષે વધુ સરળતા રહે છે. આ ઉપરાંત, સર્જનાત્મક પ્રવૃત્તિઓ જેવી કે ચીટક કામ, રંગપૂરણી, મણકા પરોવવા, ચિત્રો દોરવાં, ભાષા કે ગણિતના વિષયવસ્તુ સંબંધિત રમતો વગેરે પ્રવૃત્તિઓ પણ સમૂહમાં કરાવવી જોઈએ. આ અગાઉ આવી બધી પ્રવૃત્તિઓને આપણે 'સપ્તરંગી' પ્રવૃત્તિઓ તરીકે ઓળખતા હતા અને ગણિત શિક્ષક દરરોજ બપોર પછી આ પ્રવૃત્તિઓ કરાવતા હતા. આ નવા સાહિત્યમાં 'સપ્તરંગી પ્રવૃત્તિઓ'ને બંને વિષય સાથે જ જોડવામાં આવી છે, અલગ વિષય તરીકે મૂકી નથી. તેથી, ભાષા અને ગણિત એમ બંને વર્ગમાં આ પ્રવૃત્તિઓ થશે.

મૂળાક્ષરઓળખ, વાચન, લેખન, ગણન વગેરેને સમાવતી આ પ્રવૃત્તિઓ પણ એકમવાર આપવામાં આવી છે. આ પ્રવૃત્તિઓ સમૂહમાં કરાવતી વખતે એ ધ્યાન રાખવું કે ધોરણ ૧ અને ૨ નાં બાળકો માટે આ પ્રવૃત્તિઓ અલગ અલગ હોય. આ ઉપરાંત, મોટાભાગનાં બાળકો જે એકમ શીખતાં હોય તે એકમની પ્રવૃત્તિઓ કરાવવી.

દરેક બાળકો અત્યારે કયા એકમ સુધી શીખી ગયાં છે એની જાણકારી અને જાગૃતિ શિક્ષકપક્ષે હોવાથી વાચન, લેખન અને ગણનની પ્રવૃત્તિ વખતે જે તે બાળકને ધ્યાનમાં રાખીને એમના કાર્યની ચકાસણી કરવી. દા.ત. ધોરણ-૧ નાં મોટાભાગનાં બાળકો ભાષાનો ત્રીજો એકમ શીખી રહ્યાં હોય ત્યારે બાળકોએ ક,બ,અ છ મૂળાક્ષરનો ઉપયોગ થયો હોય એવા શબ્દો વાંચવાના કે લખવાના હશે. જો કોઈ બાળક હજી બીજા એકમ સુધી જ શીખ્યું હોય તો તે 'સામાન' શબ્દ વાંચી કે લખી શકે પણ 'સાકર' શબ્દ ન વાંચી શકે કારણ કે હજી 'ક' શીખવાનો બાકી છે. આમ, બાળકના લેખનની ચકાસણી વખતે આપણે ધ્યાન રાખીએ અને બાળકને પ્રોત્સાહિત કરીએ કે થોડા દિવસમાં તું આ શબ્દ પણ વાંચી શકીશ !

સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકો નાના નાના જૂથમાં કરે એમ પણ ગોઠવી શકાય અને વ્યક્તિગત કરે એમ પણ ગોઠવી શકાય. આપણો પ્રયાસ એવો હોવો જોઈએ કે પ્રત્યેક બાળક પ્રત્યેક અધ્યયન અનુભવમાંથી પસાર થાય.

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

વિદ્યાર્થી નિશાળે દાખલ થાય ત્યારે એક નવા વાતાવરણમાં દાખલ થતું હોય છે. તેને પાઠયપુસ્તક જેવાં નિર્જીવ સાધનો પકડાવી દેવા કરતાં તેની સાથે વાતો કરવાનો મોકો મળે, તે શિક્ષક સાથે જોડાણ અનુભવી શકે તેવી સ્થિતિનું નિર્માણ કરવું એ શિક્ષકની મહત્ત્વની જવાબદારી છે.

શિક્ષક તરીકે આપણે પણ તેના વિશે જાણી શકીએ તે માટે આ પ્રવૃત્તિઓનું અહીં આયોજન કર્યું છે.

અહીં આપેલી વાર્તાઓ એક સાથે કહી દેવાને બદલે વિદ્યાર્થીઓને ગમી જાય એ રીતે એમના સમયે કહેતા રહો. અહીં વાર્તા નીચે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તે વિદ્યાર્થીઓનો આનંદ ટકી રહે તેમ પૂછવા પરંતુ જો વિદ્યાર્થીઓ અંદરોઅંદર એ વાર્તાની વાતો કરવા માંડે તો તેવા સમયે એ પ્રશ્નો પૂછવાનું ટાળવું. બીજા કોઈક સમયે એ વાર્તા ફરી કહીને પ્રશ્નો પૂછવા.

વાર્તાઓ :

૧. 'ચાંદો પકડ્યો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

ચાંદો પકડ્યો

એક જંગલ હતું. જંગલમાં વાંદરાઓનું એક ટોળું રહે. વાંદરાઓ આખો દિવસ એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદાકૂદ કરે. જંગલમાં આમતેમ ફરતા રહે. ફળો ખાઈ પેટ ભરે.

ટોળામાં થોડાં બચ્ચાં હતાં. બચ્ચાં તો બસ તોફાન જ કરે. ડાળી પર ઊંધાં લટકે. એકબીજાની પૂંછડી ખેંચે. એકબીજાને ટપલી મારે. હૂપાહૂપ કરી મૂકે. અંધારું થાય તો પણ જંપે નહીં.

એક દિવસની વાત છે. ચાંદની રાત હતી. તળાવને કાંઠે એક ઝાડ હતું. ઝાડ પર બધા વાંદરા ઊંઘતા હતા. એક તોફાની બચ્ચું જાગતું હતું. એણે તળાવમાં ગોળ મોટો ચાંદો જોયો. એણે બીજાં બચ્ચાંને ધીમેથી જગાડ્યાં. બધાંને થયું કે આ તો મોટું ફળ ! પણ એને બહાર કાઢવું કઈ રીતે ?

એક બચ્ચાને યુક્તિ સૂઝી. તે ઝાડની ડાળી પકડીને લટક્યું. તેની પૂંછડી પકડી બીજું બચ્ચું લટક્યું. આમ, એક પછી એક પૂંછડી પકડીને લટકવા લાગ્યાં. છેલ્લું બચ્ચું પાણી સુધી પહોંચ્યું. તે ચાંદાને પકડે તે પહેલાં ઉપરના બચ્ચાની હાથની પકડ છૂટી ગઈ. બધા જ ધબાક કરતાં પાણીમાં પડ્યાં.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે વાંદરો જોયો છે ? ક્યાં જોયો હતો ? એ શું કરતો હતો ?

૨. બચ્ચાં કેવાં કેવાં તોફાન કરતાં હતાં ?

૩. તમે કેવાં કેવાં તોફાન કરો છો ?

૪. પાણીમાં ચાંદો કોણે નાખ્યો હતો ?

૫. તમે નહાતી વખતે પાણીમાં જુઓ તો તમને શું દેખાય છે ?

- 'વાંદરાની પૂંછડી' વાળી રમત રમાડવી.

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

૨. **'લપલપિયો કાચબો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

લપલપિયો કાચબો

એક તળાવ હતું. તળાવમાં એક કાચબો રહે. તેને બોલ-બોલ કરવાની ટેવ. કોઈ ન મળે તો એકલો-એકલો પણ બોલ્યા કરે. એકવાર માનસરોવરના બે હંસો તળાવ પાસે આવ્યા. એમને તો તળાવ ગમી ગયું. એ તો તળાવકાંઠે જ રહી ગયા. પેલા ભડભડિયા કાચબાને તો હંસો સાથે ભાઈબંધી થઈ ગઈ. કાચબો હંસો સાથે ફરવા જાય, તરવા જાય. કાચબો વાતો કહ્યા કરે, હંસો વાતો સાંભળ્યા કરે.

ઉનાળો આવ્યો એટલે હંસો માનસરોવર જવા તૈયાર થયા. કાચબાને માનસરોવર જોવાનું મન થઈ ગયું. એણે તો ભાઈ હંસોને કહ્યું "મારે આવવું છે, મારે માનસરોવર જોવું છે !" હંસો કહે : "પણ, અમે તને કેમ કરીને લઈ જઈએ ? તને ઊડતાં તો આવડતું નથી !"

કાચબો કહે : "કોઈ ઉપાય કરીને પણ મને લઈ જાઓ ! હવે તો આપણે ભાઈબંધો કહેવાઈએ !"

હંસોએ એક ઉપાય કર્યો. એ તો એક લાકડી લઈ આવ્યા. લાકડીને બે છેડેથી ચાંચ વડે પકડી. કાચબાને મોંઢા વડે વચ્ચેથી લાકડી પકડાવી. સાથે-સાથે એમણે શરત કરી. કાચબાને કહ્યું કે, "તારે બોલ બોલ કરવાની ટેવને ભૂલવી પડશે. ખબરદાર જો મોંઢું ખોલ્યું છે તો !"

માનસરોવર જોવાની લાલચને લીધે કાચબાએ શરતને કબૂલ રાખી.

હંસો તો ભાઈ ચાંચોમાં લાકડી પકડીને ઊડ્યા. સાથે કાચબાભાઈ પણ ! રસ્તામાં મોટાં-મોટાં જંગલો, મોટાં-મોટાં સરોવરો ને મોટા-મોટા પહાડો આવ્યા. મોટી-મોટી નદીઓ પણ આવી. રસ્તામાં એક ગામ પણ આવ્યું. ગામ લોકોએ ઊંચે નજર કરી. કાચબાભાઈને ઊડતા જોઈ સહુ હસવા લાગ્યા. કાચબાભાઈની નજર પડી. એમને થયું, ગામલોકોને કંઈક સંભળાવું ! પણ, જેવા કંઈક બોલવા ગયા એવી જ લાકડી છૂટી ગઈ અને જમીન પર પડ્યા.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમને ઊડતાં આવડે છે ?

૨. તમારી પાંખો ક્યાં ગઈ ?

૩. હંસોએ કાચબાને કેવી રીતે આકાશમાં ઉડાડ્યો ?

૪. કાચબો હંસો સાથે શું વાતો કરતો હશે ?

૫. તમે કોની સાથે વધારે વાતો કરો છો ?

૬. કાચબાભાઈ પડ્યા ત્યારે કેવો અવાજ આવ્યો હશે ?

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

૩. **'ઉંદર સાત પૂંછડિયો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

ઉંદર સાત પૂંછડિયો

એક ઉંદરડીના નાના બચ્ચાને સાત પૂંછડી હતી. ઉંદરડી તેનું બહુ જતન કરતી હતી. એ સાત પૂંછડિયો ઉંદર થોડો મોટો થયો એટલે તેની માએ એને નિશાળે ભણવા મોકલ્યો. નિશાળમાં છોકરાઓને ઉંદરની સાત પૂંછડીઓ જોઈને રમૂજ થઈ. છોકરાઓ ઉંદરને ખીજવવા લાગ્યા. 'ઉંદર સાત પૂંછડિયો ! ઉંદર સાત પૂંછડિયો !' છોકરાઓના મોંઢે આવું સાંભળી ઉંદર રડતો રડતો ઘેર આવ્યો.

ઉંદરડીમા એ પૂછ્યું - બેટા રડે છે કેમ ? ઉંદર કહે - મા નિશાળમાં મને છોકરાઓ 'સાત પૂંછડિયો' કહીને ખીજવે છે. ઉંદરડીમા કહે - બેટા, એમાં રડવાનું ન હોય. જા વાળંદ પાસે જા. એક પૂંછડી કપાવી આવ. માની વાત સાંભળીને ઉંદર વાળંદ પાસે એક પૂંછડી કપાવી આવ્યો.

ઉંદર બીજે દિવસે નિશાળે ગયો. છોકરાઓ બરાબર પૂંછડીઓ ગણી પાછા ખીજવવા લાગ્યા. 'ઉંદર છ પૂંછડિયો ! ઉંદર છ પૂંછડિયો !' ઉંદર નિશાળમાંથી ભાગ્યો અને ઘેર આવી માને કહે - મા મને તો હજુ છોકરાઓ 'ઉંદર છ પૂંછડિયો' કહીને ખીજવે છે. મા કહે - કાંઈ વાંધો નહિ. જા એક પૂંછડી કપાવી આવ.

ઉંદર વળી પાછો એક પૂંછડી કપાવી આવ્યો. આમ ઉંદર દરરોજ એક પૂંછડી કપાવે. એમ કરતાં કરતાં ઉંદરને એક જ પૂંછડી રહી. તો પણ નિશાળમાં બધાં છોકરાઓએ ઉંદરને ખીજવ્યો. 'ઉંદર એક પૂંછડિયો ! ઉંદર એક પૂંછડિયો !' છોકરાઓથી કંટાળીને ઉંદરે ઘેર આવી માને પૂછ્યા વિના બાકીની છેલ્લી પૂંછડી પણ જાતે કાપી નાખી. પછી અરીસામાં જોયું ને બોલ્યો - હવે મારે પૂંછડી જ નથી. એટલે છોકરાઓ મને ખીજવી નહિ શકે. બીજે દિવસે ઉંદર નિશાળે ગયો તો છોકરાઓને વધારે ગમ્મત પડી. એ તો ઉંદરને ઘેરી વળીને ખીજવવા લાગ્યા. 'ઉંદર બાંડો ! ઉંદર બાંડો !'

ઉંદરે ઘેર આવી માને ફરિયાદ કરી. ઉંદરડીમા કહે - બેટા, તારે તારી બધી પૂછડીઓ કપાવી નાખવાની જરૂર ન હતી. બધા ઉંદરને એક પૂંછડી તો હોય જ. ઉંદર રડતાં રડતાં બોલ્યો - 'માં, ગમે તેમ કર, પણ મને મારી પૂંછડી પાછી કરી આપ.' માંએ દોડતાં જઈને ઓરડામાંથી પૂંછડી લઈને ઉંદરને ફરી સરસ રીતે લગાવી આપી અને કહ્યું કે, 'હવે પછી છોકરાંઓને જે બોલવું હોય તે ભલે બોલે પણ તું તેના તરફ બિલકુલ ધ્યાન આપીશ નહિ.'

ઉંદરભાઈ તો પછી રોજ નિશાળે જવા લાગ્યા અને માત્ર ભણવામાં ધ્યાન આપવા લાગ્યા. છોકરાઓએ થોડા દિવસ સુધી ઉંદરને ખીજવવાની કોશિશ કરી જોઈ પણ ઉંદરે તો તેમના તરફ કોઈ ધ્યાન આપ્યું નહિ એટલે એમણે પણ ઉંદરને હેરાન કરવાનું છોડી દીધું. પછી ઉંદરભાઈ તો ખૂબ ભણી-ગણીને પહેલા નંબરે પાસ થઈ ગયા અને બધા છોકરાઓ કરતાં આગળ નીકળી ગયા !

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. ઉંદર સાત પૂંછડીથી શું શું કરતો હશે ?

૨. એવો ઉંદર આપણા ઘરમાં આવી જાય તો તમે શું કરો ?

૩. તમને કોણ કોણ ખીજવે છે ?

૪. તમે કોને ખીજવો છો ?

૫. સૌથી લાંબી પૂંછડી કોની હશે ?

૬. પૂંછડી કોને કોને હોય છે ?

૪. 'લાલચુ કૂતરો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

લાલચુ કૂતરો

એક કૂતરો હતો. તે ભારે લાલચુ અને ઝઘડાખોર હતો. તે ઘણી વખત પોતાનાથી નબળાં કૂતરાં પાસેથી ખાવાનું પડાવી લેતો હતો. એક દિવસ તેને એક રોટલો મળ્યો ને તે રાજી રાજી થઈ ગયો. તેણે રોટલો મોંમાં લીધો. તેને થયું, થોડે દૂર જઈને નિરાંતે રોટલો ખાઈશ. તે ભાગ્યો અને દોડતો દોડતો ગામના છેવાડે પહોંચી ગયો. ત્યાં નદી વહેતી હતી.

વધુ સલામત જગાએ પહોંચવા તે નદી ઓળંગીને સામેના કિનારે જવા તૈયાર થયો. કૂતરાની નજર નદીના પાણીમાં ગઈ. તેણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. પ્રતિબિંબ જોઈને તેને લાગ્યું કે નીચે બીજો કૂતરો ઊભો છે અને તેના મોંમાં પણ રોટલો છે.

બીજા કૂતરાના મોમાં રોટલાને જોઈને તેને લાલચ થઈ આવી કે લાવ આ કૂતરાનો રોટલો પણ પડાવી લઉં તો મને બે રોટલા ખાવા મળે. એવું વિચારી બીજા કૂતરાને બિવડાવવા માટે ભસવા તેનું મોં ખોલ્યું. પણ જેવું તેણે મોં ખોલ્યું કે તરત તેના મોંમાં જે રોટલો હતો તે નદીના ઊંડા પાણીમાં પડી ગયો.

કૂતરાને ભાન થયું. આ તો મેં ખોટું કર્યું. બીજાનો રોટલો ઝૂંટવવા જતાં મેં મારો રોટલો પણ ગુમાવ્યો.

● **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમને શું ખાવાનું ગમે ?

૨. કૂતરાને પાણીમાં બીજો કૂતરો કેમ દેખાયો ?

૩. પાણીમાં પડેલો એ રોટલો કોણ ખાઈ ગયું હશે ?

૪. પાણીમાં પડી ગયેલો રોટલો કૂતરો ખાઈ શકે ? ખાવા જાય તો શું થાય ?

૫. કૂતરાઓ લડાઈ શું કામ કરતા હશે ?

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

૫. 'આનંદી કાગડો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

આનંદી કાગડો

એક હતો કાગડો.

કાગડો સ્વભાવે મોજીલો અને આનંદી. એને તો દરેક વાતમાં મજા આવે.

એક વાર કોઈ કારણસર રાજા કાગડા પર ગુસ્સે થઈ ગયા. રાજાએ તો પોતાના માણસોને બોલાવી કહ્યું : 'જાઓ, આ કાગડાને ગામના કૂવાને કાંઠે ગારો છે તેમાં ફેંકી આવો.' કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં ફેંકી દેવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં પડ્યા પડ્યા આનંદથી ગાવા લાગ્યા :

લપસણું કરતાં શીખીએ છીએ ભાઈ,
લપસણું કરતાં શીખીએ છીએ.

રાજા અને તેના માણસો નવાઈ પામ્યા કે લે આ કાગડો તો કેવો છે ? ગારામાં આખા શરીરે કાદવ-કીચડ ચોંટી જવા છતાં દુ:ખી થવાને બદલે ખુશ કેમ થાય છે ?

રાજાને તો ક્રોધ ચડ્યો અને બીજો હુકમ કર્યો : 'જાઓ, નાખો આ કાગડાને કૂવામાં. ભલે એ પાણીમાં ડૂબીને મરી જાય.'

માણસોએ કાગડાને ઊંચકીને કૂવામાં ફેંકી દીધો. પણ કાગડાભાઈ તો કૂવામાં પડ્યા પડ્યા ગાવા લાગ્યા :

કૂવામાં તરતાં શીખીએ છીએ ભાઈ,
કૂવામાં તરતાં શીખીએ છીએ.

રાજા કહે : હવે તો કાગડાને આથી વધારે શિક્ષા કરવી જોઈએ.

પછી તેણે તો કાગડાને કાંટાથી ભરેલાં એક પીંજરામાં નખાવી દીધો. પણ કાગડાભાઈ તો એના એ જ રહ્યા. વળી આનંદી સૂરમાં ગાવાનું શરૂ કર્યું :

કૂણા કાન વીંધાવીએ છીએ ભાઈ,
કૂણા કાન વીંધાવીએ છીએ.

રાજા કહે : આ કાગડો તો ભાઈ ભારે જબરો છે ! ગમે તે દુ:ખમાં એને નાખો પણ તેને કોઈ દુ:ખ થતું જ નથી. ચાલો એનાથી ઊલટું કરી જોઈએ. એને સુખ થાય એવા ઠેકાણે નાખીએ એટલે એ કદાચ દુ:ખી થઈ જશે.

પછી કાગડાભાઈને આંબાની ડાળે કોયલ ટહુકા કરતી હતી તેની બાજુમાં પાંજરે પૂરી મૂકાવ્યા. કાગડાભાઈને તો તે પણ સવળું પડ્યું. ખુશ થઈને ગાવા લાગ્યા :

કોયલના ટહુકા સાંભળીએ છીએ ભાઈ,
કોયલના ટહુકા સાંભળીએ છીએ.

પછી તો રાજાએ તેને ખીર ખવડાવી જોઈ. કાગડો તો ગાય કે

મીઠી ખીર ખાઈએ છીએ ભાઈ,
મીઠી ખીર ખાઈએ છીએ.

રાજાજીએ કાગડાને દુ:ખી કરવા ઘણી કોશિશ કરી જોઈ પણ દુ:ખી થાય તે બીજા. છેવટે થાકીને રાજાએ હુકમ કર્યો : આ કાગડો કોઈ રીતે દુ:ખી થાય તેમ લાગતું નથી. જાઓ તેને છાપરા પર ફેંકી દો. છાપરા પર બેઠા બેઠા કાગડાએ તો ગયું કે :

હવે અમે આઝાદ છીએ ભાઈ,
હવે અમે આઝાદ છીએ.

અને કાગડો તો આનંદ કરતો કરતો ઊડીને પોતાના માળામાં પેસી ગયો. જેને દુ:ખી ન થવું હોય તેને કોઈ દુ:ખી કરી શકે નહિ.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે ક્યારે ક્યારે રડો છો ?

૨. તમે કેવી રીતે રડો છો ? ચાલો આપણે બધાં રડવાનો અભિનય કરીએ.

૩. તમે રડો ત્યારે મમ્મી-પપ્પા તમને શું કહે છે ?

૪. આજે નિશાળ આવતાં પહેલાં કોણ કોણ રડ્યું હતું ?

૫. જો કાગડાને ખીરને બદલે આઇસક્રીમ ખવડાવ્યો હોત તો એ શું ગાત ?

૬. રાજા કાગડાને બીજી કઈ સજા કરી શકે ?

૭. એ કાગડાને આપણી શાળામાં લઈ આવીએ તો તમે એની સાથે શું વાતો કરશો ?

- **નીચે આપેલાં ગીતો અભિનય સાથે સમૂહગાન કરો :**

૧. દાદાનો ડંગોરો...

દાદાનો ડંગોરો લીધો,
તેનો તો મેં ઘોડો કીધો,
ઘોડો ચાલે રૂમઝૂમ,
ધરતી ધ્રૂજે ધમધમ,
ધમ ધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય,
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ !

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

૨. ચાંદો સૂરજ રમતા'તા...

અમે ચાંદો સૂરજ રમતા'તા, રમતાં રમતાં કોડી જડી
કોડીનાં મેં ચીભડાં લીધાં, ચીભડે મને બી દીધાં
બી બધાં મેં વાડમાં નાખ્યાં, વાડે મને વેલો આપ્યો
વેલો મેં ગાયને નીર્યો, ગાયે મને દૂધ આપ્યું
દૂધ મેં મોરને પાયું, મોરે મને પીછું આપ્યું
પીછું મેં બાદશાહને આપ્યું, બાદશાહે મને ઘોડો આપ્યો
ઘોડો મેં બાવળિયે બાંધ્યો, બાવળે મને શૂળ આપી
શૂળ મેં ટીંબે ખોસી, ટીંબે મને માટી આપી
માટી મેં કુંભારને આપી, કુંભારે મને ઘડો આપ્યો
ઘડો મેં કૂવાને આપ્યો, કૂવાએ મને પાણી આપ્યું
પાણી મેં છોડને પાયું, છોડે મને ફૂલ આપ્યાં
ફૂલ મેં પૂજારીને આપ્યાં, પૂજારીએ મને પ્રસાદ આપ્યો
પ્રસાદ મેં બાને આપ્યો, બાએ મને લાડવો આપ્યો
એ લાડવો હું ખાઈ ગ્યો' ને હું આવડો મોટો થઈ ગ્યો.

૩. અમે ફેર ફુદરડી

અમે ફેર ફુદરડી રમતા'તા, અમે ફેર ફુદરડી રમતા'તા
ફેર ફુદરડી ફરતાં ફરતાં પડી જવાની કેવી મજા !
ભાઈ, પડી જવાની કેવી મજા !

અમે સંતાકુકડી રમતા'તા, અમે સંતાકુકડી રમતા'તા
સંતાકુકડી રમતાં રમતાં, પકડાઈ જવાની કેવી મજા !
ભાઈ, પકડાઈ જવાની કેવી મજા !

અમે આમલી પીપળી રમતા'તા
અમે આમલી પીપળી રમતા'તા
આમલી પીપળી રમતાં રમતાં, સંતાઈ જવાની કેવી મજા !
ભાઈ, સંતાઈ જવાની કેવી મજા !

અમે બિલ્લી ઉંદર રમતા'તા, અમે બિલ્લી ઉંદર રમતા'તા
અમે ચૂ... ચૂ... મ્યાઉં... મ્યાઉં... કરતા'તા
અમે ચૂ... ચૂ... મ્યાઉં... મ્યાઉં... કરતા'તા
ચૂ... ચૂ... મ્યાઉં... મ્યાઉં... કરતાં કરતાં, નાસી જવાની કેવી મજા !
ભાઈ, નાસી જવાની કેવી મજા !

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

અમે સાતતાળી રમતા'તા, અમે સાતતાળી રમતા'તા
સાતતાળી રમતાં રમતાં, દોડી જવાની કેવી મજા !
ભાઈ, દોડી જવાની કેવી મજા !

૪. એક જાડો પાડો લીમડો

એક જાડો પાડો લીમડો (૨)
જો લંગડી રમવા આવે તો,
મજા પડે ભાઈ મજા પડે (૨) એક જાડો ૦
પેલા ટમટમ કરતા તારલિયા,
જો પતંગિયાં થઈ આવે તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો ૦
પેલા આંબાડાળે કોયલડી,
જો ગીત મધૂરાં ગાય તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો ૦
પેલા ઝાડ પર બેઠો વાંદરો,
જો હૂપ હૂપ કરતો આવે તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો ૦
પેલો બંસી બજાવતો કાનુડો,
જો મિસરી ખાવા આવે તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો ૦

૫. કોઈ બોલશો ના...

અરે કોઈ બોલશો નહીં ચાલશો નહીં.
આમ કે તેમ કોઈ હાલશો નહીં.
નહિ તો પતંગિયું ઊડી જાશે. (૨)
પચરંગી પાંખવાળું, હજાર આંખવાળું,
ફૂલોની ગાદી પર જંપીને બેઠેલું,
પીળું પતંગિયું ઊડી જાશે. (૨)
અરે કોઈ દોડશો નહીં, કોઈ દોડશો નહીં,
મઘમઘતા ફૂલને તોડશો નહીં,
નહિ તો પતંગિયું ઊડી જાશે. (૨)

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

ફૂલે ફૂલે ભમતું, આનંદથી જમતું,
આનંદથી રમતું, બધાંયને ગમતું,
લીલું પતંગિયું ઊડી જાશે. (૨)

રમતો :

૧. કિત્તે કિત્તે પાની...

તમે પૂછશો, કિત્તે કિત્તે પાની ? વિદ્યાર્થીઓ 'પગ સુધી પાણી' બોલી પગ પર હાથ મૂકશે. આ રીતે શરીરનાં અંગો વિષે બોલતા જાઓ અને રમત આગળ વધારો. સમયાન્તરે આ રમત તમારા બદલે કોઈ વિદ્યાર્થી રમાડે તેવા પ્રયાસ કરો.

કિત્તે કિત્તે પાની ..... પગ સુધી પાણી.
કિત્તે કિત્તે પાની ..... ઘૂંટણ સુધી પાણી.
કિત્તે કિત્તે પાની ..... કમર સુધી પાણી.
કિત્તે કિત્તે પાની ..... પેટ સુધી પાણી.
કિત્તે કિત્તે પાની ..... ગળા સુધી પાણી.
કિત્તે કિત્તે પાની ..... નાક સુધી પાણી.
કિત્તે કિત્તે પાની ..... આંખ સુધી પાણી.
કિત્તે કિત્તે પાની ..... માથા સુધી પાણી.

૨. નામ રે નામ

બધા વિદ્યાર્થીઓને વર્તુળાકાર ઊભા રાખો. હવે તમારાથી નામ બોલવાનું શરૂ કરો... તમારી બાજુમાં ઊભેલો વિદ્યાર્થી તમારું નામ અને તેનું નામ બોલશે. એમ ત્રીજો વિદ્યાર્થી અગાઉ બોલેલાં નામ અને તેનું પોતાનું નામ ઉમેરીને બોલશે.

મારું નામ ગોપાલ છે.
તારું નામ ગોપાલ... મારું નામ ચંદુ છે.
તારું નામ ગોપાલ, તારું ચંદુ અને મારું નામ સોહરાબ છે.

૩. અડી... પડી...

પકડદાવની જેમ કોઈ વિદ્યાર્થી દોડીને બીજાને આઉટ કરશે. ત્યારબાદ તે બે વિદ્યાર્થી મળી બીજા વિદ્યાર્થીઓને આઉટ કરવાનો પ્રયત્ન કરશે. એમ જે આઉટ થાય તે દાવ લેનારની ટીમમાં ઉમેરાતા જશે.

૪. પંખી ઊડે... ફરર...

બધા વિદ્યાર્થીઓને વર્તુળાકારે બેસાડવા.

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

શિક્ષક ઊડી શકે તેવાં પક્ષીઓનાં, સાધનોનાં નામ બોલશે. દા.ત. મોર, પોપટ, ચકલી, રૉકેટ, વિમાન વગેરે આ દરેક વખતે વિદ્યાર્થીઓ ફરર બોલશે.

જો શિક્ષક કહેશે કે ભેંસ ઊડે - તો જે વિદ્યાર્થીઓ કહે 'ફરર' તે આઉટ ગણાશે.

૫. સાપની પૂંછડી...

બધા જ વિદ્યાર્થીઓની એકની પાછળ એક એમ લાંબી હાર બનાવવી. દરેક વિદ્યાર્થી પોતાની આગળના વિદ્યાર્થીને કમરથી મજબૂત પકડશે. હવે સૌ પ્રથમ ઊભેલો વિદ્યાર્થી કે જેના બન્ને હાથ ખુલ્લા હશે તે સાપનું મોં કહેવાશે અને છેલ્લો વિદ્યાર્થી સાપની પૂંછડી કહેવાશે.

રમત શરૂ કરવાની સૂચના મળતાં જ સાપનું મુખ બનેલ ખેલાડી પોતાના ખુલ્લા હાથ વડે પોતાની પૂંછડી પકડવાનો પ્રયત્ન કરશે. પૂંછડી બનેલ વિદ્યાર્થી તેની વિરુદ્ધ દિશામાં ગતિ કરશે. આગળ તરફ રહેલા ખેલાડી મોં તરફ ગતિ કરશે અને પાછળ તરફ રહેલા ખેલાડી પૂંછડી સાથે ગતિ કરશે.

મોં બનેલ ખેલાડી પૂંછડી બનેલ ખેલાડીને અડકી જાય તો તે આઉટ ગણાય. જે ખેલાડી હાથ છોડી દે અને સાંકળ તોડે તે પણ આઉટ ગણાય. આઉટ થયેલ ખેલાડી સાપના મોંની જગ્યાએ ઊભા રહી દાવ લેવા જશે. અથવા મેદાનની બહાર જશે. આમ સાપની લંબાઈ ટૂંકી થતી જશે.

પ્રવૃત્તિઓ

- **વર્ગીકરણની પ્રવૃત્તિઓ :**

- શિક્ષક વિદ્યાર્થીઓને જુદાં જુદાં વાહનનાં ચિત્રવાળાં કાર્ડ; જમીન, આકાશ, પાણી દર્શાવતી પટ્ટીઓવાળાં કાર્ડ આપશે. પછી જે-તે વાહનને તે ક્યાં ચાલે છે તેની સાથે વિદ્યાર્થી જોડશે.
- વર્ગીકરણ માટે નીચે મુજબ અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવવી. જેવી કે, જંગલી પ્રાણીઓ, પાળેલાં પ્રાણીઓ, લાકડી, લાકડું, પ્લાસ્ટિક, ધાતુ, કાચ અને રબ્બરની વસ્તુઓ, ફળ-શાકભાજીનું વર્ગીકરણ.

કાગળની પ્રવૃત્તિ :

- એક કાગળના ચાર કે પાંચ ટુકડા કરી તેને છૂટા પાડી, ફરીથી જોડવાનું કહો.
- કાગળમાંથી નીચે મુજબની પ્રવૃત્તિ કરાવવી.
  - નાના નાના ટુકડા કરાવવા.
  - ભૂંગળી બનાવડાવવી
  - પાતળા લીટા કરાવવા
  - આકારો કરાવવા
  - ગડીઓ પડાવવી

- ધજા બનાવડાવવી
- ટોપી બનાવડાવવી
- કાગળના ડૂચા વાળી લાડવા બનાવડાવવા.
- કાગળમાંથી હોડી, વિમાન, ફરકડી, કેમેરો, ચકરડી, પાકીટ, દડો તથા અન્ય ચીજો બનાવડાવવી.
- કાગળ પર ચિત્ર બનાવવું તેમાં વિદ્યાર્થી દ્વારા રંગ પૂરાવવા પછી તેના ટુકડા કરીને ફરીથી જોડવાનું કહેવું.

ચાલો છાપકામ કરીએ :

- કાગળના ડૂચાથી છાપકામ કરાવવું.
- આંગળીઓથી છાપકામ કરાવવું.
- ભીંડા-બટાટાથી છાપકામ કરાવવું.
- દોરાથી છાપકામ કરાવવું.

(આ ઉપરાંત આંગળીનાં ટેરવાં કેળવાય એવી છાપકામની અન્ય પ્રવૃત્તિઓ કરાવવી.)

ચાલો માટીકામ કરીએ :

- માટીના મણકા બનાવડાવવા, દોરીમાં મણકા પરોવવાની પ્રવૃત્તિ કરાવવી.
- માટીનો ગોળો બનાવડાવવો.
- માટીમાંથી રોટલો, ગાંઠિયા, જલેબી બનાવડાવવી
- માટીમાંથી ઘન આકારો બનાવડાવવા.
- માટીમાંથી વિદ્યાર્થીઓ પાસે એમની પસંદનાં રમકડાં બનાવડાવવાં.

(આ ઉપરાંત આંગળીનાં ટેરવાં કેળવાય એવી માટીકામની અન્ય પ્રવૃત્તિઓ કરાવવી)

પાણીની રમત :

૧. એક અથવા એકથી વધુ નાના વાસણમાં પાણી લઈ લાકડીથી વાસણને વગાડી તેમાંથી જે અવાજ આવે તે ધ્યાનથી સંભળાવવો.

૨. ખાલી ટબમાં પાણી ભરી તેમાં કાગળની નાની હોડીને તરાવવી.

૩. થાળીમાં પાણી ભરી વચ્ચે ફૂંક મારો. ફૂંક મારતાં પાણીમાં કઈ ક્રિયા થઈ?

૪. સાબુના પાણીને હલાવો. સાબુના પાણીને હલાવતાં શું શું થાય છે?

૫. થાળીમાં પાણી ભરી તડકે મૂકો. થાળીને તડકે મૂકતાં શું થાય છે?

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

૬. અમુક વસ્તુઓ ભેગી કરી, તેને પાણી ભરેલા તગારામાં નાખો. કઈ કઈ વસ્તુઓ ડૂબી જાય છે ? કઈ કઈ વસ્તુઓ તરે છે ?

૭. તગારામાં પાણી ભરી અંદર કાંકરી નાખો. કાંકરી નાખતાં કઈ કઈ ક્રિયાઓ થઈ ?

૮. ડોલના પાણીને જગ, ગ્લાસ, લોટો, તપેલી, થાળી, વાટકી વગેરેમાં ભરી બદલાતા આકાર બતાવો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **'મોર અને કાગડો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

મોર અને કાગડો

એક જંગલમાં અનેક જાતનાં પંખીઓ રહે. એક વાર તેમને થયું : આપણો રાજા હોવો જોઈએ. તેમણે બધાં પંખીઓની સભા કરી. એમાં મોરે પોતાનાં પીંછાં, ડોક, કલગી વગેરે બતાવી કહ્યું : 'મારા જેવું સુંદર કોઈ નથી, માટે મને રાજા બનાવો.' બધાં પંખીઓને એની વાત સાચી લાગી. બધાંએ હા પાડી. મોર પંખીઓનો રાજા થયો. તેમાં એક કાગડો પણ હતો. તેણે કહ્યું : 'ઊભા રહો ! એમ રાજા નક્કી ના કરાય.' પછી તેણે મોરને પૂછયું : તમે ખૂબ સુંદર છો, તેની ના નહીં. પણ માનો કે આપણા પર કોઈ મોટા પંખીનું આક્રમણ થાય તો તમે અમને બચાવી શકશો ? રાજાએ પ્રજાનું રક્ષણ પણ કરવાનું હોય. મોર શું બોલે ?

તે સુંદર હતો પણ એટલો મજબૂત નહોતો કે એટલો બહાદુર નહોતો કે બીજા પક્ષીને બચાવી શકે. કાગડાએ કહ્યું : રાજા માત્ર સુંદર હોય એટલું પૂરતું નથી. તે મજબૂત અને હિંમતવાન પણ હોવો જોઈએ. બધાં પંખીઓએ કાગડાની વાત સ્વીકારી લીધી. છેવટે રાજા નક્કી કર્યા વગર સભા વીખરાઈ ગઈ !

- વાર્તામાં આવતાં વિવિધ પાત્રોનો પરિચય કરાવી તે પાત્રોના રંગ, દેખાવ, અવાજ વિષે પ્રશ્નો પૂછો.
- મોર અને કાગડા પક્ષીની વિશેષતા વિશે પ્રશ્નોત્તરી કરો.
- વિદ્યાર્થીઓને પૂછો કે જો તમારે રાજા બનાવવાના હોય તો તમે કોને રાજા બનાવશો ? શા માટે ?
- વિદ્યાર્થીઓને પૂછો કે તેમનામાંથી કોણ જંગલનો રાજા બનવા માંગે છે ?
- જો મોર જંગલનો રાજા બને તો જંગલનાં અન્ય પક્ષીઓનું રક્ષણ કેવી રીતે કરી શકે ?

- **'અજબ જેવી વાત છે...' ગીત વિદ્યાર્થીઓને સમૂહમાં ગવડાવો.**

અજબ જેવી વાત છે...

નાની મારી આંખ, એ જોતી કાંક કાંક
એ તે કેવી અજબ જેવી વાત છે !
નાક મારું નાનું, એ સૂંઘે ફૂલ મઝાનું,
એ તે કેવી અજબ જેવી વાત છે !
નાના મારા કાન, એ સાંભળે દઈને ધ્યાન,
એ તે કેવી અજબ જેવી વાત છે !
નાના મારા હાથ, એ તાળી પાડે સાથ,
એ તે કેવી અજબ જેવી વાત છે !
પગ મારા નાના, એ ચાલે છાનામાના,
એ તે કેવી અજબ જેવી વાત છે !

- ઉપેન્દ્રાચાર્ય

- આ ગીત મોંઢે થાય ત્યાં સુધી પુનરાવર્તન કરી ગવડાવો.
- આ ગીત ગવડાવતી વખતે દરેક વિદ્યાર્થીઓને સમૂહમાં અભિનય શિખવાડો.
- આ ગીતમાં આવતાં અંગોના નામ અને તેનાં કાર્યો વિશે પ્રશ્નોત્તરી કરો.

શરીરનાં અંગોની માહિતી આપવી.

- શરીરના બે ભાગ - માથું, ધડ
- ધડ કોને કહેવાય તે સ્પષ્ટ કરવું.
- ત્યાર બાદ માથાના ભાગો કયા કયા છે ? તે પૂછવું.
  આંખ - કાન - નાક - મોં
  એમનો ઉપયોગ શો ? પૂછતા જવું, કહેતા જવું અને ગીત પણ ગાવું.
- ત્યાર બાદ ધડનાં અંગો બતાવવાં.
  હાથ - પગ - પેટ - છાતી - ડોક
  હાથનું કામ શું ? પેટનું કામ શું ? પગનું કામ શું ?
- ત્યાર બાદ હાથના ઉપયોગ બતાવવા.
  ખભો - કોણી - કાંડું - પંજો
- ત્યાર બાદ પગના ઉપયોગ બતાવવા.
  ઘૂંટણ - પાની

- **રમત : ગાંધીજી કહે છે :**

વિદ્યાર્થીઓને આ રમત દ્વારા શરીરનાં વિવિધ અંગોનો પરિચય કરાવો. આ રમતમાં શિક્ષક જ્યારે કહે કે, 'ગાંધીજી કહે છે તમારું નાક બતાવો' તો દરેક વિદ્યાર્થીઓ પોતાનું નાક બતાવશે પરંતુ ગાંધીજીના નામ વિના જો કહે કે નાક બતાવો તો વિદ્યાર્થીઓએ તે સૂચનાનું પાલન નથી કરવાનું. જે ગાંધીજીના નામ વિનાની સૂચનાનું પાલન કરશે તે વિદ્યાર્થી રમતમાંથી આઉટ ગણાશે.

ગાંધીજી કહે છે : તમારા હાથ ઊંચા કરો / ઊભા થાઓ / તાળી પાડો / આંખ બંધ કરો / નમસ્તે કરો / બેસી જાઓ / ચપટી વગાડો..., આવી અન્ય સૂચનાઓ આપી રમત રમાડો.

- ત્યાર બાદ પંજાના ઉપયોગ બતાવવા.

હથેળી - આંગળીઓ - અંગૂઠો

આ વર્ગીકરણ વિદ્યાર્થીઓ સહેલાઈથી સમજી શકશે. એને માટે ધડ, ડોક, ખભો, કાંડું, કોણી, સાથળ, પાની, હથેળી શબ્દો કદાચ નવા હોય. એ શબ્દો અને અંગોની ઓળખ દૃઢ કરાવો.

- **નીચે આપેલાં જોડકણાંનું હાવભાવપૂર્વક ગાન કરો :**

મરચું તીખું લાગે છે,
પોપટને બહુ ભાવે છે.

મીઠાં મધુરાં ફળ !
ખાટાં મીઠાં મધુરાં ફળ !
ખાવાથી મળે બુદ્ધિ-બળ !
કેળું, કેરીને સીતાફળ
ખાવાથી મળે બુદ્ધિ-બળ !
ફળો ખાઓ સાંજ સવાર
ભણવા માટે થાઓ તૈયાર

નગારું તો વાગે છે,
ગામનાં છોકરાં નાચે છે.

જલેબી મને ભાવે છે,
પપ્પા રોજ લાવે છે.

ગાડું ચાલે વાટમાં,
માળા માના હાથમાં.

નાક મારું નાનું,
સૂંઘે ફૂલ મજાનું.

- **ગ,મ,ન,જ** મૂળાક્ષરો આવતા હોય તેવાં અન્ય પ્રાદેશિક જોડકણાં પણ શોધીને ગવડાવો.
- જોડકણાંમાં આવતા નવા શબ્દોની સમજ આપો.
- આ જોડકણાંઓનું વારંવાર અનુગાન કરાવો.

- **'નાવ ચાલી ભાઈ, નાવ ચાલી' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

નાવ ચાલી ભાઈ, નાવ ચાલી

નાવ ચાલી ભાઈ, નાવ ચાલી,
ચુન્નુભાઈની નાવ ચાલી,
જાશે એ તો દરિયાપાર
છબ-છબ કરતી નાવ ચાલી
આંધી આવે કે તોફાન
સર-સર કરતી નાવ ચાલી

સમૂહકાર્ય-૨

- જોડકણાંમાં આવતા **ગ,મ,ન,જ** મૂળાક્ષરોનો પરિચય બૉર્ડ પર કરાવો.
- જોડકણાંમાં આવતાં **ગ,મ,ન,જ** મૂળાક્ષરો અને સાથેની માત્રા કાનાનો (**ા**) પરિચય કરાવો.
- વિદ્યાર્થીઓ સામે વિવિધ શબ્દો બોલો. જે શબ્દમાં મૂળાક્ષર **'ન'** આવતો હોય તે શબ્દ બોલાય ત્યારે વિદ્યાર્થીઓને તાળી પાડવા કહો. (આજ રીતે મૂળાક્ષર **ગ, મ, જ** માટે પ્રવૃત્તિ કરાવો.)
- વિદ્યાર્થીઓ સામે વિવિધ શબ્દો બોલો. જે શબ્દમાં વિદ્યાર્થીના પોતાના નામનો મૂળાક્ષર આવતો હોય તે શબ્દ બોલાય ત્યારે તે વિદ્યાર્થીઓ ઊભા થાય તેવી સમજ આપી, પ્રવૃત્તિ કરાવો.
- હવામાં આંગળીથી મૂળાક્ષર **ગ,મ,ન,જ** લખી વિદ્યાર્થીઓને અનુમાન કરવા કહો કે આ કયો મૂળાક્ષર હશે.

સાચા જવાબવાળા વિદ્યાર્થીને પ્રોત્સાહન આપો. વર્ગના કોઈ જ વિદ્યાર્થી આ પ્રકારે સમજી ના શકે તો તેમને વારંવાર સમજાવવાનો પ્રયાસ કરી આ પ્રવૃત્તિ મનોરંજન સભર બને તેવો પ્રયાસ કરો. વિદ્યાર્થીઓને આ પ્રવૃતિની સમજ વિકસી જાય ત્યારબાદ તેઓને બે-બે ની જોડમાં આ પ્રવૃત્તિ કરાવો.

- વિદ્યાર્થીની પીઠ પર આંગળીથી મૂળાક્ષર **ગ,મ,ન,જ** લખી વિદ્યાર્થીઓને અનુમાન કરવા કહો કે આ કયો મૂળાક્ષર હશે. સાચા જવાબવાળા વિદ્યાર્થીને પ્રોત્સાહન આપો. વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિ સમજાઈ જાય પછી તેઓને બે-બેની જોડમાં આ પ્રવૃત્તિ કરાવો.
- **વિદ્યાર્થીઓને વિવિધ સૂચનાઓ આપી તે મુજબ અભિનય કરવા માટે કહો.**
  - નગારું વગાડો.
  - જમરૂખ ખાઓ.
  - મરચું ખાવાથી કેવું લાગે ?
  - ગણપતિને વંદન કરો.
- મૂળાક્ષર **'ગ'** પરથી બનતાં વ્યક્તિઓનાં નામ, વિદ્યાર્થીઓ પાસેથી બોલાવડાવી તેને બૉર્ડ પર લખી યાદી બનાવડાવો. વિદ્યાર્થીઓને સમૂહમાં આ નામ વારંવાર બોલાવો.
- મૂળાક્ષર **'મ'** પરથી બનતાં વ્યક્તિઓનાં નામ, વિદ્યાર્થીઓ પાસેથી બોલાવડાવી તેને બૉર્ડ પર લખી યાદી બનાવડાવો. વિદ્યાર્થીઓને સમૂહમાં આ નામ વારંવાર બોલાવો.
- મૂળાક્ષર **'ન'** પરથી બનતાં વ્યક્તિઓનાં નામ, વિદ્યાર્થીઓ પાસેથી બોલાવડાવી તેને બૉર્ડ પર લખી યાદી બનાવડાવો. વિદ્યાર્થીઓને સમૂહમાં આ નામ વારંવાર બોલાવો.
- મૂળાક્ષર **'જ'** પરથી બનતાં વ્યક્તિઓનાં નામ, વિદ્યાર્થીઓ પાસેથી બોલાવડાવી તેને બૉર્ડ પર લખી યાદી બનાવડાવો. વિદ્યાર્થીઓને સમૂહમાં આ નામ વારંવાર બોલાવો.
- બૉર્ડ પર **ગ, મ, ન, જ, ા** (કાનો) મૂળાક્ષર લખી પરિચય કરાવી વિદ્યાર્થીઓને અનુલેખન કરવા માટે કહો.
- બૉર્ડ પર **ગ, મ, ન, જ** મૂળાક્ષરનો પરિચય કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને આ જ મૂળાક્ષરોનું શ્રુતલેખન કરાવો.
- બૉર્ડ પર **ગ, મ, ન, જ, ા** (કાનો)થી બનતા શબ્દોનું અનુલેખન અને શ્રુતલેખન કરાવો.
- વર્ગના ભોંયતળિયે પાણીથી ભીની કરેલી ચોકસ્ટીકથી શરીર દોરી તેમાં વિવિધ અંગો (આંખ, કાન, નાક, મોં, માથું, હાથ-પગ, આંગળાંવાળો પંજો વગેરે) દોરી તેનાં નામ પૂછો અને તેના ઉપયોગ અંગે માહિતી આપો.
- **આકૃતિમાં રેતી ચોંટાડવી :** શિક્ષક સફેદ કાગળ પર વિવિધ આકૃતિઓ રચી અને તેમાં વિદ્યાર્થીઓને રેતી, રંગીન કાગળના ટૂકડા, લાકડા કે પેન્સિલનો વહેર ચોંટાડવા કહો.
- જન્મદિન ઉજવણી : વિદ્યાર્થીઓના જન્મદિવસે વિશિષ્ટ રીતે સન્માન કરી 'આજનો દીપક'' પ્રવૃત્તિ કરાવો. હેપ્પી બર્થડે ગીત ગવડાવો.
- ધાર્મિક સ્થળનું વર્ણન : વિદ્યાર્થીઓએ જોયેલ ધાર્મિક સ્થળનું વર્ણન કરાવો.

સમૂહકાર્ય-૧

- **નીચે આપેલાં જોડકણાંનું હાવભાવપૂર્વક સમૂહગાન કરાવો :**

આવ રે વરસાદ
ઘેબરિયો પરસાદ
ઊની ઊની રોટલી ને
કારેલાનું શાક

એક બે ત્રણ ને ચાર,
વરસે વરસાદ મુશળધાર.
પાંચ છ સાત ને આઠ,
દિવસે જાણે લાગે રાત.
નવ પછી આવે દસ,
તડકો લાગે કેવો સરસ.

વાદળ વાદળ વરસો પાણી,
મુજને મજા પડે રમવાની.
ઠંડક ઠંડક થાય મારે મન,
ટાઢક ટાઢક થાય મારે તન.
વાદળ વાદળ વરસો પાણી,
જાય નાસી ગરમીની રાણી.

- **વિદ્યાર્થીઓને વિવિધ ઋતુઓ વિશે પ્રશ્નોત્તરી કરો.**
- ઠંડી, ગરમી, વરસાદને લગતા પ્રશ્નો પૂછો.
- **વ, ર, સ, દ** મૂળાક્ષરો આવતા હોય તેવા અન્ય પ્રાદેશિક જોડકણાં પણ શોધીને ગવડાવો.
- જોડકણાંમાં આવતા નવા-નવા શબ્દોની સમજ આપો.
- આ જોડકણાંનું વારંવાર અનુગાન કરાવો.
- વિદ્યાર્થીઓ સાથે જોડકણાંને અનુરૂપ પ્રશ્નોત્તરી કરો.
- વિદ્યાર્થીઓ સામે વિવિધ શબ્દો બોલો. જે શબ્દમાં મૂળાક્ષર **'વ'** આવતો હોય તે શબ્દ બોલાય ત્યારે વિદ્યાર્થીઓને તાળી પાડવા કહો. (આજ રીતે મૂળાક્ષર **ર, સ, દ** માટે પ્રવૃત્તિ કરાવો)
- વિદ્યાર્થીઓ સામે વિવિધ શબ્દો બોલો. જે શબ્દમાં વિદ્યાર્થીના પોતાના નામનો મૂળાક્ષર આવતો હોય તે શબ્દ બોલાય ત્યારે તે વિદ્યાર્થીઓ ઊભા થાય તેવી સમજ આપી પ્રવૃત્તિ કરાવો.
- **નીચે આપેલાં ગીતોનું હાવભાવપૂર્વક ગાન કરો :**

ચાલો ચાલોને...

ચાલો ચાલોને રમીએ હોડી હોડી.....
ચાલો ચાલોને રમીએ હોડી હોડી.....
વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર.
ઝરણાં નાનાં જાય દોડી દોડી..... ચાલો ચાલોને૦
બાપુનાં છાપાં ને નક્કામાં થોથાં,
કાપીકૂપીને કરીએ હોડી..... ચાલો ચાલોને૦
સાદી ને સઢવાળી, નાની ને મોટી
મૂકીએ પવનમાં છોડી છોડી..... ચાલો ચાલોને૦
ખાલી રાખેલી ઊંધી વળે તો,
પાંદડાં ને ફૂલ ભરું તોડી તોડી..... ચાલો ચાલોને૦
જાશું દરિયાપાર પરીઓના દેશમાં,
સૌથી પહેલી દોસ્ત મારી હોડી..... ચાલો ચાલોને૦

- પિનાકિન ત્રિવેદી

આવો મેઘરાજા

આવો મેઘરાજા, વગડાવો વાજાં,
પીપીપીપી પોમ્ પોમ્ (૨)
મુશળધાર મુશળધાર...
વરસે છે પાણીડાધાર
છલબલ છલબલ છોમ્ છોમ્ (૨)
નદી નાળાં રેલમછેલ...
સરરર, સરરર સોમ્ સોમ્

- ગીતને અનુરૂપ પ્રશ્નોત્તરી કરો (પાણીમાં કોને-કોને મજા આવે ? શા માટે ? વરસાદ કોને-કોને ગમે ? શા માટે ? નદી-પૂર જોયું છે ? કેવું હોય ? વગેરે...)
- પાણીમાં હોડીની મુસાફરીમાં કેવી મજા આવે તેના વિશે વાત કરો.
- ગીતનો અભિનય શિખવાડો.
- તાલી પાડવાની રમત કરાવો. એક આંગળી, બે આંગળી, ત્રણ આંગળી, ચાર આંગળી અને સંપૂર્ણ હાથ વડે તાલી પાડતાં-પાડતાં કેવા અવાજ આવે છે તેનું શ્રવણ કરાવો. વિદ્યાર્થીઓને કેટલી આંગળી વડે તાલી પાડવાની છે તેની બદલાતી સૂચનાઓ આપીને તાલી પાડવાની રમત કરાવો.
- **'રીંછ અને દડો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

રીંછ અને દડો

શિયાળાની ઋતુ હતી. સવારનો સમય હતો ચારેબાજુ ધુમ્મસ ધુમ્મસ. એક સિંહનું બચ્ચું સંકોચાઈને ગોળમટોળ બનેલા જાંબુના વૃક્ષની નીચે સૂઈ ગયેલું હતું.

આ બાજુ રીંછ સાહેબ ફરવા માટે નીકળી તો આવ્યા હતા, પરંતુ પસ્તાઈ રહ્યા હતા. ત્યારે જ તેમની નજર જાંબુના ઝાડની નીચે પડી.

આંખો ફેલાવી, બુદ્ધિ દોડાવી-આહા ! ફૂટબોલ. ચાલો આનાથી રમીને કંઈક ગરમી ચઢાવીએ. આમ તેમ જોયા વિના રીંછે સિંહના બચ્ચાંને ફૂટબોલ સમજીને લાત મારીને ફેંકી દીધું.

દોડાદોડીમાં સિંહના બચ્ચાએ ગર્જના કરી અને પછી વૃક્ષની એક ડાળી પકડી લીધી.

પરંતુ ડાળી તૂટી ગઈ. રીંછ સાહેબ જલદી મામલો (વાત) સમજી ગયા, પસ્તાવો થયો. પણ થોડીવારમાં દોડીને સ્ફૂર્તિથી બંન્ને હાથ આગળ ધરીને સિંહના બચ્ચાને લઈ લીધું.

અરે આ શું ! સિંહનું બચ્ચું ફરીથી ઉછાળવા માટે કહી રહ્યું હતું.

એકવાર ફરીથી રીંછદાદાએ ઉલાળ્યું.

બીજી વાર...

ત્રીજી વાર...

પછી,

વારંવાર આવું થવા લાગ્યું.

સિંહના બચ્ચાને ઉલળવામાં મજા આવી રહી હતી. પરંતુ રીંછ થાકીને દુઃખી થઈ ગયું હતું. અરે, કેવી મુશ્કેલીમાં આવી ગયા.

બારમી વખત ઉલાળી ને રીંછે ઘરબાજુ દોડ લગાવી અને અદૃશ્ય થઈ ગયું.

આ વખતે સિંહનું બચ્ચું ધડામ કરીને જમીન પર આવી ગયું. ડાળી પણ તૂટી ગઈ.

ત્યારે જ માળી ત્યાં આવ્યો અને સિંહના બચ્ચા ઉપર તૂટી પડ્યો : વૃક્ષની ડાળી તોડવાનો દંડ લાવ.

સિંહના બચ્ચાએ કહ્યું જરાક સરખો તો થાઉં.

માળી એ કહ્યું ઠીક છે. હું હમણાં જ આવું છું.

માળી ત્યાંથી ગયો તરત જ સિંહનું બચ્ચું પલાયન થઈ ગયું. તેણે વિચાર્યું જીવ બચ્યો એ જ ઘણું છે.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

  ૧. સિંહના બચ્ચાએ વૃક્ષની ડાળ શા માટે પકડી ?

  ૨. સિંહના બચ્ચાએ શા માટે ત્રાડ પાડી ?

  ૩. રીંછે શા માટે કહ્યું કે, અરે કઈ આફતમાં આવીને ફસાઈ ગયું ?

  ૪. જો રીંછે સિંહના બચ્ચાને ના પકડયું હોત તો ?

  ૫. જો સિંહનું બચ્ચું ભાગ્યું ના હોત તો ?

  ૬. સિંહના બચ્ચાએ ઘરે જઈને પોતાના માતા-પિતાને શું વાત કરી હશે ?

  ૭. ઠંડીથી બચવા માટે સિંહનું બચ્ચું ટૂંટિયું વાળીને બેસી ગયું હતું. તમે ઠંડીથી બચવા શું શું કરો છો ?

- આ વાર્તામાં શું-શું બન્યું તે ક્રમિક રીતે વિદ્યાર્થીઓને પૂછો.
- વિવિધ પ્રાણીઓના અવાજની નકલ કરાવી અભિનય કરાવવો.
- 'ધુમ્મસ જ ધુમ્મસ,' 'ગરમી જ ગરમી,' 'ઠંડી જ ઠંડી' આવા બીજા શબ્દો બનાવડાવીને બોલાવો.

સમૂહકાર્ય-૨

- હવામાં આંગળીથી મૂળાક્ષર **વ, ૨, સ, દ** લખી વિદ્યાર્થીઓને અનુમાન કરવા કહો કે આ ક્યો મૂળાક્ષર હશે. સાચા જવાબવાળા વિદ્યાર્થીને પ્રોત્સાહન આપો. વર્ગના કોઈ જ વિદ્યાર્થી આ પ્રકારે સમજી ના શકે તો તેને વારંવાર સમજાવવાનો પ્રયાસ કરી આ પ્રવૃત્તિ મનોરંજન સભર બને તેવો પ્રયાસ કરો. વિદ્યાર્થીઓમાં આ પ્રવૃત્તિની સમજ વિકસી જાય બાદમાં તેઓને બે-બે ની જોડમાં આ પ્રવૃત્તિ કરાવો.
- વિદ્યાર્થીની પીઠ પર આંગળીથી મૂળાક્ષર **વ, ૨, સ, દ** લખી વિદ્યાર્થીઓને અનુમાન કરવા કહો કે આ કયો મૂળાક્ષર હશે. સાચા જવાબવાળા વિદ્યાર્થીને પ્રોત્સાહન આપો. વિદ્યાર્થીઓમાં આ પ્રવૃત્તિની સમજ વિકસી જાય બાદમાં તેઓને બે-બે ની જોડમાં આ પ્રવૃત્તિ કરાવો.
- આગળના એકમના મૂળાક્ષરો **ગ, મ, ન, જ** નું પણ અહીં પુનરાવર્તન કરો.
- **વ, ૨, સ, દ** મૂળાક્ષરોનો પરિચય કરાવો તેની સાથેની માત્રાનો (ા) પણ પરિચય કરાવો.
- છલબલ-છલબલ, સરરર, રેલમછેલ જેવા અન્ય શબ્દો વિદ્યાર્થીઓ પાસેથી કઢાવો. આવા શબ્દોની બૉર્ડ પર

યાદી બનાવો. વિદ્યાર્થીઓને તેનું મુખવાંચન કરાવો.

- વર્તમાન પત્ર (છાપા), રંગીન કે સાદા કાગળમાંથી હોડી બનાવડાવો. બનેલી હોડીઓને વર્ગના બુલેટીન બૉર્ડ પર પ્રદર્શિત કરો.
- વિદ્યાર્થીઓએ બનાવેલ હોડીને લઈને તેઓ ક્યાં-ક્યાં મુસાફરી કરવા માંગે છે ? શા માટે ? કોની સાથે ? જેવા વિવિધ પ્રશ્નો પૂછો.
- વરસાદને અનુરૂપ વાદળ, વરસાદ, છત્રી જેવાં ચિત્રો દોરાવી તેમાં રંગ પૂરાવો.
- માટીમાંથી **વ, ર, સ, દ** મૂળાક્ષર બનાવડાવો.
- મૂળાક્ષર **વ** પરથી બનતા વ્યક્તિઓના નામ વિદ્યાર્થીઓ પાસેથી બોલાવડાવી તેને બૉર્ડ પર લખી યાદી બનાવો. વિદ્યાર્થીઓને સમૂહમાં આ નામ વારંવાર બોલાવો. આજ રીતે મૂળાક્ષર **ર, સ, દ** માટે પ્રવૃત્તિ કરાવો.
- બૉર્ડ પર **વ, ર, સ, દ** મૂળાક્ષર લખી પરિચય કરાવી વિદ્યાર્થીઓને અનુલેખન કરવા માટે કહો.
- બૉર્ડ પર **વ, ર, સ, દ** મૂળાક્ષરનો પરિચય કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને આ જ મૂળાક્ષરોનું શ્રુતલેખન કરાવો.
- **વ, ર, સ, દ** મૂળાક્ષરો **ા, ે** (કાનો અને એક માત્રા) સાથે આવતા હોય તેવા શબ્દો બૉર્ડ પર લખાવી વંચાવો.
- **વ, ર, સ, દ** મૂળાક્ષરોના પરિચય બાદ તેના પૂંઠા કે ચાર્ટ પેપર પર ફલેશ કાર્ડ બનાવડાવો. આ ફલેશ કાર્ડનો વર્ગમાં વારંવાર ઉપયોગ કરવો.
- **ગ, મ, ન, જ** અને **વ, ર, સ, દ** જેવા મૂળાક્ષરોથી બનતાં શબ્દોને ઊંધા લખી તેને વાંચવા માટે કહો. સાચા વાચન બાદ તેને લખવા માટે કહો. (નજ-જન, દસા-સાદ, મજે-જેમ...)
- **માટીના મણકા :** શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે માટીમાંથી નાના-નાના ગોળ મણકા તૈયાર કરાવો.
- **કચરાપેટીનો ઉપયોગ :** વર્ગખંડમાં જે કંઈ કાગળ કે પ્લાસ્ટિકનો કચરો થયો હોય તે કચરાપેટીમાં જ મૂકવો. કચરાપેટીનો કચરો પણ બહાર ખાડામાં મૂકવા માટે ગ્રૂપ પાડીને પ્રવૃત્તિ કરાવો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **'મને વહાલા મારાં બા' કાવ્યનું હાવભાવપૂર્વક ગાન કરો :**

મને વહાલા મારાં બા

બા વિના મને ખવડાવે કોણ ?
બા વિના મને સુવડાવે કોણ ?
વહાલા મારાં બા, મને વહાલા મારાં બા...
બાપુ વિના મને રમાડે કોણ ?
સાઇકલ પર મને બેસાડે કોણ ?
વહાલા મારા બાપુ, મને વહાલા મારા બાપુ...
દાદી વિના લાડ કરે કોણ ?
બઉઓ મોટો આપે કોણ ?
વહાલા મારાં દાદી, મને વહાલા મારાં દાદી...
દાદા વિના વાર્તા કહે કોણ ?
મંદિરે મને લઈ જાય કોણ ?
વહાલા મારા દાદા, મને વહાલા મારા દાદા...

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમારા ઘરે કોણ કોણ છે ?
૨. તમારાં બાનું નામ શું છે ?
૩. તમારા ભાઈનું નામ શું છે ?
૪. તમારા બાપુજીનું નામ શું છે ?
૫. તમારી બહેનનું નામ શું છે ?
૬. તમારાથી મોટું કોણ છે ? ભાઈ કે બહેન ?
૭. ઘરે તમને કોણ વાર્તા કહે છે ?
૮. બહાર ફરવા કોણ લઈ જાય છે ?
૯. કોની સાથે બહાર ફરવા જવાની મજા આવે ? શા માટે ?

- **નીચે આપેલાં ઉખાણાંનું હાવભાવપૂર્વક ગાન કરો :**

દિવાળીએ આવે છે,
મીઠાઈ કપડાં લાવે છે,
બાના એ ભાઈ છે,
બોલો એ કોણ છે ?

મને કહે છે બેબી,
બાને કહે છે ભાભી,
બાપુને મોટા ભાઈ કહે છે,
બોલો તે મારા કોણ છે ?

- વિવિધ તહેવારમાં શું શું કરીએ છીએ તેના વિશે પ્રશ્નો પૂછો.
- આ ઉખાણાં વર્ગમાં વારંવાર ગવડાવો.
- વિદ્યાર્થીઓને મૂળાક્ષર **ક, બ, અ, છ, એ, આ** થી બનતા શબ્દો બોલવા માટે કહો.
- અગાઉ શીખેલા મૂળાક્ષરોથી બનતા શબ્દો બોલવા માટે મહાવરો કરાવો.

- **'વાંદરો અને ખિસકોલી'** વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો.

વાંદરો અને ખિસકોલી

એક વાંદરો ઝાડ ઉપર બેઠો હતો. વાંદરાની પૂંછડી બહુ જ લાંબી હતી. એટલી લાંબી હતી કે જમીન સુધી લટકી રહી હતી. એક ખિસકોલી જમીન ઉપર ઊછળી અને કૂદી રહી હતી. અચાનક તેણે એક પૂંછડી જોઈ. તેણે વિચાર્યું, આ હીંચકો ક્યાંથી આવ્યો ? થોડીવાર પહેલાં તો નહોતો, તે પૂંછડી ઉપર ચડીને હીંચકા ખાવા લાગી.

વાંદરાને ગલીપચી થઈ. તેણે નીચે જોયું. તે હસીને બોલ્યો બહેન ખિસકોલી ! આ શું કરી રહી છે ? મને ગલીપચી થઈ રહી છે. ખિસકોલી ચમકી - વાંદરા ભાઈ, આ તમે છો ? હું તો તમારી પૂછડીને હીંચકો સમજીને હીંચકા ખાઉં છું. બહુ મજા આવી રહી છે. આમ, ખિસકોલી હસીને વૃક્ષની ડાળી ઉપર ચઢી ગઈ.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. રાત્રે ખિસકોલી ક્યાં સૂઈ જતી હશે ?
૨. વાંદરાની પૂંછડીએ કોણ કોણ લટકી શકે ?
૩. તમે કોની પૂંછડીએ લટકીને હીંચકા ખાઈ શકો ?
૪. વાંદરાની પૂંછડી પર વાળ હોય કે ના હોય ?
૫. હીંચકા ખવાય, લાડવા ખવાય, બીજું શું શું ખવાય ?

- ખિસકોલી વાંદરાની પૂછડીથી હીંચકો ઝૂલી. તમે આ વસ્તુઓથી શું - શું કરશો ?

છત્રી ત્રાજવું લાકડી રૂમાલ

- વિદ્યાર્થીઓને રોજિંદી ક્રિયાઓ કઈ કઈ છે તે પૂછી તે ક્રિયા કરવા માટે ક્યાં-ક્યાં સાધનોની જરૂર પડે છે તેની યાદી કરાવી તે ક્રિયાનો અભિનય કરાવો.
- વિવિધ પશુ પક્ષીઓના અવાજનો પરિચય કરાવો.

સમૂહકાર્ય-૨

- રેતિયા મૂળાક્ષરો કરાવો. (પૂંઠા પર ડબલ અક્ષરે મૂળાક્ષર લખી તેના પર ગુંદર લગાવી રેતી ચોંટાડો) અહીં **ક, બ, અ, છ, એ, આ** અને અગાઉ શીખેલા મૂળાક્ષરો લેવા.
- બૉર્ડ પર વિદ્યાર્થીઓની મદદ વડે મૂળાક્ષર **'ક'** થી બનતા શબ્દો લખો.

કબૂતર	કાગડો	કાજુ	કાતર

આ રીતે **બ, અ, છ, એ, આ** થી બનતા શબ્દોનો પણ મહાવરો કરાવો.

- બૉર્ડ પર એક કાના અને માત્રાવાળા શબ્દોનું લેખન કરી તેનો વારંવાર ઉચ્ચાર કરાવો અને બાદમાં તેનું અનુલેખન કરાવી વંચાવો.

નમ	નામ	નમે
આવ	આમ	એમ
એમ	જેમ	કેમ
કામ	કાન	કેમ
વર	વાર	વેર

બને છે બનાવે છે.
કરે છે. કરાવે છે.
બેસ બેસે છે.

- આ અને આગળના એકમમાં શીખેલા મૂળાક્ષરો પરથી બનતા વ્યક્તિ, ગામ અને ચીજ વસ્તુઓનાં નામ બૉર્ડ પર લખી તેનો વારંવાર ઉચ્ચાર કરાવો અને બાદમાં તેનું અનુલેખન કરાવી મુખવાચન કરાવો.
- કાર્ડ પર મૂળાક્ષર લખી તેમાં રંગ પૂરી મૂળાક્ષર તોરણ બનાવડાવો. આ તોરણનું વર્ગમાં સુશોભન કરાવો.
- આપેલા શબ્દો અને વાક્યોની ચિઠ્ઠીઓ બનાવો. તેને વિદ્યાર્થીઓ પાસે ઉપાડાવી તે મુજબ બોલવા કહો. દરેક ચિઠ્ઠીઓ પૂરી થઈ જાય ત્યારે તે બધા શબ્દો બૉર્ડ પર લખી તેને વિદ્યાર્થીઓ પાસે ફરીથી સમૂહમાં બોલાવી લખાવડાવો.

જમ	જેમ	
બસ	બેસ	
છક	છેક	
મન	મને	
આમ	એમ	
કામ	કેમ	
અમે	અમને	

કામ	આમ	બામ
અમર	કાનન	કમર
જનાવર	બજાર	અવાજ
અજગર	અજબ	મગજ
બેસ	બેસે	બેસે છે
કર	કરે	કરે છે
આવ	આવે	આવે છે

આમ આવ, બેસ. કામ કર. બસ કર.

આ બા છે.
બા કામ કરે છે.
આ બેન છે.
બેન રમે છે.
આ મામા છે.
આ કાકા છે.

- **ધજા-પતાકા બનાવવી :** જૂના છાપામાંથી વિદ્યાર્થીઓ પાસે કાતરની મદદ વિના વિવિધ પ્રકારની ધજા-પતાકા બનાવો.
- **ખોયા પાયા :** શાળામાં કોઈપણ વ્યક્તિની કોઈપણ વસ્તુ ખોવાય અને જે બાળકને મળે તે ખોયા પાયાના બોક્ષમાં મૂકે તેવું વાતાવરણ બનાવો.
- **પક્ષી પરબ :** વિદ્યાર્થીઓ દ્વારા શાળા અને ઘરની આસપાસ પક્ષીઓ માટે પક્ષી પરબનું આયોજન કરાવો. તેઓ તેની સારસંભાળ લે તે વાતાવરણ બનાવો. શાળા પરિસરમાં આવતાં પક્ષીઓની ઓળખ કરાવો.
- નીચે જેવી સૂચનાઓ આપો, તે મુજબ વિદ્યાર્થીઓ સ્લેટમાં ચિત્ર દોરશે :
  - એક બંગડી દોરો.
  - તેમાં બે ટપકાં કરો.
  - બે જલેબી દોરો.
  - હવે અડધી જલેબી ભૂંસી નાખો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **'બે બિલાડી અને વાંદરો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

બે બિલાડી અને વાંદરો

એક હતી કાળી બિલાડી ને એક હતી ધોળી બિલાડી. હવે એક વાર એવું થયું કે તેમને એક રોટલો મળ્યો. ધોળી બિલાડી કહે : 'આ રોટલો મારો.' ને કાળી બિલાડી કહે : 'ના, આ રોટલો મારો.' પછી તો ભાઈ, એ બંને વચ્ચે ભારે કજિયો થયો. વળી રોટલાના બે સરખા ભાગ કરતાં બેમાંથી કોઈને આવડે નહીં. હવે કરવું શું ?

નજીકના ઝાડ પર બેઠેલો વાંદરો આ જોતો હતો. તેણે વિચાર્યું કે એવી યુક્તિ કરું કે તે લડતી રહે ને રોટલો આવી જાય મારા પેટમાં. એમને ખબરેય ના પડે. એટલે તે પેલી બિલાડીઓ પાસે આવ્યો. બિલાડીઓએ પોતાની વાત કહી. તેને વાંદરો ઠાવકો થઈ સાંભળી રહ્યો. પછી કહે : 'અરે ! એમાં શું ? ચપટી વગાડતામાં બે ભાગ કરી દઉં. પણ એકદમ સરખા ભાગ કરવા હોય તો ત્રાજવું જોઈએ.' ધોળી બિલાડી નજીકના ઘરમાં જઈ ત્રાજવું લઈ આવી. વાંદરાભાઈએ રોટલાના બે કટકા કર્યા, ને ત્રાજવાના બે પલ્લાંમાં મૂક્યા. પણ આ શું ? એક કટકો મોટો હતો. તે પલ્લું નીચું થઈ ગયું. ને બીજુ પલ્લું ઊંચું થઈ ગયું. હવે બેઉ કટકા સરખા તો કરવા જ પડે ને ! એટલે વાંદરાભાઈએ જે કટકો મોટો હતો તેમાંથી એક બટકું ભરી લીધું. પાછું ત્રાજવામાં મૂક્યું. ને ત્રાજવું કર્યું ઊંચું. તો આ શું ? હવે બીજું પલ્લું નમેલું હતું. બે ભાગ સરખા કરવા તેણે એમાંથી એક બટકું રોટલો ખાધો. ફરી ત્રાજવામાં મૂક્યું. ફરી ત્રાજવું ઊંચું કર્યું. તો હવે ? હવે પાછું પહેલું પલ્લું નીચું હતું.

આ જોઈ ધોળી બિલાડી કહે, 'પણ તમે આમ બટકાં ભર્યા કરો છો તે રોટલો તો પૂરો થવા આવ્યો છે. આમ બટકાં ના ભરો.' તો વાંદરો કહે 'પણ મારે બે ભાગ સરખા તો કરવા પડે ને ! સરખા કરવા બટકાં ભરવાંય પડે.' એમ કરતાં કરતાં આખોય રોટલો વાંદરાભાઈ ખાઈ ગયા. બિલાડીઓ જોતી રહી. વાંદરાભાઈ તો જતા રહ્યા.

કાળી બિલાડી બોલી : 'આપણે સંપીને રોટલો ખાધો હોત તો કેવું સારું થાત !'

૧. આ વાર્તામાં આવતો વાંદરો શું કામ કરતો હતો ?

૨. બે બિલાડીઓ વચ્ચે કઈ બાબતનો ઝઘડો થયો હતો ?

૩. વાંદરાની જગ્યાએ તમે હોવ તો શું કરો ?

૪. બિલાડીઓ સંપીને રહી હોત તો શું થાત ?

૫. કઈ-કઈ ચીજવસ્તુના બે સરખા ભાગ ન થઈ શકે ?

૬. ક્યાં-ક્યાં ફળના બે સરખા ભાગ થાય છે ?

૭. વાંદરો કેવી રીતે બોલે ?

૮. બિલાડીઓ કેવી રીતે લડતી હશે ?

૯. જુદા-જુદા પશુ-પક્ષીઓના અવાજ શીખવો.

- બૉર્ડ પર એક રોટલો દોરો. વિદ્યાર્થીઓને વાર્તા કહેતા જાઓ અને ક્રમશઃ રોટલો ભૂંસતા જાઓ.
- વિદ્યાર્થીઓને ત્રણ-ત્રણના જૂથમાં આ વાર્તાનું નાટ્યીકરણ કરવા કહો.
- **નીચેનાં જોડકણાંનું હાવભાવપૂર્વક ગાન કરો :**

નહાય નદીમાં નહાય,
છોકરો નહાય નદીમાં નહાય.
તરે, ડુબકી ખાય,
છોકરો નહાય નદીમાં નહાય.

પમ પમ પમ પિપુડી વાગે,
ડમ ડમ ડમરું વાગે,
બંસી કનૈયાની વાગે ત્યારે,
છમ છમ છમ ગોપીઓ નાચે.

દૂધ પીએ ને છાશ પીએ,
શૈલીબેન બે ગ્લાસ પીએ,
તાજુ દૂધ ને તાજી છાશ,
શૈલીબેનને ભાવે ખાસ !

રેતીના ઢગલા છે રણમાં,
રણ વસ્યું રેતના કણમાં,
બાળક રમતું અહીંયાં ઘર,
ધજા ફરકતી અહીં ફરફર.

- આ જોડકણાંનું ગાન કરાવો.
- જોડકણાને અનુરૂપ અભિનય કરાવો.
- **પોષક પ્રવૃત્તિઓ :** વિદ્યાર્થીઓને આરોગ્ય, શિસ્ત, સંસ્કાર બાબતની સુટેવ વિકસે તે માટેની પ્રવૃત્તિઓ કરાવો.

- નમસ્તે કરો, પલાઠી વાળીને બેસો, બારી બંધ કરો, કચરો કચરા પેટીમાં નાંખો, આસનપટ્ટા વાળો, શર્ટનું બટન બંધ કરો, વાળ ઓળો, નાક સાફ કરો, હાથ પગ ધોવો, ધ્યાન કરો જેવી વગેરે પ્રવૃત્તિઓ કરાવો અને સમજાવો.

- **મારો ખોરાક**
  - વિદ્યાર્થીઓ ખોરાકમાં શું શું લે છે ? તેની બૉર્ડ પર યાદી બનાવો.
  - બૉર્ડ પર તૈયાર કરેલ યાદીની વિદ્યાર્થીઓને વિગતે જાણકારી આપો.
  - જે તે ખોરાક ક્યાંથી મળે ? કોણ લાવે ? જેવા પ્રશ્નો પૂછો.
  - શેકીને, બાફીને, તળીને તેમજ સીધા ખાઈ શકાય તેવા ખોરાકની બાબતોથી પરિચિત કરાવો.
  - ઋતુ અનુસાર મળતા અનાજ, ખોરાકની ચર્ચા કરો.
  - મને શું વધુ ભાવે ? તમારા ઘરે કોણ જમવાનું બનાવે ? જેવી બાબતોની ચર્ચા કરો.

- **'આવો પારેવાં' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

આવો પારેવાં

આવો પારેવાં, આવો ને ચકલાં,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો પોપટડા, મેનાને લાવજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો કાબરબાઈ, કલબલ ના કરશો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બંટી ને બાજરો, ચોખા ને બાવટો,
ચોકમાં દાણા નાખ્યા છે.
ધોળી છે જાર ને ઘઉં છે રાતડા,
ચોકમાં દાણા નાખ્યા છે.
નિરાંતે ખાજો, નિરાંતે ખૂંદજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બિલ્લી નહીં આવે, કૂતરો નહીં આવે,
ચોકમાં દાણા નાખ્યા છે.
ચકચક કરજો ને કટકટ કરજો,
ચોકમાં દાણા નાખ્યા છે.

- ગિજુભાઈ બધેકા

- તમારા આંગણામાં કયાં-કયાં પક્ષીઓ આવે છે ?
- કયું પક્ષી કેવી રીતે બોલે ?
- વિદ્યાર્થીઓને ખોરાકની કઈ-કઈ ચીજવસ્તુ ખાવી ગમે છે તે બોલવા કહો. તે ચીજ વસ્તુઓ વિશે નીચે મુજબની માહિતી રમત દરમ્યાન મેળવો અને જરૂર જણાયે આપો:
- આનું નામ શું છે?
- શા માટે ગમે છે?
- ખાવા માટે કોણ લાવી આપે છે કે બનાવી આપે છે?
- આની કિંમત કેટલી હોય છે?
- આ કેવી રીતે બનતી હશે?
- આ બનતા કેટલો સમય લાગતો હશે?
- આ બનાવતા સમયે કઈ-કઈ સામગ્રીની જરૂર પડતી હશે?
- તમે આ વસ્તુ બનતી જોઈ છે? ક્યારે? ક્યા? કોની સાથે?

સમૂહકાર્ય-૨

- **વાચન લેખન પ્રવૃત્તિ :**
  - આ એકમમાં આવતા મૂળાક્ષરો **પ, ડ, ત, ણ, ઈ, િ, ી, ૈ** નું વાંચન કરાવો.
  - આ એકમમાં તેમજ અગાઉ શીખેલ એકમના મૂળાક્ષરોનું વાચન અને લેખન કરાવો.
  - બૉર્ડ પર એકમ ૧ અને ૨ના મૂળાક્ષરો લખવા અને મૂળાક્ષરોથી બનતા શબ્દોનું વિદ્યાર્થીઓ પાસે વાચન અને લેખન કરાવવું.
  - બૉર્ડ પર એકમ ૩ અને ૪ના મૂળાક્ષરો લખવા અને મૂળાક્ષરોથી બનતા શબ્દોનું વિદ્યાર્થીઓ પાસે વાચન અને લેખન કરાવવું.
  - બૉર્ડ પર એકમ ૧ થી ૪ના મૂળાક્ષરો લખવા અને મૂળાક્ષરોથી બનતા શબ્દોનું વિદ્યાર્થીઓ પાસે વાચન અને લેખન કરાવવું.
- **મૂળાક્ષર રમત :**
  - આઠ આડા ઊભા ખાનાવાળું એક પઝલ ચોરસ બનાવી તેમાં મૂળાક્ષરો લખવા અને વિદ્યાર્થીઓને તેમાંથી મૂળાક્ષરોનું વાચન અને લેખન કરાવવું.
- **શબ્દ વાચન લેખન :**
  - બૉર્ડ પર પર સરખા ઉચ્ચારવાળા શબ્દો વિદ્યાર્થીઓની મદદથી બનાવો તેમજ આ શબ્દોનું વાંચન અને લેખન કરાવો જેમ કે :- નર - નીર, તર-તીર, પર-પીર, વર-વીર.
  - એકમ ૧ થી ૪ માં આવેલ મૂળાક્ષરોના આધારે બૉર્ડ પર નાનાં નાનાં સાદા વાક્યો લખી વિદ્યાર્થીઓ પાસે વાચન અને લેખન કરાવો જેમ કે, **પાપડ તળ, પાણી પીવા દે.**
  - પૂંઠા કે કાર્ડ પેપરના નાનાં નાનાં કટિંગ કરી તેમાં મૂળાક્ષર લેખન કરવું જેને એક બોક્ષમાં મૂકી બે થી ત્રણ વિદ્યાર્થીઓને રમવા આપો. જેમાં વારાફરથી એક એક મૂળાક્ષર બહાર ગોઠવે અને તેના આધારે વિદ્યાર્થીઓને જે શબ્દ બને તેનું વાચન અને લેખન કરાવો.
- **ચીટક કામ :**
  - પશુ-પક્ષીઓનાં ચિત્રો કાગળ પર દોરાવી તેમાં પેન્સિલનો છોલ, ટીકી કે અન્ય આવી ચીજવસ્તુઓ ચીટકાવવી. વિદ્યાર્થીઓને બધાં ચિત્રોની ઓળખ અને પરિચય આપો તેમજ જરૂરી ચર્ચા કરો.
- **મૂળાક્ષર તોરણ :**
  - વિદ્યાર્થીઓની મદદથી કાર્ડ પેપરના નાના નાના ટુકડામાં લખેલ મૂળાક્ષરોને દોરી પર લગાવી નાના નાના તોરણ બનાવવો.
- **પ્રવૃત્તિ :**
  - વિદ્યાર્થીઓ પાસે તેમણે જોયેલાં પશુ-પક્ષીનાં નામ બોલાવી તેની યાદી બોર્ડ પર કરો.

- બૉર્ડ પરની યાદી મુજબ તે દરેક પશુ-પક્ષીઓનાં નામ લઈ તેનો અવાજ કાઢવા કહો.
- પશુ-પક્ષીઓ જ્યારે મુશ્કેલીમાં હોય કે ગુસ્સે થાય ત્યારે કેવો અવાજ કાઢે છે ?
- પ્રાણીઓ આપણી માફક બોલી શકતાં નથી તો તે તેમની વાતચીત કેવી રીતે કરતાં હશે ?

- **અંગૂઠાની છાપ :** વિદ્યાર્થીઓ પાસે શાહીપેડના ઉપયોગ વડે અંગૂઠાની છાપ પાડી તેમાં મોં, જીવ-જંતુ, વાહન, ફૂલ વિવિધ વસ્તુઓનો આકાર બનાવો.
- **પક્ષી ચણ :** શાળામાં અક્ષયપાત્રમાં એકત્ર થયેલ દાણા-ચણ ચબૂતરામાં નાખે અને અક્ષયપાત્ર માટે દાણા લાવે તેવું વાતાવરણ બનાવો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **'ટોપીવાળો ફેરિયો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

એક ટોપીવાળો હતો. ગામ-પરગામ તે ટોપી વેચી ગુજરાન ચલાવતો. ટોપીની ફેરી કરતો. તે એક બપોરે જંગલમાંથી નીકળ્યો. થોડો આરામ કરવા તે પોટલું બાજુએ મૂકી એક ઝાડ નીચે આડો પડ્યો. ઝાડ ઉપર વાંદરા આવ્યા. તેમણે ટોપીવાળાને જોયો. તેના માથે ટોપી જોઈ. તેની પાસે પડેલું પોટલું પણ જોયું. વાંદરા નીચે આવ્યાં. તેમણે પોટલું છોડી ટોપીઓ માથે પહેરવા માંડી.

થોડી વારે ટોપીવાળો જાગ્યો. પોટલું લેવા હાથ લંબાવ્યો, તો પોટલું ખાલીખમ હતું. ફેરિયાએ ઊંચે જોયું. વાંદરા પોટલામાંની ટોપીઓ માથે પહેરી ઝાડ ઉપર કૂદાકૂદ કરતા હતા. ટોપીઓ પાછી લેવા ફેરિયાએ યુક્તિ કરી. વાંદરાની નકલખોરીના સ્વભાવને તે જાણતો હતો. તેણે પોતાના માથેથી ટોપી હાથમાં લઈ નીચે ફેંકી.

નકલખોરોએ આ જોયું ને તેમણે પણ ટોપીઓ માથેથી ઉતારી નીચે ફેંકી. વાંદરા પાસેથી નીચે આવેલી ટોપીઓ ફેરિયાએ ભેગી કરી લીધી. પછી પોટલામાં મૂકી એ બીજે ગામ જવા ચાલવા માંડ્યો.

૧. આ વાર્તામાં આવતો ફેરિયો શું વેચતો હતો ?

૨. આપણા ગામમાં ક્યા-ક્યા ફેરિયાઓ આવે છે ?

૩. ફેરિયાઓ કઈ-કઈ ચીજવસ્તુઓ વેચતા હોય છે ?

૪. આ વાર્તાનું નાટ્યીકરણ કરાવો.

૫. વિદ્યાર્થીઓ દ્વારા વાર્તાનું કથન કરાવો.

- **બાળગીત :**

'શાકવાળી આવી' બાળગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :

શાકવાળી આવી

આવી રે, આવી રે ભાઈ,
આવી શાકવાળી આવી...
પાલક લાવી, મેથી લાવી,
તાજી તાજી ભાજી લાવી,
મૂછોવાળા મૂળા લાવી.
આવી રે, આવી રે...
ફૂલાવર, કોબીજ, રીંગણ લાવી
કાંદા એટલે ડુંગળી લાવી,
લીલીછમ કોથમીર લાવી.

આવી રે, આવી રે...
ગાજર, પરવળ એની સાથે
બટાકાને શક્કરિયાં
બીટ, દૂધી ને, મરચાં લાવી
આવી રે, આવી રે...

૧. 'શાકવાળી આવી ...' ગીતમાં શાકવાળી જે-જે શાકભાજી લાવે છે તેનાં નામ આપો.

૨. આ શાકભાજી તમને ભાવે છે ? શા માટે ?

૩. કયાં-કયાં શાકભાજી જમીનની અંદર થાય છે ?

૪. કયાં-કયાં શાકભાજી જમીનની બહાર થાય છે ?

૫. કયાં-કયાં શાકભાજી વેલા પર થાય છે ?

૬. કયાં શાકભાજીનો કયો રંગ હોય તેની ચર્ચા કરો.

૭. વિવિધ શાકભાજીના સ્વાદની ચર્ચા કરો.

- **ગામની વિવિધ દુકાન, ખેતર અને જાહેર સ્થળોની મુલાકાત કરાવી તેના વિશે ચર્ચા કરાવો.**
- **અભિનય કરો :**

૧. દોડવું, ચાલવું, કૂદકો મારવો, લંગડી, નાહવું, બ્રશ કરવું, સફાઈ કરવી જેવો અભિનય કરાવવો.

૨. વિવિધ પ્રાણી, પક્ષીઓના અવાજ કાઢવા કહેવું.

૩. પૈસા ગણવાનો અભિનય કરાવવો.

૪. શાકભાજી તોલવાનો અભિનય કરાવવો.

૫. વિવિધ પ્રાણીઓના અભિનય કરાવવા.

- બાળકોને આગળના દિવસે તેના ઘરમાં જે કોઈ રમકડાં હોય તે શાળામાં સાથે લેતાં આવવાની સૂચના આપો. બાળકોએ લાવેલાં રમકડાં પરથી નીચેનાં જેવાં ક્ષેત્રો પર પ્રશ્નો પૂછી માહિતીની આપલે કરાવો.

- આ રમકડું શેનું છે?
- આ વસ્તુ આપણને શું કામ આપે છે?
- આ વસ્તુ ના હોય તો શું થાય?
- આ વસ્તુ શેની બનેલી હશે?
- આપણા જીવનમાં આ વસ્તુની શી અગત્ય છે?

- તમારામાંથી કોના-કોના ઘરે છે?
- તમે તેનો ઉપયોગ કર્યો છે? ક્યારે? કોની સાથે?
- તમને આમાંથી કઈ વસ્તુ ગમે છે? શા માટે?
- આ વસ્તુની આશરે કિંમત કેટલી હશે?
- આ વસ્તુના બીજા ક્યા-ક્યા ઉપયોગ થાય?

સમૂહકાર્ય-૨

- બૉર્ડ પર મૂળાક્ષર લેખન કરાવી વિદ્યાર્થીઓને વાચન કરાવવું. વિદ્યાર્થીઓ વારાફરતી આવે અને તે મૂળાક્ષરો વર્ગના બીજા વિદ્યાર્થીઓને શાંત વાચન કરાવવું.
- **બૉર્ડ પર ઉદાહરણ મુજબ બે ખાનામાં વિવિધ મૂળાક્ષરો લખી તે બંને ખાનામાંથી મૂળાક્ષરો લઈને તેનાથી વિદ્યાર્થીઓ દ્વારા શબ્દો બનાવડાવો.**

પ	ણ	પણ, પાણી		દ	વ	દવા, વાદ, દેવ

- **વર્તુળની રમત :**

  વર્ગમાં વર્તુળ દોરી તેમાં ખાના દોરી વિવિધ મૂળાક્ષર લખો. વિદ્યાર્થીઓની બબ્બે જોડ બનાવી તેને એકસાથે સંગીત સાથે ચાલવાની સમજ આપો. સંગીત વગાડતા વિદ્યાર્થીઓ આ વર્તુળ બહાર ચાલવાનું શરૂ કરી દેશે. સંગીત બંધ થતાં બબ્બેની જોડ જ્યાં ઊભી હોય તેમાંની કોઈ એક જોડીને વર્તુળની જગ્યાએ ખાનામાં લખેલા મૂળાક્ષરને વાંચવા કહો. તે મૂળાક્ષર વાંચીને તેની સાથે ટૂંકા શબ્દો અને વાક્યો બોલવા માટે કહો. ઉદા. 'વ' મૂળાક્ષર આવે તો : વરસાદ - મને વરસાદ ગમે છે. વરસાદમાં નાહવું ગમે છે. મને વરસાદનું પાણી ગમે છે.

- **પ્રવૃત્તિ : મારી જોડ**

  વર્ગના કુલ વિદ્યાર્થીઓને બબ્બેની જોડીમાં વહેંચો. જોડીમાં રહેલા વિદ્યાર્થીઓ પાસે ૧ થી ૫ એકમના તમામ મૂળાક્ષર કાર્ડ તૈયાર કરાવો. દરેકે તૈયાર કરેલ કાર્ડ પોતાની પાસે એક બીજાને દેખાય તેમ પકડવું. હવે શિક્ષક તૈયાર થયેલ મૂળાક્ષર મુજબના શબ્દો બોલે અને વિદ્યાર્થીઓ તે મુજબ ઊભા રહી ગોઠવાય અને શબ્દ બનાવે. વર્ગના તમામ વિદ્યાર્થીઓને એ શબ્દોનું વાચન અને કથન કરાવો.

- ૧ થી ૫ એકમમાં આવતા મૂળાક્ષરો કા.પા. પર લખી મૂળાક્ષરોનું વાચન અને લેખન કરાવવું.

  ૧ થી ૫ એકમમાં આવતા મૂળાક્ષરોને આધારે કા.પા. પર શબ્દો લખી, શબ્દોનું વાચન અને અનુલેખન કરાવવું.

- મૂળાક્ષરની ચિઠ્ઠીઓ બનાવી તેને વિદ્યાર્થીઓ વારાફરતી ઉપાડે તેવું કરાવો. ચિઠ્ઠીમાં આવતા મૂળાક્ષરને લઈને તેનાથી બનતા શબ્દો બનાવવા કહો. ઉદા. છ: છમછમ, છાણ, છાપ, છાબ.....
- **ફૂલ, જીવ-જંતુ, પક્ષીનાં ચિત્રોનો સંગ્રહ :** કોરા કાગળ પર વિદ્યાર્થીઓ પાસે ફૂલ, જીવ-જંતુ, પક્ષીનાં ચિત્રો ચિપકાવી તેની સંગ્રહપોથી બનાવો.
- **પતંગ બનાવવો :** રંગીન કાગળ, સળી, ગુંદર, કાતરનો ઉપયોગ કરીને વિવિધ ડિઝાઈનના પતંગ બનાવો.

સમૂહકાર્ય-૧

- **'લાલુ અને પીલુ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

લાલુ અને પીલુ

એક મરઘી હતી. મરઘીનાં બે બચ્ચાં હતાં. એકનું નામ લાલુ બીજાનું નામ પીલુ. લાલુ લાલ વસ્તુ ખાતું હતું. પીલુ પીળી વસ્તુ ખાતું હતુ. એક દિવસ લાલુએ એક છોડ પર કંઈક લાલ - લાલ જોયું લાલુએ તેને ખાઈ લીધુ. અરે ! આ તો લાલ મરચું હતું.

લાલુની જીભ પર બળતરા થવા લાગી. તે રડવા લાગ્યું. મરઘી દોડતી દોડતી આવી. પીલુ પણ ભાગ્યું. તે પીળો ગોળનો ટુકડો લઈ આવ્યું.

લાલુએ ઝડપથી ગોળ ખાધો. તેનાથી મોંમાં બળતરા બંધ થઈ ગઈ. મરઘીએ લાલુ અને પીલુને પોતાની ગોદમાં લઈ લીધા.

- **શું હોત ?**
- કદાચ લાલુ અને પીલુને સફેદ અને લીલી ચીજ વસ્તુઓ પસંદ હોત તો શું તેમનાં નામ જુદાં જુદાં હોત ? તો પછી તેઓ શું - શું ખાતા હોત ?
- લાલ મરચું ખાતાં જ લાલુની જીભ પર બળતરા થવા લાગી. તમારી જીભ શું શું ખાવાથી બળે છે ?
- જીભ પર બળતરા થાય ત્યારે તમે શું કરો છો ?
- શું વધુ ગળ્યું હોય ?
- શું તીખું હોય ?
- શું ખાટું હોય ?

- **'લાલુ અને પીલુ' વાર્તાનું નાટ્યીકરણ કરો.**
- **નીચે આપેલાં સાધનો કોણ વાપરે છે તે કહો ? અને તેના દ્વારા વ્યવસાયકારોની ચર્ચા કરો.**

કાતર	ચાકડો	સીવવાનો સંચો	વ્હીસલ	હળ
કાંસકો	લેલું	ઈન્જેકશન	આરી	ચોક

- **'તનમનિયો' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

તનમનિયો

પિપૂડીવાળાનો પેલો તનમનિયો
પેલો તનમનિયો.....
ચોરી ગયો એ તો, કેળાંનો કરંડિયો,
કેળાં ખવાય છે ભાઈ, કેળાં ખવાય છે,
છાલો ફેંકાય છે ભાઈ, છાલો ફેંકાય છે,

ચોરી પકડાય છે ભાઈ, ચોરી પકડાય છે,
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે.
પિપૂડીવાળાનો પેલો તનમનિયો
પેલો તનમનિયો...
ચોરી ગયો એ તો ચીકુનો કરંડિયો,
ચીકુ ખવાય છે ભાઈ, ચીકુ ખવાય છે,
ઠળિયા ફેંકાય છે ભાઈ, ઠળિયા ફેંકાય છે,
ચોરી પકડાય છે ભાઈ, ચોરી પકડાય છે,
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે.
પિપૂડીવાળાનો પેલો તનમનિયો
પેલો તનમનિયો...

ચોરી ગયો એ તો, કેરીનો કરંડિયો,
કેરી ખવાય છે ભાઈ, કેરી ખવાય છે,
ગોટલા ફેંકાય છે ભાઈ, છાલો ફેંકાય છે,
ચોરી પકડાય છે ભાઈ, ચોરી પકડાય છે,
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે.
પિપૂડીવાળાનો પેલો તનમનિયો
પેલો તનમનિયો...

ચોરી ગયો એ તો, જાંબુનો કરંડિયો,
જાંબુ ખવાય છે ભાઈ, જાંબુ ખવાય છે,
ઠળિયા ફેંકાય છે ભાઈ, ઠળિયા ફેંકાય છે,
ચોરી પકડાય છે ભાઈ, ચોરી પકડાય છે,
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે.
પિપૂડીવાળાનો પેલો તનમનિયો
પેલો તનમનિયો...

- જો તનમનિયો બોર ખાય તો ગીત કેવી રીતે ગવાય ? ગાઓ.
- 'તનમનિયો' ગીતનું વિદ્યાર્થીઓને અભિયન સાથે ગાન કરાવો.

- બુલબુલ, પોપટ, ચકલી, કબૂતર વગેરે પક્ષીઓ કહેવાય છે. આ સિવાયના અમૂક શબ્દો અહીં આપ્યા છે. તો તેને શું કહેવાશે ?

  ૧. કોબીજ, બટાટા, ભીંડા

  ૨. સંતરાં, કેળાં, સફરજન

  ૩. ગાય, હાથી, કૂતરો

  ૪. મગ, ચણા, તૂવેર

- વિદ્યાર્થીઓને અગાઉથી સૂચના આપી તેમણે લાવેલ માટીમાંથી બાળકોને મનગમતાં વિવિધ રમકડાં બનાવડાવો. (આ રમકડાં બન્યા બાદ વર્ગમાં પ્રદર્શન કરાવો) બાળકોને આ રમકડાં શા માટે ગમે છે તેનાં કારણો પૂછો.

સમૂહકાર્ય-૨

- વિદ્યાર્થીઓને તેમના મિત્રોનાં નામ લખવા કહો.
- વિદ્યાર્થીઓને ભાવતાં ફળ, મીઠાઈ, ખોરાકનાં નામ લખવા કહો.
- વિદ્યાર્થીઓને ગમતાં સ્થળ, રંગનાં નામ લખવા કહો.
- **અનુલેખન કરાવો :**

ઘર	હળ	નળ	મળ
ઝાડ	ઘાસ	ઘાટ	હાડ
હરણ	ચરણ	તળાવ	વાદળ
હળદળ	બળતણ	ગળણી	બરણી
ચાળણી	હાટડી	મરઘી	ટપાલી
પાઘડી	છાબડી	કુમાર	પતાસું
રજૂ	બાપુ	વાજું	બાજુ
પગલું	સાબુ	ખૂબ	કબૂતર

વાંચો અને લખો :

આપ–આપુ	કાપ–કાપુ	ઝાડ–ઝાડુ	છાપ–છાપું
રમ–રમુ	છાણ–છાણું	કેળું–કેળાં	ઘેટું–ઘેટાં
પીછું–પીછાં	કાણું–કાણાં	રીંગણું–રીંગણાં	છાણું–છાણાં

મરચું–મરચાં પગલું–પગલાં ઝરણું–ઝરણાં ટીપું–ટીપાં

ગાડું–ગાડાં લાકડું–લાકડાં

- **શબ્દ અને વાક્યોનું અનુલેખન કરાવી, મોટેથી વંચાવો :**

ગમે	વરસાદ ગમે.	મને વરસાદ ગમે.
કરે	કામ કરે.	બાપા કામ કરે.
માંગે	દાવ માંગે.	બેન દાવ માંગે.
કાપે	ગાજર કાપે.	કાકા ગાજર કાપે.

- **પક્ષીનાં પીંછાનો સંગ્રહ :** વિદ્યાર્થીઓ પાસે ગામનાં વિવિધ પક્ષીઓનાં ઉપલબ્ધ પીંછાઓ મંગાવી તેને કાગળ પર ચિપકાવી સંગ્રહપોથી બનાવો.
- **કાગળની ટોપી, ધજા બનાવવી :** રંગીન કાગળ કે સફેદ કાગળનો ઉપયોગ કરીને ટોપી, ધજા તેમજ તેવી જુદી જુદી કાગળની વસ્તુઓ બનાવો.
- ગામના જુદાં જુદાં કારીગરોની મુલાકાત કરાવો. તેમના કાર્યો અંગેની ચર્ચા અને તેમના સાધનોની ઓળખ કરાવો.

નોંધ

સમૂહકાર્ય-૧

- 'ડ્રાઉં, ડ્રાઉં, ડ્રાઉં અમે દેડકજી' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :

ડ્રાઉં, ડ્રાઉં, ડ્રાઉં અમે દેડકજી

ડ્રાઉં, ડ્રાઉં, ડ્રાઉં અમે દેડકજી
મેઘદૂત અમે મેડકજી...
લીલા, પીળા કાંઈ ચટાપટા શું
અંગ અમારું ન્યારું...
નદી, સરોવર, વાવ-કૂવામાં
છે રહેઠાણ અમારું...
આ ધરતી પર ભરી ઠેકડા
મન ફાવે ત્યાં ફરીએ,
પટાક દેતાં પડી પાણીમાં
પાતાળે પરવરીએ...
ચોમાસાના ચાર મહિના
છે જિંદગી અમારી,
હસતાં, રમતાં, કૂદતાં-ગાતાં
પૂરી થશે એ સારી.

- ગોવિંદભાઈ પરીખ

- 'ફૂલણજી દેડકો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

ફૂલણજી દેડકો

એક કૂવામાં એક દેડકો, દેડકી અને તેમનાં બચ્ચાં રહેતાં હતાં. દેડકો ખૂબ જાડોપાડોને વળી ખાઉધરો પણ ખૂબ. તે એમ જ માને કે મારા જેવું મોટું કોઈ છે જ નહિ. એક વાર દેડકાનાં બચ્ચાં કૂવાકાંઠે રમતાં હતાં. એટલામાં ત્યાંથી એક હાથી પસાર થયો. દેડકાનાં બચ્ચાં તો ગભરાયાં. 'ઓ બાપ રે ! આટલું મોટું પ્રાણી !' એ તો કૂદી પડ્યાં કૂવામાં ને દેડકા-દેડકીને કહેવા લાગ્યાં : 'મા-બાપુ ! અમે એક મોટું પ્રાણી જોયું. તે બહુ... બહુ મોટું હતું.' દેડકી કહે : 'હોઈ શકે.' પણ દેડકો કહે : 'ના, હોઈ જ ના શકે. સૌથી મોટો તો હું જ છું.'

પછી તેણે બચ્ચાંને પૂછ્યું : 'શું તેનું પેટ મારા જેવું હતું ?' એક બચ્ચું કહે : 'અરે બાપુ ! આનાથી તો ક્યાંયે મોટું.' એટલે દેડકાને લાગ્યું ખોટું. તે કહે : 'હવે તું જો કે મારું પેટ કેટલું મોટું છે.' કહી તેણે પેટને ખૂબ ફુલાવ્યું... ખૂબ ફુલાવ્યું. પછી પૂછ્યું : 'બોલ ! આનાથીયે મોટું હતું ?' એટલે બીજું બચ્ચું કહે : 'અરે બાપુ ! આનાથી તો ક્યાંયે મોટું.' દેડકાએ ફરી પેટ ફુલાવવા માંડ્યું. દેડકીને થઈ ચિંતા. તે કહે : 'હવે તમે જીદ છોડો.

બહુ જીદ કરવા જશો તો પેટમાં દુઃખશે.' પણ દેડકો તો માન્યો જ નહીં. ને તેણે પેટ ફુલાવ્યે જ રાખ્યું, ફુલાવ્યે જ રાખ્યું. એટલું ફુલાવ્યું, એટલું ફુલાવ્યું કે છેવટે તેનું પેટ ફાટી ગયું.

નીચે મુજબ પ્રશ્નો પૂછો :

૧. આ વાર્તામાં કૂવામાં દેડકો રહે છે તેમ તમારી જાણ મુજબ કૂવામાં બીજું કોણ રહેતું હોય છે ?

૨. તમે જોયેલાં જાડાપાડા પ્રાણીઓનાં નામ લખો.

૩. તમે કયા-કયા મોટા પ્રાણીઓ જોયા છે ?

૪. તમે કેટલું પેટ ફુલાવી શકો?

૫. આપણા વર્ગમાં સૌથી મોટું કોણ છે ?

૬. બૉર્ડ પર એક દેડકો દોરી ક્રમશઃ તેણે પેટ ફૂલાવ્યું તે વાર્તા સાથે દોરતા જાઓ.

- **'એક કબૂતર નાનું' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

એક કબૂતર નાનું

એક કબૂતર નાનું, એને બહુ ગમે ઊડવાનું
એ ઊડ્યું છાનુંમાનું,
તો કબૂતરના પપ્પા બોલ્યા ઘૂ...ઘૂ...ઘૂ... એક કબૂતર...
કહે કબૂતર ગાઉં, આભે ઊડવા જાઉં,
તળાવમાં જઈ ન્હાઉં;
તો કબૂતરના કાકા બોલ્યા ઘૂ...ઘૂ...ઘૂ... એક કબૂતર...
કબૂતર તો રોતું, આંસુ આવ્યું મોટું,
મમ્મી સામે જોતું;
તો કબૂતરના મમ્મી બોલ્યાં ઘૂ...ઘૂ...ઘૂ... એક કબૂતર...

- રમેશ પારેખ

- **નીચે આપેલાં ઉખાણાંનું હાવભાવપૂર્વક ગાન કરો :**

ગોળ ગોળ છું,
લાલ લાલ છું,
ગળ્યું ગળ્યું છું,
કાંટા વચ્ચે થાઉં છું,
પણ નાનું નાનું છું,
બોલો, હું કોણ છું?

રંગે પીળું
ખાટું સ્વાદે
શરબત માટે રાખે
ચતુર હોય તે ચાખે.

મોટું મોટું લાંબુ ગોળ,
લીલી છાલમાં રાતું ચોળ,
જવાબ આપવા ખોળમખોળ.

લૂમખે લૂમખાં થાઉં છું,
નાની હું ગણાઉં છું,
સ્વાદે ખાટી-મીઠી છું,
વેલા પર હું લટકી છું.
બોલો, હું કોણ છું !

કાચી હોઉં તો લીલી છું,
પાકી થાઉં તો પીળી છું
ચીરિયાં કરો કે કરો રસ,
ખાઓ મને હવે બસ.

જમરૂખ સાથે દાડમ લાવો,
લાવો દ્રાક્ષ ખાટી,
બચુભાઈ તો ભણવા બેઠા,
હાથમાં રાખી પાટી.

ભરતપુરનો ભત્રીજો
ને કરણપુરના કાકા,
ધોતીયાને પહેરવામાં
બેઉ પૂરા પાકા.

યશોદા તારો કાનો કાળો,
રાસ રમે છે નખરાળો.
મટકી ફોડે, મારગ રોકે,
એવો છે એ અટકચાળો.

ધરમપુરના પશાકાકા,
આંખે ઓછું જુએ.
એવું ઓછું કે પોતાના
પગને પણ ના જુએ !

ફર ફર ફર ફર ફરતું જાય,
સર સર સર સરતું જાય.
ઝાડે ઝાડે જોતું જાય,
પતંગિયું તો રમતું જાય.

- શિક્ષકે પોતાના સ્થાનિક વિસ્તાર અનુસાર આવાં અન્ય જોડકણાં વિદ્યાર્થીઓને કહેવાં. અહીં **ભ, ય, ધ** અને **ફ** મૂળાક્ષરો પર વિશેષ ધ્યાન આપવું.
- સૂચના આપી ચિત્ર દોરાવો :

  સ્લેટમાં એક ચોરસ દોરો. તેમાં બે ચોકડી પાડો. બંન્ને ચોકડી પર ગોળ કરો.

સમૂહકાર્ય-૨

- **રમત :**

  દેડકા દોડ :

  મેદાનમાં એક સાથે ૮-૧૦ વિદ્યાર્થીઓને એક હારમાં દેડકાની જેમ ઊભા રહેવા કહેવું. શિક્ષક સંકેત આપે એટલે બધાં બાળકો દેડકાની જેમ કૂદતા કૂદતા નક્કી કરેલી રેખા સુધી પહોંચશે. જે પહેલો આવે તે જીતે.

- **કાચબા કૂચ :**

  વિદ્યાર્થીઓને હારમાં કાચબા જેવી અદામાં ઊભા રહેવા કહેવું. શિક્ષક સંકેત આપે એટલે અત્યંત ધીમે ધીમે હાથ પગ હલાવતા બધા ચાલવા માંડે. વચ્ચે રોકાયા વિના નક્કી કરેલી રેખા સુધી જે સૌથી ધીમું એટલે કે છેલ્લું આવે તે જીતે. વચ્ચે રોકાઈ જતું વિદ્યાર્થી આઉટ ગણાશે.

- **મૂળાક્ષર ઓળખ** - કાર્ડ / પટ્ટી / ઘૂઘરાની મદદથી નવા મૂળાક્ષર ઓળખાવવા.

- **ચિત્રકામ** - પૂંઠા પર કાચબાનું ચિત્ર દોરવું. શિક્ષક પાટિયા પર ચિત્ર દોરી બતાવે. વિદ્યાર્થીઓ પૂંઠા પર દોરે. ચિત્ર દોર્યા બાદ એના પર ગુંદર લગાડી પેન્સિલ છોલ રંગીન કાપડ - કાગળના ટૂકડા ચોટાડે.

- **વાંચન** - **ભ, ય, ધ, ફ, ો, ૌ** મૂળાક્ષર ઓળખે અને તેના આધારે શબ્દો અને વાક્યો બનાવી વંચાવો.

  - ભૂપત ધજા ફરકાવ.
  - અરુણા ધીરજ રાખ.
  - રજનીભાઈએ દેવના પિતા છે.
  - ફોરમ ફાનસ સળગાવ.
  - સવિતાબેન ભજન ગાય છે.

- ચિઠ્ઠી ઉપાડી શબ્દ પરથી વાક્ય બનાવો :

ધજા	ભમરડો	ફળ	યાદ
ભાગ	ફાનસ	ભય	ભેંસ

- **શબ્દ અંતાક્ષરી :**

  વર્ગના વિદ્યાર્થીઓના બે જૂથ પાડવાં. એક જૂથ જે શબ્દ બોલે તે શબ્દનો છેલ્લો મૂળાક્ષર જે હોય તેના આધારે બીજું જૂથ શબ્દ બોલશે. બીજું જૂથ જે શબ્દ બોલે તેના છેલ્લા મૂળાક્ષરના આધારે પ્રથમ જૂથ શબ્દ બોલે. આમ, શબ્દ ભંડોળ વધારવા રમત રમાડો :

જેમ કે,

જૂથ ૧	**જૂથ ૨**
ખેતર	રકાબી
બાજરી	રોટલી

- **જૂથ જે શબ્દો બોલે તે બૉર્ડ પર લખતા જાઓ :**

  ત્યારબાદ નીચે જેવા પ્રશ્નો પૂછો :

  - 'ભ' વાળા કેટલા શબ્દો છે ?
  - 'ફ' વાળા શબ્દો ફરતે ચોકથી વર્તુળ કરો.
  - બૉર્ડ પર લખેલા શબ્દોમાં કેટલા પક્ષીઓના નામ છે ?

- **બૉર્ડ પર એક શબ્દ લખો. વિદ્યાર્થીઓને તેમાંથી કયા કયા શબ્દ બને છે તે શોધવા કહો.**

તાજમહેલ :	જમ	મહેલ
કમળ કાકડી :	કમળ	કડી

- **દીવાસળી વડે વિવિધ આકારો :** કાગળ પર ગુંદર વડે દીવાસળીથી વિવિધ આકૃતિઓ અને ડિઝાઈન તૈયાર કરાવો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **અભિનય કરાવવો :**

ચાર પગે ચાલવું	પ્રાર્થના કરવી	કાગળમાંથી હોડી બનાવવી
પથારી કરવી	પગથિયાં ઊતરવાં	બંગડી પહેરવી
કપડાં ધોવાં	રમકડાંથી રમવું	વૃક્ષારોપણ કરવું
જમવું	રોટલી વણવી	છાપું વાંચવું
ઊંઘી જવું	ચૂલા પાસે બેસી તાપવું	નાહવું
બ્રશ કરવું	ડૉક્ટર	ડ્રાઈવર
રીક્ષાચાલક		

- **'હું પણ' સંગીતવાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

હું પણ...

એક ઈંડામાંથી બતકનું બચ્ચું નીકળ્યું,
અને બોલ્યું "લ્યો, હું ઈંડામાંથી બહાર આવ્યું,"
એક બીજા ઈંડામાંથી મરઘીનું પીલુ નીકળ્યું.
અને બોલ્યું "લ્યો, હું પણ પણ આવી ગયું,"
બતકનું બચ્ચું કહે,
"હું ફરવા જાઉં છું."
પીલુ કહે,.
"હું પણ આવીશ."
બતકનું બચ્ચું કહે,.
"હું ખાડો ખોદુ છું."
પીલુ કહે,
"હું પણ ખોદીશ."
બતકનું બચ્ચું કહે,
"મને એક અળસિયું મળ્યું."
પીલુ કહે,.
"મને પણ અળસિયું મળ્યું.
બતકનું બચ્ચું કહે,
"મેં એક પતંગિયું પકડ્યું."

પીલુ કહે,.

“મેં પણ પતંગિયું પકડ્યું.”

બતકનું બચ્ચું કહે,.

“હું તરવા માગું છું.”

પીલુ કહે,

“હું પણ તરવા માગું છું.”

બતકનું બચ્ચું કહે,.

“જુઓ, હું તરું છું.”

પીલુ કહે,.

“હું પણ તરીશ.”

પણ આ શું..... બતકનું બચ્ચું તરે, મરઘીનું બચ્ચું કઈ તરે ?

એ તો ડૂબવા લાગ્યું.

બચાવો ..... પીલુ એ બૂમ પાડી.

બતકના બચ્ચાએ પીલાને પાણીમાંથી બહાર કાઢ્યું.

પછી બતકના બચ્ચાએ મરઘીના બચ્ચાને શું કહ્યું હશે ?

- શિક્ષક બતકનું બચ્ચું બને અને બધા વિદ્યાર્થીઓ પીલુ બને – આ રીતે સંવાદ ક્રમશઃ આગળ વધારો.

  શિક્ષક : હું કેળું ખાઈશ.

  વિદ્યાર્થીઓ : હું યે કેળું ખાઈશ.

  શિક્ષક : હું કૂદકા મારીશ.

  વિદ્યાર્થીઓ : હું યે કૂદકા મારીશ.

- **સૂચના મુજબ ચિત્ર દોરવા કહો :**

  - એક ઈંડું દોરો. તેના પર બે આંખો અને એક મોઢું દોરો. ઈંડાને ટોપી પહેરાવો.

- **અહીં આપેલ ચીજવસ્તુઓમાં કઈ-કઈ ચીજ વસ્તુઓ પાણીમાં ફેંકવાથી મુલાયમ થઈ જશે. (બૉર્ડ પર ટેબલ બનાવવું)**

  - કાગળ, લાકડું, ગ્લાસ, રોટલી, બિસ્કીટ, પ્લેટ, પત્તાં, ચણા, રૂ, પાપડ

મુલાયમ થાય.	મુલાયમ નહીં થાય.

- **નીચેનાં જોડકણાંનું ગાન કરો :**

અમે છીએ પંખીડાં,
ગાઈએ મીઠાં ગીતડાં.
કાનને બદલે મીડાં,
મૂકીએ અમે ઈંડાં.

- **વિદ્યાર્થીઓને કાગડો / કાબર / ચકલી જેવાં પક્ષીઓના કાન કેવડા હોય તે અવલોકન કરવા કહેવું. ત્યારબાદ તેમને સમજાવવું કે પક્ષીઓને આપણા જેવાં કાન હોતા નથી.**

સમૂહકાર્ય-૨

- **ઢ, ઠ, શ, થ** થી બનતા શબ્દો બૉર્ડ પર લખી મોટેથી વાંચન કરાવવું.
- **ગંજીફાની રમત :**

  વિદ્યાર્થીઓને ઉપયોગી એવી અહીં આપવામાં આવેલ કેટલીક શબ્દજોડીનો ઉપયોગ કરી તેનો ગંજીફા (પત્તાં) બનાવો.

હવેલી - તપેલી	ચંપલ - જંગલ	લડવૈયા - ઘડવૈયા	કાબર - કાતર
સુંદર - ગુંદર	કાકડી - લાકડી	વડ - થડ	ખેતર - તેતર
ભણીએ - ગણીએ	બંગડી - લંગડી	ઊંટગાડી - બકરાગાડી	આંખ - પાંખ
ધોળું - કાળું	દરિયો - ઠળીયો	પાંચ - વાંચ	વેલ - ઢેલ
ડુંગર - ઉંદર ચોર - શોર	ગાગર - સાગર	બાગ - સાગ	
લુહાર - સુથાર	વાંદરો - ભમરો	લીમડી - દાડમડી	ચડે - પડે
ખજૂર - મજૂર	સોટી - રોટી	ઓટલો - ચોટલો	રમીએ - જમીએ

- દરેક વિદ્યાર્થીને એક-એક પત્તુ આપો, એક વિદ્યાર્થી વાંચે - 'કાકડી' તેના પ્રાસવાળા શબ્દવાળો વિદ્યાર્થી તેની પાસે જઈ વાંચશે 'લાકડી'.
- વિદ્યાર્થીઓ આમ પત્તાં વડે ઢગલાબાજીની રમત પણ રમી શકે.
- **નીચેના શબ્દોનું વાંચન કરાવી અનુલેખન કરાવો અને શબ્દોનો ભેદ સમજાવો.**

ટકારા - ટંકારા	રગ - રંગ	વાસ - વાંસ	કટક - કંટક
ગાહું - ગાંડુ	ચિતા - ચિંતા	કાપ - કાંપ	ભાગ - ભાંગ
જગ - જંગ	હસ - હંસ		

- **રમત :**

  'કાગડો ઉડે... ફરર્ર...' રમત રમાડવી.

- **શિક્ષક બોલે અને વિદ્યાર્થીઓ 'હા' કે 'ના' માં જવાબ આપે :**

- ચકલી માળો બાંધે ..... હા
- કબૂતર માળો બાંધે ..... હા
- કોયલ માળો બાંધે ..... ના
- લાલ ગુલાબ ..... હા
- પીળું ગુલાબ ..... હા
- પીળો મોગરો ..... ના
- કેરીનું ઝાડ ..... હા
- ચીકુનું ઝાડ ..... હા
- દ્રાક્ષનું ઝાડ ..... ના

- **નીચેની શબ્દ જોડીઓ / વાક્યો બૉર્ડ પર લખો. પ્રથમ તમે મોટેથી વાંચો, વિદ્યાર્થીઓ તે શબ્દો / વાક્યો મોટેથી બોલશે. ત્યારબાદ વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી મોટેથી વાંચે અને બીજા વિદ્યાર્થીઓ સમૂહમાં મોટેથી વાંચે તેવું આયોજન કરો.**

કૂતરો - કૂતરા ખભો - ખભા કાચબો -કાચબા કૂવો - કૂવા	વાટકી -વાટકો કાંકરી - કાંકરો ખીલી -ખીલો	કાળો નાગ ધોળો ઘોડો સફેદ ખમીસ નાનો ગોટલો
દડો - દડા ફૂવારો - ફૂવારા ગોળો - ગોળા રોટલો - રોટલા	છોકરી - છોકરો ભારી - ભારો ગોટલી -ગોટલો	ગાય ખાય ઘાસ ઘોડો ખાય ચણા વાંદરો ખાય કેળું બકરી ખાય પાંદડાં

- **જૂના છાપામાંથી કોઈ એક મૂળાક્ષરથી શરૂ થતા શબ્દો શોધવાની પ્રવૃત્તિ કરાવો :**
  - દરેક વિદ્યાર્થીને અલગ અલગ મૂળાક્ષરો આપીને તે મૂળાક્ષરથી શરૂ થતા શબ્દો શોધાવવા.
  - પોતાના નામમાં સમાવિષ્ટ મૂળાક્ષરો શોધવાની રમત જૂથમાં રમાડવી.
  - તે શબ્દો મોટેથી વંચાવો.
- **નીચેનાં વાક્યો બૉર્ડ પર લખી મુખવાચન કરાવો :**

સારી પંચાયત ગામની શોભા છે.

સારી નિશાળ ગામની શોભા છે.

લીલાછમ ખેતરો ગામની શોભા છે.

સ્વચ્છ કૂવો, તળાવ ગામની શોભા છે.

રમતાં, ભણતાં વિદ્યાર્થીઓ ગામની શોભા છે.

- **ઢ, ઠ, શ, થ** ના ચાર ખાનાં બનાવવાં. ચારેયા ખાનાંમાં એક-એક મૂળાક્ષર ક્રમિક લખવો. હવે **ઢ, ઠ, શ** અને **થ** ના નાના કાર્ડ બનાવીને વિદ્યાર્થીઓને ક્રમિક રમત રમાડવી. જેમાં આ નાના કાર્ડ જે મૂળાક્ષરનું હોય તે મૂળાક્ષરના ખાનાંમાં નાખવા કહેવું.
- **મારા સાથી રમત : ઢ, ઠ, શ, થ** મૂળાક્ષર પહેરી ચાર વિદ્યાર્થીઓ ઊભા રાખવા. નીચે બેઠેલા વિદ્યાર્થીઓને આ ચાર મૂળાક્ષર પરથી બનતા શબ્દકાર્ડ આપવાં.

  ઢ - વાળો વિદ્યાર્થી બોલે મારા સાથીઓ

  ઠ - વાળો વિદ્યાર્થી બોલે મારા સાથીઓ

  શ - વાળો વિદ્યાર્થી બોલે મારા સાથીઓ

  થ - વાળો વિદ્યાર્થી બોલે મારા સાથીઓ
- મૂળાક્ષરોની ટીમના સાથીઓ ચાર અલગ-અલગ જગ્યાએ ટીમ બનાવી લાઈનમાં ઊભા રહેશે. વિદ્યાર્થીઓને વારાફરતી તમામ શબ્દોનું વાંચન કરાવો.
- **શું ભાવે છે ? શું નથી ભાવતું ? બોર્ડમાં કોઠો દોરી વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા.**

વસ્તુ	રસથી ખાવું ગમે?	ખાવું પડતું હોય તે?	બિલકુલ નહિ ભાવતું
જલેબી			
પકોડી			
રીંગણ			
બરફનો ગોળો			
કારેલું			
દૂધ			
બટાટા			
કેરી			

- **સંગીત ખુરશી :** ૧ થી ૭ પાઠમાં આવતાં તમામ મૂળાક્ષરના કાર્ડ વિદ્યાર્થીઓના ગળામાં પહેરાવવા અને

સંગીત ખુરશી રમાડવી. જે આઉટ થાય તે કયો મૂળાક્ષર આઉટ થયો તેનું ઉચ્ચારણ કરાવવું.

- **ઢ, ~~ઠ, શ~~, થ જેવા ~~મૂ~~મૂળાક્ષરો ~~ના~~ માટીમાં ~~આકાર~~ બનાવીને વાચન કરાવવું.**
- રેતિયા અક્ષર પર આંગળાં ફેરવવાં. આંખો બંધ રાખી મૂળાક્ષર ઓળખવા. ત્યારબાદ શબ્દો વંચાવવા તેમજ લેખન માટેનો મહાવરો કરાવવો.
- લેખન કાર્ય કરાવવું. શબ્દકાર્ડ આપી લેખન વાચન કરાવવું.
- મૂળાક્ષરના પાસા બનાવવા અને વંચાવવા.
- બટન, સળીઓ વગેરેમાંથી મૂળાક્ષર બનાવવા, વંચાવવા તેમજ લખાવવા.
- ચિત્ર પરથી મૂળાક્ષર વાચન લેખન કરાવવું.
- બૉર્ડ પર નીચે જેવી ખાલી જગ્યા લખો. વિદ્યાર્થીઓ તેમાં મૂળાક્ષર સૂચવે તે લખી મોટેથી વંચાવો. આવી અન્ય ખાલી જગ્યા લખી વિદ્યાર્થીઓને જાતે તેમાં મૂળાક્ષર લખવા કહો.

  મ ન, પ ન, ના ડી, પા ડી,

  ઠ — યો, ઢ — લો, થ — , ર — ઈ

- **ઢ, ઠ, શ** અને **થ** મૂળાક્ષરથી બનતા શબ્દોનું લેખન કરાવો :

  ઢ , ઠ , શ , થ

- અનુલેખન કરાવવું.

  ઢ, ઠ, શ, થ, અનુસ્વારથી બનતા શબ્દોનું અનુલેખન કરાવો.

- **ઢ, ઠ, શ, થ, ડ, ધ, સ, ગ** જેવા મૂળાક્ષરો બૉર્ડ પર લખી તેનો સમૂહ ઉચ્ચાર કરાવવો. વિદ્યાર્થીને બોલાવવા અને બૉર્ડ પર લખાવવું. દરરોજ ચાર-પાંચ મૂળાક્ષર લઈ તેનું પુનરાવર્તન કરો.
- શ્રુતલેખન કરાવવું.

  ઢ, ઠ, શ, થ અનુસ્વારથી બનતા શબ્દોનું શ્રુતલેખન કરાવો.

- પોતાના પરિવારમાં રહેતા સભ્યોનાં નામ વંચાવવાં અને લખાવવાં.
- લીમડો, આંબો, પીપળો, ગાય, કૂતરો વગેરેનાં ચિત્રો મૂકી તેના વિષે વાચન અને લેખન કરાવવું.
- **પર્ણ તોરણ :** સ્થાનિક ઉપલબ્ધ વૃક્ષો આસોપાલવ, આંબો જેવાં અન્ય વૃક્ષનાં પર્ણોમાંથી તોરણ અને વર્ગ તેમજ શાળામાં લગાવો.

સમૂહકાર્ય-૧

- **'આળસુ કાગડો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

આળસુ કાગડો

એક હતો કાગડો. તેનો સ્વભાવ આળસુ. બીજી એક કાબર. બહુ કામગરી. આખો દિવસ કામ કર્યા કરે. બન્નેએ સહિયારી ખેતી કરી.

ખેતીમાં જુદાં જુદાં કામ, ખેડવાનું, વાવવાનું, ઊપણવાનું અને દાણા કાઢવાનું. કાબર દરેક કામમાં કાગડાને બોલાવે,

કાબર : 'ચાલો, કાગડાભાઈ ખેડવા જઈએ.'

કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'

કાબર : 'ચાલો, કાગડાભાઈ વાવવા જઈએ.'

કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'

કાબર : 'ચાલો, કાગડાભાઈ નીંદવા જઈએ.'

કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'

કાબર : 'ચાલો, કાગડાભાઈ લણવા જઈએ.'

કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'

કાબર : 'ચાલો, કાગડાભાઈ ઊપણવા જઈએ.'

કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'

છેવટે ભાગ વહેંચવાનો વખત આવ્યો, દાણાનો ઢગલો નાનો અને ભૂંસાનો ઢગલો મોટો હતો કાગડાભાઈ તો વહેલા વહેલા આવ્યા.

કાબર : 'લ્યો કાગડાભાઈ, તમારો ભાગ.'

કાગડો : આ મોટો ભાગ મારો, એમ કરી મોટા ઢગલા ઉપર જઈ બેસી ગયો. કાગડાભાઈ ભૂંસામાં ખૂંપી ગયા.

અન્ય સંદર્ભ વાર્તા :

'સંપ ત્યાં જંપ' (કબૂતર શિકારીની જાળમાં ફસાય અને સંપીને એક સાથે ઊડી જાય.)ની વાર્તા.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. કાબરે કરેલા કાર્યોને બૉર્ડ પર લખી વિદ્યાર્થીઓને તેનો ક્રમ આપવા કહો :

☐ નીંદવું ☐ લણવું ☐ વાવવું ☐ ઉપણવું ☐ ખેડવું

૨. તમને કોણ ગમ્યું ? કાગડો કે કાબર ? કેમ ?

૩. ખેતી કરે તેને શું કહેવાય ?

૪. ખેડૂત કયાં કયાં કામ કરે છે ?

૫. તમે ખેતર જોયું છે ?

૬. ખેતરમાં શું શું હોય છે ?

- ખેડૂત વાવે, લણે, ખેડે... એમ અન્ય વ્યવસાયકારો ક્યાં ક્યાં કામ કરે તેની ચર્ચા કરો.
- **'આવો મેઘરાજા' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

આવો મેઘરાજા

આવો મેઘરાજા, વગડાવો વાજાં,
પીપી પીપી પોમ પોમ (૨)
મુશળધાર મુશળધાર ...
વરસે છે પાણીડાધાર
છલબલ છલબલ છોમ છોમ (૨)
રેલમછેલ રેલમછેલ ...
નદી નાળાં રેલમછેલ
સરરર સરરર સોમ સોમ (૨)

- 'છલબલ છલબલ' જેવા બીજા શબ્દો બનાવો.
- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. વરસાદ કઈ ઋતુમાં આવે છે ?

૨. ચોમાસાના ચાર મહિના કયા કયા છે ?

૩. પાણી કયાં કયાં હોય છે ?

૪. પાણીનો ઉપયોગ કયાં કયાં થાય છે ?

૫. પાણીમાં રહેતાં પ્રાણીઓ કયાં કયાં ?

- **અભિનય કરો :**
  - હોડી હંકારવી
  - છત્રી સાથે ચાલવું
  - પાણીમાં છબછબીયાં કરવા
  - પ્રાર્થના કરવી
  - દોરડા કૂદવા
  - ચાર પગે ચાલવું
  - અદબ વાળવી
  - ક્રિકેટમાં બેટ્સમેન, બૉલર, ફિલ્ડર, અમ્પાયર

એકમ-૯ : આ દાતરડું કેવું ? સમૂહકાર્ય

- **ગાન :**

  શિક્ષક વર્ગમાં કવિતાનું ગાન કરીને વિદ્યાર્થીઓને કાવ્યગાનનો મહાવરો કરવો. પ્રથમ પંક્તિ શિક્ષકગાન અને બીજી પંક્તિ વિદ્યાર્થી ગાન કરે તેમ કાવ્યગાન પૂર્ણ કરવું.

- **'આ દાતરડું કેવું ?' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

'આ દાતરડું કેવું ?'

આ દાતરડું કેવું ? ઘાસ કાપે એવું.
આ ઘાસ કેવું ? ગાય ખાય એવું.
આ ગાય કેવી ? દૂધ આપે એવી.
આ દૂધ કેવું ? દહીં થાય એવું.
આ દહીં કેવું ? માખણ થાય એવું.
આ માખણ કેવું ? ઘી થાય એવું.
આ ઘી કેવું ? લાડુ થાય એવું.
આ લાડુ કેવા ? વિદ્યાર્થીઓ ખાય એવા.

- **અંદાજ લગાવો :**

  ૧. એક વટાણામાં કેટલા દાણા ? અંદાજ લગાવો.

  ૨. એક મગફળીના કેટલા દાણા ? અંદાજ લગાવો.

  ૩. એક વાલોળમાં કેટલા દાણા ? અંદાજ લગાવો.

  ૪. એક પાકા કારેલામાં કેટલા બી ? અંદાજ લગાવો.

- **મારું ચિત્ર :** વિદ્યાર્થીઓને કાગળ આપી તેના પર મનગમતાં પ્રાણી, પશુ, પક્ષી, જીવજંતુ દોરવા માટે કહો. તેમાં રંગો પુરાવો. દરેક પાસે વ્યક્તિગત તૈયાર થયેલા ચિત્રોને વર્ગમાં એકબીજાને બતાવવા કહો. દરેક બાળક પોતાના ચિત્રને બીજાના ચિત્ર સાથે સરખાવી તેના વિશે નીચે જેવી પ્રવૃત્તિ કરાવો.

  - તમારી પાસે જે ચિત્ર છે તે કોનો ખોરાક છે ?
  - તમારા ચિત્રના પ્રાણી સાથે અન્ય કોણ-કોણ રહી શકે છે ?
  - તમારા ચિત્રના પ્રાણીનો ખોરાક અન્ય બીજા કયા પ્રાણી જેવો છે ?
  - વિશેષ વિગતો કઈ-કઈ છે?
  - કયું પ્રાણી ક્યાં રહે ?

સમૂહકાર્ય-૨

- **વાંચો અને સમજો :**

એક ઝાડ પર કેટલા પાન ?
જેટલા માથાના વાળ ?
જેટલા માથાના વાળ
એટલા ગધેડાની પૂંછડીના વાળ ?
ગધેડાની પૂંછડીના વાળ

રમત - કેટલું ?
ઊંટ કેટલું ઊંચું ?
હાથી જેટલું ?
વીજળીના થાંભલા જેટલું ?
..... જેટલું ?

હાથી કેટલો મોટો ?
તમારા ઘરના પટારા જેટલો ?
ઊંટ જેટલો ?
પહાડ જેવડો ?
..... જેવડો ?

કીડી કેટલી નાની ?
ખાંડના દાણા જેવડી ?
ખાતરના દાણા જેવડી ?
ઈલાયચીના દાણા જેવડી ?
..... જેવડી ?

- **ગણી શકાય કે ના ગણી શકાય ?**
- **ગણી શકાય ની સામે 'હા' અને ના ગણી શકાય ની સામે 'ના' લખો :**

માથાના વાળ		ઘરના સભ્યો કીડીના પગ
શર્ટનાં બટન	ઝાડનાં પત્તાં	આકાશના તારા
વાઘના દાંત	આપણાં કપડાં	હાથ-પગની આંગળીઓ

- **શબ્દો અને વાક્યો બૉર્ડ પર લખીને અનુલેખન કરવા આપો :**

૧. સૌરભ ગાયો ચરાવે છે.

૨. મૌલિક ફળ વેચે છે.

૩. મને ચોક આપો.

૪. શૈલેશ પપૈયું ખાય છે.

૫. વૈશાખ એક મહિનો છે.

- **શબ્દોનું શ્રુતલેખન કરાવો :**

મૈસુર	કૈલાશ	મનોજ	કમલેશ	કૌરવ
સુખ	પુર	ચૂલો	ખૂણો	ડાંગ

- **આ સ્થળોની મુલાકાત કરાવો : શું - શું હોય? કોણ - કોણ હોય? તે વિગતો જણાવો :**

  દવાખાનું નિશાળ બજાર

  ખેતર ગામની દુકાન રસોડું

- **એકમ ૧ થી ૮ માં આવતા તમામ મૂળાક્ષરો પરથી શબ્દ બનાવવા તેમજ વાંચન અને લેખન કરાવવું :**

  - ખૂટતા અક્ષરોમાં ખાલી જગ્યા રાખી તેવા શબ્દો બૉર્ડ પર વંચાવવા અને લખાવવા.

  - શબ્દકાર્ડ પરથી વાક્યો બનાવી લેખન કરાવવું.

- **ઓળખો આને શું કહેવાય ? (બૉર્ડ પર લખો.)**

  દાડમ, કેરી, જામફળ, પપૈયા - **ફળ**

  અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર - _____ ઘેટું, બકરી, ઊંટ - _____

  લાલ, પીળો, વાદળી - _____ બટાટા, રીંગણ, ભીંડા - _____

  ચકલી, મોર, કબૂતર - _____ હાથ, પગ, માથું - _____

  ગુલાબ, બારમાસી, ગલગોટો - _____ રીક્ષા, બસ, મોટર - _____

- **પ્રાણીનાં મહોરાં :** સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સામગ્રીમાંથી વિવિધ પ્રાણીઓનાં રંગીન મહોરાં બનાવો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **વિદ્યાર્થીઓને નીચેના વ્યક્તિઓની ક્રિયાઓનો મૂકઅભિનય કરી બતાવવો અને તેઓ તે ઓળખી કાઢશે. ત્યારબાદ વિદ્યાર્થીઓ પાસે અભિનય કરાવવો તે આધારે ચર્ચા કરાવવી :**

ખેડૂત	શિક્ષક	દૂધવાળો
ટપાલી	છત્રી ઓઢીને જવાનો	કેળું ખાઈ છાલ ડસ્ટબીનમાં નાખવી
કચરો કાઢવાનો	રોટલા બનાવવાનો	

- **વિદ્યાર્થીઓને રેલગાડી બનાવીને 'જંગલ કેરાં પ્રાણીઓની' ગીત ગવડાવો :**

જંગલ કેરાં પ્રાણીઓની...

જંગલ કેરાં પ્રાણીઓની છુક છુક ગાડી ચાલી,
છુક છુક છુક છુક છુક છુક કરતી છુક છુક ગાડી ચાલી.
સૌથી આગળ કાળો હાથી એન્જિન એ કહેવાય,
હાથી ઉપર બેઠું સસલું ડ્રાઈવર એ કહેવાય,
મોટાં મોટાં ફળ એ હાથીને દેતું જાય.
જંગલ આખું ધમધમ થતું પક્ષીઓ ગભરાય.....
લાંબી ડોકે જિરાફભાઈ જંગલ જોતા જાય,
વરુ અને શિયાળ એના પગમાં અથડાય,
કાણી આંખે કાગડાભાઈ જંગલ જોતા જાય,
હરણ અને સાબર, ઠેકડા મારતા જાય....
કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય,
પાંદડાની ટિકિટ તપાસે ચેકર એ કહેવાય,
સૌથી પાછળ ઝંડી લઈને રીછભાઈ જાય,
પીપ પીપ પીપ પીપ પીપ પીપ સીટી વગાડે, ગાડી ઊપડી જાય...

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. સસલાને બદલે બીજું કોણ ડ્રાઈવર બની શકે ?

૨. પક્ષીઓ કેમ ગભરાતાં હશે ?

૩. તમને ક્યારે ક્યારે બીક લાગે છે ?

૪. તમને શાની શાની બીક લાગે છે ?

૫. તમે કયાં કયાં વાહનોમાં બેઠા છો ?

૬. હાથીના બદલે આ ગાડીનું એન્જિન કોણ બની શકે ?

૭. વાંદરાભાઈ ટિકિટ ચેક કરે અને સિંહ ટિકિટ વગર ગાડીમાં બેઠો હોય તો વાંદરાભાઈ શું કરશે ?

- **સૂચના મુજબ ચિત્ર દોરાવો :** સ્લેટમાં રેલગાડીના પાંચ ડબ્બા દોરો. બીજા ડબ્બા પર મીંડું દોરો. ચોથા ડબ્બા પર ફૂલ દોરો. (આવી અન્ય સૂચનાઓ આપો.)

- **રમત :**

જંગલમાં જુદાં જુદાં પ્રાણીઓની ચાલ ચાલવા કહેવું. વિદ્યાર્થીઓને વર્તુળમાં ચાલવા કહેવું. શિક્ષક વચ્ચે ઊભો રહી પ્રાણીઓનાં નામ બોલે એમ વિદ્યાર્થીઓ ચાલે તેમજ મોઢેથી પ્રાણીઓના અવાજ પણ કરે.

- **'મિત્રની મદદ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

મિત્રની મદદ

એક તળાવમાં કાચબો રહેતો હતો. તેને તળાવની નજીક ઝાડની બખોલમાં રહેતા શિયાળ સાથે દોસ્તી થઈ ગઈ. એક દિવસે તે બન્ને તળાવની કિનારે વાતો કરતા હતા. એવામાં ત્યાં એક દીપડો આવી ચડ્યો. જેથી બન્ને પોત-પોતાના ઘરની બાજુ જીવ બચાવવા ભાગ્યા. શિયાળ તો ઝડપથી ભાગીને ઝાડની બખોલમાં ઘુસી ગયું. પણ કાચબાથી તેની ધીમી ચાલના કારણે તળાવ સુધી પહોંચી શકાયું નહીં.

દીપડો એક જ છલાંગમાં કાચબા સુધી પહોંચી ગયો. કાચબાને ક્યાંય છૂપાવાનો પણ મોકો ના મળ્યો. દીપડાએ કાચબાને મોંથી પકડી ખાવા માટે ઝાડ નીચે લઈ ગયો. પરંતુ દીપડાએ દાંત અને નખનું પૂરું જોર લગાવવા છતાં કાચબાની શરીરના સખત ખાલ પર સહેજ પણ આંચ ના આવી. શિયાળ બખોલમાંથી આ બધું જોતું હતું.

શિયાળે કાચબાને બચાવવાની યુક્તિ વિચારી. તેણે બખોલમાંથી બહાર ડોકીયું કરી જોયું અને ચતુરાઈ સાથે બોલ્યું - દીપડાજી, કાચબાની આ સખત ખાલ તોડવાનો હું ઉપાય બતાવું તમને ? તેને પાણીમાં ફેંકી દો. થોડી જ વારમાં પાણીમાં રહેવાથી તેની સખત ખાલ નરમ થઈ જશે.

જો તમને યોગ્ય લાગે તો અજમાવી જુઓ. દીપડાએ કહ્યું - ઠીક છે, જોવું ત્યારે ! આમ કહી તેણે કાચબાને પાણીમાં ફેંકી દીધો. બસ, પછી શું થાય, કાચબો પાણીમાં જતો રહ્યો !

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. શિયાળે કાચબાને બચાવવા શું ઉપાય વિચાર્યો ?

૨. દીપડાએ શું મૂર્ખતા કરી ?

૩. દીપડાની આ મૂર્ખતાથી કાચબાને શું ફાયદો થયો ?

૪. કાચબો તળાવમાં અને શિયાળ બખોલમાં રહેતું હતું તો દીપડો ક્યાં રહેતો હતો ?

- **વાતચીત :**

જ્યારે દીપડો આવ્યો ત્યારે કાચબો અને શિયાળ વાતો કરતા હતા. વિચારો કે તે શું વાતો કરતા હશે ? તમે તમારા મિત્ર સાથે મળીને વિચારો.

વિદ્યાર્થીઓને તે વાતચીત નાટક દ્વારા રજૂ કરતાં શીખવો.

- **કાચબાની ચાલ :**

કાચબો ઘણો જ ધીમે-ધીમે ચાલે છે એટલા માટે જે ધીમે ચાલે છે એને આપણે એમ કહીએ છીએ કે - તે કાચબાની જેમ ચાલે છે !

- **હવે બતાવો, આમના માટે શું કહેશો :**

૧. જે ઝડપથી દોડે છે.

તે _____ ની જેમ દોડે છે.

૨. જે ઘણું સારું તરે છે.

તે _____ ની જેમ તરે છે.

- **વર્તમાન પત્રના બાળ વિભાગમાં આવતી વાર્તા વાંચી સંભળાવો.**

સમૂહકાર્ય-૨

- **શું ડૂબશે અને શું તરશે :**

આપેલી વિગત શિક્ષકે બૉર્ડ પર લખવી જેમાં વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ કરીને ખરા (✓) ની નિશાની કરશે.

ચીજવસ્તુઓ	ડૂબશે	તરશે
ચોક પથ્થર રૂ કાગળ પાંદડું પેન્સિલ રબર		

- **'ત્ર' થી શરૂ થતા શબ્દો લખી તેનું વાંચન અને અનુલેખન કરાવો :**

ઉદા. ત્રીજું, ત્રિકમ, ત્રુટી, ત્રિશૂલ, ત્રિમૂર્તિ, ત્રિકોણ, ત્રાડ, ત્રાસ, ત્રાજવું, ત્રિશંકુ, ત્રિફળા ...

- **'ષ' આવતો હોય તેવા શબ્દો લખી તેનું વાંચન અને અનુલેખન કરાવો :**

  ઉદા. પોષ, શૈલેશ, પુરુષ, ભાષા, દોષ

- **'જ્ઞ' આવતો હોય તેવા શબ્દો લખી તેનું વાંચન અને અનુલેખન કરાવો :**

  ઉદા. જ્ઞાન, આજ્ઞા, વિજ્ઞાન, જીજ્ઞા, યજ્ઞ

  - **નીચેના શબ્દો બૉર્ડ પર લખો, મોટેથી વાંચો, વંચાવો અને અનુલેખન કરાવો.**

    જાડું × પાતળું સારું × ખરાબ

    નાનું × મોટું લાંબુ × ટૂંકું

  - **અલગ શબ્દ કયો ? (બૉર્ડ પર લખી શોધવા કહો.)**

    છત્રી - વરસાદ, તડકો, કાગળ

    રાત્રી - ચંદ્ર, સૂર્ય, તારા

- બૉર્ડ ઉપર ૧ થી ૫ એકમના મૂળાક્ષરો લખવા અને વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ થતો હોય તેવા શબ્દો બોલશે તે બૉર્ડ પર લખો. તે મોટેથી વંચાવો. ત્યારબાદ તે શબ્દો ભૂસી નાખી તેનું શ્રુતલેખન કરાવો.

  ગ,મ,ન,જ, વ,ર,સ,દ, ક,બ,અ,છ,

  પ,ડ,ત,ણ, લ,ટ,ચ,ખ

- **પક્ષીનાં મહોરાં :** સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સામગ્રીમાંથી વિવિધ પક્ષીઓનાં રંગીન મહોરાં બનાવો.

- પ્રાણી-પક્ષીઓ અને જીવજંતુઓના રહેઠાણનો પરિચય કરાવો. શક્ય તેટલા રહેઠાણોની મુલાકાત કરાવો. ત્યારબાદ તે અંગેની ચર્ચા કરો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **નીચેની વાર્તા હાવભાવ સાથે કહો :**

યજ્ઞનો ઘોડો

(વાલ્મિકિ ઋષિના આશ્રમ પાસે લવ બેઠેલો છે. બે ઋષિકુમારો છે. એવામાં યજ્ઞનો શણગારેલો ઘોડો આવતો જણાય છે. લવ ઊભો થઈ જાય છે.)

લવ : અરે, આ તો યજ્ઞનો ઘોડો. ચાલો એને પકડીએ.

પહેલો ઋષિકુમાર : ગુરુદેવ તો કહેતા હતા કે એની પાછળ મોટું લશ્કર હોય. ઘોડાને બાંધે એને લડાઈ કરવી પડે.

લવ : (ઘોડાને પકડી લેતાં) મેં તો આ પકડ્યો ઘોડાને. આ રામની હિંમત તો જુઓ ! આશ્રમની જગામાં ઘોડાને મોકલીને તે આપણને નમાવવા માગે છે. એ તે કેમ ચાલે ?

બીજો ઋષિકુમાર : આને આશ્રમની ગૌશાળામાં બાંધી આવું ?

લવ : એ જ બરાબર છે. રામને પણ ભલે ખબર પડે કે દુનિયામાં શેરને માથે સવાશેર છે. કુશભાઈને પણ ઘોડો બતાવજો. (ઋષિકુમાર ઘોડાને લઈ જાય છે. ત્યાં એક સૈનિક આવે છે.)

સૈનિક : ઊભા રહો, છોકરાઓ, ઘોડાને છોડી દો. આ તો રાજા રામચંદ્રજીનો ઘોડો છે. એને બાંધશો તો લડાઈ કરવી પડશે.

લવ : (ધનુષ્ય સંભાળતાં) તો અમે તૈયાર છીએ.

કુશ : (પ્રવેશીને) હા, હા, અમે તૈયાર છીએ.

લવ : ભાઈ કુશ, હમણાં તું ખસી જા, આ એકલો છે. એની સાથે હું એકલો જ લડીશ.

(બેઉ લડે છે. લવ સૈનિકને જમીન પર પછાડે છે. લશ્કરના બીજા સૈનિકો આવે છે. એમને પણ લવ-કુશ હરાવે છે.)

સુમંત : અરે ! આટલા નાના છોકરાઓએ આટલા બધા સૈનિકોને હરાવી દીધા !

ચંદ્રકેતુ : અજબ છોકરાઓ લાગે છે !

સુમંત : છોકરાઓ, હવે હદ થાય છે. રાજા રામચંદ્રજીનું વધુ અપમાન હવે સાંખી શકાશે નહીં.

(લડાઈ આગળ ચાલે છે. લવ અને કુશ આખી સેનાને હરાવે છે.)

પહેલો ઋષિકુમાર : વાહ ! તમે તો લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન બધાને હરાવી દીધા ! હવે તો રામ જાતે આવવા જોઈએ. હું જઈને ગુરુદેવને ખબર આપું છું.

(તે જાય છે. રામ અંગદ, હનુમાન વગેરે સાથે પ્રવેશે છે.)

રામ : (લવ-કુશને જોઈને) વાહ ! કેવા રૂપાળા કુમારો છે !

લવ : ઊભા રહો. લડવા તૈયાર થઈ જાઓ.

રામ : હું બાળકોની સાથે લડાઈ કરતો નથી. તમે કોના પુત્રો છો, તે કહેશો ? (ઋષિ વાલ્મીકિ પ્રવેશ કરે છે.)

વાલ્મીકિ : રામ, આ લવ-કુશ તમારા પુત્રો છે, સીતા-માતાના પુત્રો છે. (લવ-કુશ તરફ જોઈને) બેટા, આ તમારા પિતા મહારાજ રામચંદ્રજી, તેમને પ્રણામ કરો. (લવ-કુશ રામને પ્રણામ કરે છે.)

રામ : (બેઉને ભેટીને) આવો, બેટા ! ધન્ય છે તમને ! તમને જોઈને હું બહુ રાજી થયો.

વાલ્મીકિ : ચાલો, બધા આશ્રમમાં જઈએ. સીતાજી ચિંતા કરતાં હશે. ચાલો. (બધા જાય છે.)

- **હવે નીચે જેવા પ્રશ્નો પૂછો.**

  ૧. તમને આ વાર્તામાં કોણ બહુ ગમ્યું ? કેમ ?

  ૨. આપણા ગામમાં ક્યારે ક્યારે ઘોડો આવે છે ?

  ૩. લવ કુશને ધનુષ બાણ વડે લડતાં આવડતું હતું, તમે શાનાથી લડો છો ?

  ૪. તમારે ભાઈબંધ / બહેનપણી સાથે લડાઈ થાય છે ?

  ૫. કઈ કઈ વાત માટે લડાઈ થાય છે ?

  ૬. લવકુશે પહેલાં કોને હરાવ્યા ? ત્યારબાદ કોણ લડવા આવ્યું ? (વાર્તાના ક્રમ મુજબ આવા પ્રશ્ન પૂછો)

- **'યજ્ઞનો ઘોડો'** વાર્તાનું ફરી મુખવાંચન કરો. વિદ્યાર્થીઓને સૂચના આપો કે વાર્તામાં જોડાક્ષરવાળા શબ્દો આવે કે તરત તેઓ તાલી પાડશે.

- **'યજ્ઞનો ઘોડો'** આ વાર્તાનું નાટ્યીકરણ કરાવો.

- **નીચેનું ગીત અભિનય સાથે ગવડાવો :**

મેં તો ફુગ્ગો પાળેલ છે.

કોઈ પાળે કુરકુરિયું ને કોઈ પાળે ગાય,
એ ભાઈ.... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.
ફુગ્ગામાંથી બને કબૂતર, ફુગ્ગામાંથી ચક્કો,
ફુગ્ગામાંથી બનતો જોકર એની માથે ટક્કો.
દોરી સાથે બાંધુ તો અધ્ધર અધ્ધર જાય..

એ ભાઈ.... એ ભાઈ... એ ભાઈ, ભાઈ, ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.
લાકડી ઉપર બાંધુ તો ફુગ્ગો વાજું થાય,
સાઈકલ સાથે બાંધુ તો મારી સાઈકલ સ્કૂટર થાય.
ખિસ્સામાં મૂકું તો છાનો માનો સૂઈ જાય...
એ ભાઈ.... એ ભાઈ... એ ભાઈ, ભાઈ, ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

- રમેશ પારેખ

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

  ૧. ફુગ્ગાની જેમ બીજા કોની કોની સાથે દોરી બાંધી શકાય ?

  ૨. તમે કોઈ પ્રાણી/પક્ષી પાળ્યું છે ?

  ૩. તમને ફુગ્ગો ફુલાવતા આવડે છે ?

  ૪. ફુગ્ગો ખિસ્સામાં સૂઈ જાય અને તમે ક્યાં સૂવો છો ?

  ૫. બિલાડી ક્યાં સુઈ જતી હશે ?

  ૬. ગાય ક્યાં સૂવે છે ?

  ૭. મચ્છરનો ખાટલો કેવડો હશે ?

  ૮. તમે તમારા ખિસ્સામાં શું શું ભરો છો ?

- એક વાક્ય શિક્ષક બોલે પછી એના સંદર્ભે દરેક વિદ્યાર્થીઓ એક એક વાક્ય બોલતા જાય અને વાર્તા આગળ વધતી જાય.

  દા.ત. શિક્ષક : એક ગામ હતું.

  વિદ્યાર્થી-૧ તેનું નામ નવા નદીસર

  વિદ્યાર્થી-૨ તેમાં એક ઊંચો માણસ રહેતો હતો.

- વિદ્યાર્થીઓને પશુઓ, પક્ષીઓ અને જંતુઓના રહેઠાણ વિશે માહિતી આપો. કેટલાંક પશુઓ, પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણ વિશિષ્ટ હોય છે, તે પૂછો અને તેની માહિતી આપો.

  દા.ત. ઘોડો-તબેલો, કીડી-દર, ઉધઈ-રાફડો, સાપ-દર, સુગરી-માળો,

  ૧. ક્યાં-ક્યાં પક્ષીઓ માળો બનાવે છે ?

  ૨. ક્યાં-ક્યાં પશુઓને રહેઠાણની જરૂરિયાત નથી ?

  ૩. ક્યાં-ક્યાં જીવજંતુઓ વૃક્ષ પર રહે છે ?

૪. ક્યાં-ક્યાં જીવજંતુઓ ઊડી શકે છે ?

૫. ક્યાં-ક્યાં જીવજંતુઓ ઊડી શકતા નથી ?

- **નદી પર્વત :** આ રમતને સજીવ નિર્જીવ સાથે જોડી કુદકો મારીને સજીવમાં પગ મૂકવા ત્યાર બાદ નિર્જીવ કહે ત્યારે પગ પાછા કુદકો મારી પર્વત પર મૂકવા. પગ મૂકવામાં ભૂલ કરે તે આઉટ ગણાય. આ રમત વર્ગમાં ચોકથી એક રેખા દોરી નદી પર્વત વર્તુળ બનાવી તમામ બાળકોને સમૂહમાં રમત રમાડો.

સમૂહકાર્ય-૨

- **રમત :**

શિક્ષક બે ટુકડી પાડી વિદ્યાર્થીઓ પાસે મનગમતા શબ્દો બોલાવતા જઈ બૉર્ડ પર લખતા જવું. ત્યારબાદ બંને ટુકડીમાંથી એક એક વિદ્યાર્થીને બૉર્ડથી થોડે દૂર ઊભા રહેશે. ત્યારબાદ શિક્ષક બૉર્ડ પર લખેલા શબ્દો પૈકી એક એક શબ્દ બોલશે અને બંને વિદ્યાર્થીઓ પોતાનાં નક્કી કરેલાં ચિહ્નો એ શબ્દ પર કરશે. જે પહેલાં ચિહ્ન કરશે તે ટીમને પોઈન્ટ મળશે. આમ જેના વધારે ચિહ્નો થશે તે ટુકડી વિજેતા થશે. ચિહ્નો **X** અથવા O કે જુદા જુદા કલર ચૉક પણ રાખી શકાય.

- **રમત – વિદ્યાર્થીઓને સાચી ટુકડી સુધી પહોચાડો :**

વિદ્યાર્થીઓને જે તે નામનાં કાર્ડ બનાવી ગળામાં પહેરાવવા. ચાર મૂળાક્ષરવાળા કાર્ડની ટુકડી રાખવી. એમાં અન્ય નામવાળા વિદ્યાર્થીઓએ પોતાના નામ ઓળખી જે તે ટુકડીમાં જવું.

ચાર ટુકડીના મૂળાક્ષર (**ક્ષ, શ્ર, રૂ, ઋ**)

રૂપેશ, હર્ષ, અમી, શૈલી, રૂચુતા, સંધ્યા, શ્રેણિક, શાશ્વત, ઋષભ, શ્રુતિ, રૂપા, અક્ષય, શ્રીયા, ઋકમણી, ક્ષત્રિય, ઋષિ, ક્ષમતા, ...

આ રીતે અન્ય મૂળાક્ષરો બદલીને પોતાના જ નામ રાખીને પણ રમત રમાડી શકાય.

- **હવે નીચેના શબ્દો બૉર્ડ પર લખો અને મોટેથી વંચાવો.**

આશ્રમ - ઋષિનો નિવાસ	યજ્ઞ - હોમ, હવન	સૈનિક - યોદ્ધા
અજબ - અદ્‌ભુત	ગૌશાળા - ગાયોનું રહેઠાણ	સેના - લશ્કર
સાંખવું - સહન કરવું.		
વૃક્ષ - ઝાડ	ઔષધિ - દવા	શ્રમ - મહેનત
આશ્રય- વિસામો	શ્રદ્ધા - વિશ્વાસ	આશ્ચર્ય - નવાઈ
ભિક્ષા - ભીખ	ક્ષણ - પળ	લક્ષ્ય - નિશાન

- **નીચેના શબ્દો બૉર્ડ પર લખો અને મોટેથી વંચાવો :**

પહેલો × છેલ્લો	પકડવું × છોડવું	જવું × આવવું
હાર × જીત	આગળ × પાછળ	

- **નીચેના શબ્દો બૉર્ડ પર લખો. વિદ્યાર્થીઓ તેનું અનુલેખન કરી શબ્દોમાં 'ક્ષ' પર ગોળ કરશે :**

અક્ષર	ઝેરોક્ષ	ક્ષત્રિય	ક્ષાર
ભક્ષક	દક્ષા	નક્ષત્ર	ક્ષમા
રક્ષક	રક્ષા	અક્ષીર	રક્ષણ
મૂળાક્ષર	અક્ષરધામ	રાક્ષસ	ક્ષત્રાણી

- **નીચે આપેલી આડી-ઊભી ચાવીની મદદથી કોષ્ટકમાંથી શબ્દો શોધાવી ◯ કરાવો : (કોષ્ટક બૉર્ડ પર દોરવું અને ચાવીઓ મોટેથી વાંચવી)**

આ	વિ	ત્રા	જ	વું	અ
આ	શ્ર	મ	સા	મુ	ક
રૂ	મ	દા	ડ	મ	ળ
મા	કા	ત્રા	ડ	પો	ત્રિ
લ	ક્ષ	મા	પ	ષ	લો
પે	ણ	જ્ઞા	ક્ષા	ર	ક

- **આડી ચાવી :**
  - ઋષિનો નિવાસ – આશ્રમ
  - ખારા પાણીમાં વધુ હોય- ક્ષાર
  - ઘરનો એક ખંડ – રૂમ
  - માફી એટલે - ક્ષમા
  - વજન કરવા વપરાય- ત્રાજવું
  - સિંહ ની રાડ – ત્રાડ

....

- **ઊભી ચાવી :**
  - વીતેલી પળ –ક્ષણ
  - મહેનત એટલે- શ્રમ
  - મોં લૂછવા વપરાય – રૂમાલ
  - ગુજરાતી મહિનાનું નામ – પોષ
  - ન કળી શકાય તેવું – અકળ
  - ત્રણ લોકનો સમૂહ – ત્રિલોક

- **બૉર્ડ પર શબ્દો લખો, વિદ્યાર્થીઓ તેના પરથી વાક્ય બનાવી લખશે અને વર્ગ સમક્ષ પોતાના વાક્ય મોટેથી વાંચશે :**

શ્રદ્ધા	અક્ષર
ઋતુ	રૂપિયા

- શિક્ષકે ધારેલો શબ્દ માટેની માત્રાઓ આ રીતે લખવી અને ટુકડી ૧ અને ૨ માં વારાફરતી પૂછવું. જે ટુકડી ધારેલો શબ્દ પૂર્ણ કરે તે વિજેતા. આમ વિવિધ શબ્દોથી પુનરાવર્તન કરાવી શબ્દો લખાવવા.

  ધારેલો શબ્દ : ગુજરાત = તરાજગુ રાતજગુ જગતરા રાજગુત

- **શિક્ષકે કા.પા. પર દોરેલા ચિત્રમાં ખૂટતું અંગ આંખે પાટા બાંધી પૂરું કરાવવાની પ્રવૃત્તિ કરાવવી :**
  - ઉંદરનું ચિત્ર દોરી તેમાં પૂંછડી બાકી રાખવી.
  - હાથીનું ચિત્ર દોરી તેમાં સૂંઢ બાકી રાખવી.

  આવાં અન્ય ચિત્રો દોરવાં.

- **પ્રાણીઓની ઓળખ માટે જાણીતાં ઉખાણાં :**

  બોલોભાઈ કોણ ?/ બોલો બોલો / વિચારો જોઈએ કોણ ? / ઓળખો તો મને કોણ ? / ચતુર જવાબ / બોલો બોલો શું છે ? / હવે કોણ જવાબ આપશે ?

  ૧. ધમ ધમ ચાલે અને સુપડા જેવા કાન,
  કાળો કાળો પહાડ જેવો લગાવે એ તાન. (હાથીભાઈ)

  ૨. ડાળે ડાળે કૂદે અને હૂપાહૂપ કરે,
  લાકડી લઈ મારવા જઈએ તોય એ ન ડરે. (વાંદરાભાઈ)

  ૩. એઠું જુઠું ખાતો ધાન, કાળો કાળો એનો વાન
  ત્રાંસી આંખે જોતો જાય, કોયલનો એ ભાઈ. (કાગડાભાઈ)

  ૪. અઢારે અંગ વાંકાં છે, રણોમાં તો હું વહાણ છું,
  ઓછા પાણીએ ચલાવું છું, ને બાવળ બોરડી ખાઉં છું. (ઊંટભાઈ)

  ૫. તબડક તબડક દોડું છું, ગોળ ચણા ખાઉં છું,
  પ્રતાપનો હું મિત્ર છું, અને બે અક્ષરે ઓળખાઉં છું. (ઘોડો)

  ૬. શ્વેત મારો વર્ણ છે, હોંચી હોંચી કરું છું,
  કુંભારનો હું મિત્ર છું, અને ભાર વહન કરું છું. (ગધેડાભાઈ)

  ૭. ભરી ફાળ પણ મૃગ નહિ, નહીં સસલો, નહીં શ્વાન,
  મોં ઊંચુ પણ મોર નહિ, સમજો ચતુર સુજાણ. (દેડકાભાઈ)

  ૮. ધોળો ધોળો ધબ, લાંબો લબ, પાણી જોતો ઊભો ઠગ,
  મચ્છી દેખી કરે ઝપટ, વરતો એને ઝટપટ. (બગલાભાઈ)

  ૯. દરમાં રહું પણ ઉંદર નહિ, ઝાડે ચડું પણ વાંદર નહિ,
  રંગ મારો કાળો, કરડવાનો ચાળો. (મંકોડાભાઈ)

  ૧૦. પઢતો પણ પંડિત નહિ, પૂર્યો પણ નહીં ચોર,
  ચતુર હોય તો ચેતજો, પધુરો પણ નહી મોર. (પોપટભાઈ)

- **કસીએ બુદ્ધિ કરીએ વિચાર, ઓળખી બતાવો તમામ નામ :**

  ૧. કાળી ધોળી કાબરી, નગરી જોતી જાય,
  લાખો રૂપિયા આપતાં, મૂલ ના એના થાય (આંખો)

  ૨. લાંબો છે પણ નાગ નહીં, કાળો પણ કાગ નહીં,
  તેલ ચડે હનુમાન નહીં, ફૂલ ચડે મહાદેવ નહીં (ચોટલો)

  ૩. કાનો માતર રહે આઘા, રોજ ખાઓ તો રહો તાજા (સફરજન)

  ૪. એક નાના ઝાડના પંજા જેવાં પાન,
  દાંડી તો છે લાંબી તેના ફળનું છે બહુ માન (પપૈયું)

  ૫. કાંટાવાળો છોડ, જેના સુગંધી છે ફૂલ,
  રાતાં પીળાં ધોળાં થાનાં, એનાં છે અમૂલાં મૂલ (ગુલાબ)

  ૬. એક એવા કડવા ભાઈ, ફૂલ છાલ પાન કડવાં
  રાયણ જેવાં ફળ વાળી, તે પણ મીઠા કડવા (લીમડો)

  ૭. વાતો કરે પણ જાન નહીં, હવામાં ઊડું પણ પક્ષી નહીં,
  ગાયન ગાઉં પણ ગવૈયો નહીં, દોરડા વિના તાર માફક જાઉં નહીં (રેડિયો)

  ૮. છત વિનાનું છાપરું, જે દુનિયા સઘળી ઢાંકે,
  ચાંદ, સૂરજ, તારાનું ઘર, જે લોકો સઘળા આંકે (આકાશ)

  ૯. સાગરની હું દીકરી, પવનમામા તાણી જાય,
  ગામ આવે તો વરસુ, નદી-નાળાં ઉભરાય (વાદળ)

- **ડિઝાઈન રંગપૂરણી :** કાગળ પર વિશિષ્ટ ડિઝાઈન દોરાવી તેમાં વિવિધ રંગો પૂરાવો.

- શાળા બાગ, ઘર, વાડી, ખેતર કે ગામમાં થતી સ્થાનિક વનસ્પતિના નામની યાદી કરાવી તેનો પરિચય કરાવો. (જરૂર જણાયે જે તે વનસ્પતિનું નિદર્શન કરાવી તેની ઉપયોગીતા સમજાવો)

- **ક્યારા બનાવવા :** છોડ વાવ્યા બાદ છોડને ફરતે ક્યારો કેમ કરવો તેનું પ્રેકટીકલ કરાવો.

સમૂહકાર્ય-૧

- **'બે મિત્રો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

બે મિત્રો

બે મિત્રો હતા.

એક વાર તે બંને પરદેશ જવા નીકળ્યા.

જંગલમાં થઈને પસાર થઈ રહ્યા હતા.

અચાનક જંગલની ઝાડીમાંથી એક જંગલી રીંછ આવી ચડ્યું. બેમાંથી એક મિત્રે રીંછને દૂરથી જ આવતું જોઈ લીધું. આ મિત્ર પૂરો સ્વાર્થી હતો. તે પોતાના મિત્રને ચેતવણી આપવા પણ ન થોભ્યો અને પોતાનો જીવ બચાવવા માટે પાસેના ઝાડ પર સડસડાટ ચઢી ગયો.

બીજા મિત્રે રીંછને જોયું. એની નજીકમાં પણ ઝાડ હતું. પરંતુ શરીરથી એ મિત્ર થોડો જાડો હતો અને તેની પાસે એટલો સમય પણ નહોતો કે ઝટપટ ઝાડ પર ચઢી શકે.

તેમ છતાં તે તીવ્ર બુદ્ધિનો હતો. એણે રીંછના સંબંધમાં એક વાત સાંભળી હતી, તે યાદ આવી ગઈ કે રીંછ કદી મરેલા માણસના મુડદાને ખાતું નથી તે હંમેશાં શિકાર કરીને જ ખાય છે.

તરત જ તે જમીન પર ચત્તોપાટ સૂઈ ગયો. શ્વાસ રુંધીને પડ્યો રહ્યો - જાણે કે મુડદું ન હોય !

રીંછ એની નજીક આવ્યું. આ માણસ જીવતો છે કે મરેલો તેની ખાતરી કરવા રીંછે એનાં નાક, કાન, આંખ અને એ પ્રમાણે એનું આખું શરીર સૂંઘી જોયું.

છેવટે રીંછે એને ફરીથી સૂંઘ્યો અને આ માણસ મરેલો છે એવી પોતાના મનથી ખાતરી થતાં ત્યાંથી ચાલ્યું ગયું.

પેલો સ્વાર્થી મિત્ર ઝાડ પર બેઠો બેઠો આ બધું જોયા કરતો હતો. રીંછના ચાલ્યા ગયા પછી એ ઝાડ પરથી નીચે ઉતરી આવ્યો.

તેણે પૂછ્યું : 'કેમ ભાઈ, આ રીંછ તારું કાંઈ સગું થતું હોય એમ લાગે છે. પણ એ તો કહે, એણે તારા કાનમાં મોઢું ઘાલીને તને કાનમાં શું કહ્યું ?'

બુદ્ધિશાળી મિત્રે ધીમેથી જવાબ આપ્યો : 'ભાઈ, એણે મારા કાનમાં એક ખૂબ જ અગત્યની વાત કરી. એણે મને કાનમાં કહ્યું કે, સંકટના સમયે પોતાનો જીવ બચાવવા નાસી જનાર સ્વાર્થી મિત્રથી હંમેશાં ચેતતો રહેજે !'

પેલો સ્વાર્થી મિત્ર આ સાંભળીને એકદમ શરમાઈ ગયો.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમને કોના જેવું બનવું ગમે ?

૨. રીંછે પહેલાં શું સુંઘ્યું ?

૩. તમારે જંગલમાં ચાલતા જવું હોય તો કોની સાથે જશો ?

૪. તમારા મિત્રોનાં નામ લખો.

૫. તમે તમારા મિત્રને કેવી કેવી મદદ કરો છો ?

૬. સૂંઘીને ઓળખી શકાય એવા કયા કયા પદાર્થો છે ?

૭. તમને ઝાડ પર ચઢતાં આવડે છે ?

૮. આપણા શરીરનાં અંગોનાં નામ કહો.

૯. તમે જવાબ બોલો વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછશે :

- શિક્ષક : બે મિત્રો જંગલમાંથી જતા હતા.
- વિદ્યાર્થી : કોણ જંગલમાં જતા હતા ?

- પાત્ર અભિનય - વાર્તામાં આવતાં પાત્રોનો વિદ્યાર્થીઓ પાસે અભિનય કરાવવો.
- અભિનય સાથે આ વાર્તાના સંવાદ વિદ્યાર્થીઓને કરાવવા.
- આ વાર્તાનું નાટ્યીકરણ કરાવો.
- વિદ્યાર્થીઓ દ્વારા વાર્તા કથન કરાવો.
- વર્તમાનપત્રના બાળ વિભાગમાંથી વાર્તા વાંચી સંભળાવો.
- **'એક ઝરણું દોડ્યું જાતું'તું' ગીતનું અભિનય સાથે ગાન કરાવો :**

એક ઝરણું દોડ્યું જાતું'તું...

એક ઝરણું દોડ્યું જાતું'તું,
એ તો અદ્ધરથી પછડાતું'તું,
પછડાતું,'તું, અથડાતું'તું,
તોયે હસતું હસતું જાતું', તું.. એક ઝરણું.
એને કાંઠે પૂનમની રાત પડે,
એને જોવાને ચાંદો આભ ચડે,
એને જોઈને મોં મલકાતું'તું... એક ઝરણું
સીમ, ગામને ખેતર, પાદરમાં
હસતું રમતું એ જાતું'તું
રમતું-ભમતું, ભમતું રમતું
એ સાગરમાંહી સમાતું'તું... એક ઝરણું
એને કાંઠે પંખીડાં પાણી પીએ,
એને તીરે નાનાં બાળ રમે,
નિત આનંદે ઊભરાતું'તું... એક ઝરણું

- ગોવિંદભાઈ પરીખ

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

  ૧. પૂનમની રાતે ચાંદો કેવો દેખાય છે ?

  ૨. કઈ રાતે ચાંદો બિલકુલ ન દેખાય ?

  ૩. તમે ક્યારે હસો છો ?

  ૪. ગામના પાદરમાં શું શું હોય છે ?

  ૫. પંખી પાણી ક્યાં ક્યાં પીવે છે ?

  ૬. ગીતમાં જે દૃશ્ય ગમ્યું હોય તેનું ચિત્ર દોરો. દા.ત. આકાશમાં ચાંદો, ઝરણું, ખેતર.

- **બાળગીત :**

  'આવે...' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :

આવે...

અચ્ચર આવે,
કચ્ચર આવે.
મોટા મોટા મચ્છર આવે
હીંચકા ખાઉં તો ચક્કર આવે
પહાડમાંથી પથ્થર આવે
સસલાઓનું લશ્કર આવે
ઢાલની સાથે બખ્તર આવે
નિશાળ સાથે દફ્તર આવે
વરસાદ સાથે છત્તર આવે
માટીમાંથી અત્તર આવે.

- જગદીશ જોષી

સમૂહકાર્ય-૨

- **એક ઝરણું દોડ્યું જાતું'તું... અને અચ્ચર આવે ગીત બાદ બૉર્ડ પર નીચે જેવી શબ્દ જોડી લખો. વિદ્યાર્થીઓને સાચા શબ્દ પર ◯ કરવા કહો :**

અચચર - અચ્ચર	મચછર - મચ્છર	ચકકર - ચક્કર
પથથર - પથ્થર	બખતર - બખ્તર	દફતર - દફ્તર

- **નીચે મુજબના સરખા પ્રાસવાળા શબ્દો વિદ્યાર્થીઓ પાસે બૉર્ડ પર લખાવો :**

  - શિક્ષકે ઉદાહરણ માટે એક બે શબ્દો બૉર્ડ પર લખવા.

    પછડાતું,અથડાતું ,....., ..., ..., ..., ...

- **અનુલેખન** - સદંડી જોડાક્ષરવાળા શબ્દોનું અનુલેખન કરાવવું.

  ચાલ્યા, પથ્થર, લશ્કર, આવ્યા, વાગ્યા, જગ્યા, રમ્યા, પહોચ્યા, મચ્છર, મધ્ય

- **પ્રવૃત્તિ :**

  શિક્ષકે પ્રથમ જોડાક્ષરનો પરિચય કરાવવો.પછી આ રમત રમાડવી. વર્ગમાં એક ચોકથી વર્તુળ બનાવો. તેમાં સાદા અને જોડાક્ષરવાળા શબ્દોની ચિઠ્ઠીઓ મૂકવી.

  શિક્ષક ખંજરી વગાડશે અને વિદ્યાર્થીઓ વર્તુળ બહાર ગોળગોળ ફરશે.ખંજરી બંધ થાય એટલે વિદ્યાર્થીઓએ ચિઠ્ઠી ઉપાડવી. જે બાળક જોડાક્ષરવાળી ચિઠ્ઠી લઈને સૌ પ્રથમ શિક્ષક પાસે આવશે અને જોડાક્ષરવાળો શબ્દ વાંચશે તેને શિક્ષકે શાબાશી આપવી. એ શબ્દ દરેક બાળકને બતાવી શિક્ષકે વાંચવો. ફરીથી આ રમત આ રીતે આગળ વધારવી.

- શાળા પુસ્તકાલયમાંથી બાળવાર્તાનાં પુસ્તકો વિદ્યાર્થીઓને આપી તેમાંથી જોડાક્ષરવાળા દસ શબ્દો શોધીને લખવા જણાવો.

મમ્મી	ઝભ્ભો	પપ્પા	ડબ્બો
લસ્સી	રત્ન	મુન્ની	ધનુષ્ય
ગમ્મત	ભાગ્યા	મેદાની	રમત


- **શ્રુતલેખન** - સદંડી જોડાક્ષરવાળા વાક્યોનું શ્રુતલેખન કરાવવું.

  કૂતરો ભસ્યો. કાગળ વાંચ્યો. સાત વાગ્યા.

  લેશન લખ્યું. તમે ક્યાંથી આવ્યા ?

  ઠીકરી દાવ (લંગડી) રમત : શાળાની લૉબીમાં ચોકથી અથવા મેદાનમાં ઠીકરીથી લીટી દોરી ઠીકરી દાવની રમતનું ચિત્ર દોરી વિદ્યાર્થીઓને રમત રમવા જણાવો.

- **પદાર્થ ચિત્રો દોરવા :** વર્ગ, શાળા પરિસરમાં દેખાતી ચીજ-વસ્તુઓના પદાર્થોનાં રેખા ચિત્રો દોરાવો.
- રંગીન કાગળ માંથી હાથથી ફાડીને વિવિધ ફૂલ બનાવડાવવા (રંગીન કાગળ નાં હોય તો વર્તમાનપત્ર(છાપું) પણ ચાલે) બાળકોના દ્વારા ફૂલ બનાવ્યા બાદ તે ફૂલનું નામ, આકાર, સુગંધ, આકાર વિશે પૂછો.
- **ધ્યાન :** વિદ્યાર્થીઓને પ્રથમ સુખાસનમાં બેસાડી, બન્ને હાથ ઢીંચણ ઉપર રાખીને આંખ બંધ કરાવીને ધ્યાન કરાવો.
- **બોર્ડ પર નીચે મુજબ વર્તુળ દોરો :**



  - હવે વિદ્યાર્થીઓ જુદી જુદી વસ્તુઓના નામ કહો. વિદ્યાર્થીઓ તેમના ઘરે હોય અને શાળામાં હોય તેમજ બંન્ને જગ્યાએ હોય તેના જવાબ આપશે. તે મુજબ વર્તુળમાં લખતા જાઓ.
- આપેલ ચીજ વસ્તુઓનું ઘન કે પ્રવાહીમાં વર્ગીકરણ કરાવો :
  - તેલ, પેન, ડીઝલ, પંખો, લખોટી, મોબાઈલ, કેરોસીન, બિસ્કીટ, શરબત, ઈંટ, પેટ્રોલ...

સમૂહકાર્ય-૧

- **'ચકો અને ચકી' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

ચકો અને ચકી

એક હતો ચકો અને એક હતી ચકી. ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો. ચકીએ ચૂલા પર ખીચડી રાંધવા માટે મૂકી. ચકી બોલી, 'ચકા ! તું ખીચડીનું ધ્યાન રાખજે. હું પાણી ભરી આવું.' ચકો કહે 'ભલે'. ચકી ગઈ એટલે ચકો તો રંધાઈ ગયેલી ખીચડી ખાઈ ગયો. એટલામાં ચકી પાણી ભરીને આવી. ચૂલા પાસે જઈને જુએ છે તો ખીચડીની તપેલી ખાલી ! એણે ચકાને પૂછ્યું તો ચકો કહે, 'મને ખબર નથી, પણ રાજાનો કૂતરો આવ્યો હતો, એ ખાઈ ગયો હશે.'

ચકી તો ઉપડી રાજા પાસે. રાજાના દરબારમાં જઈને કહે, 'રાજાજી ! રાજાજી આ તે કેવું ? તમારો કૂતરો અમારી ખીચડી ખાઈ ગયો, એને સજા કરો.'

રાજાએ તરત જ સિપાઈને મોકલીને કૂતરાને બોલાવ્યો હકીકત પૂછી. કૂતરો કહે, 'હું તો ચકીના ઘરે ગયો જ નથી, ચકાને જ પૂછો. એ જ ખીચડી ખાઈ ગયો હશે.' રાજાએ તરત જ સિપાઈને મોકલ્યો. સિપાઈ તો ચકાને પકડી લાવ્યો. પૂછ્યું 'ચકા ! સાચુ બોલ, તેં ખીચડી ખાધી છે ?' ચકાએ પહેલાં તો ના પાડી. રાજા કહે, 'આ ચકો ખોટું બોલે છે. એનું પેટ ચીરીને તપાસ કરો.'

ચકો તો ગભરાઈ ગયો. એણે પોતાનો ગુનો કબૂલી લીધો.

રાજાએ એને સજા ફરમાવી કે તું જાતે જઈને ચોખા-મગ શોધી લાવીને ખીચડી બનાવ. ચકો ચોખા-મગ શોધી લાવ્યો. એ પછી બંનેએ ખીચડી રાંધી અને ખાધી.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. ચોખા અને મગની ખાવાની બીજી કઈ કઈ વાનગીઓ બને ?

૨. ચકો-ચકી, આ રીતે બીજી પાંચ જોડ બનાવો.

૩. આજના સમયમાં ચકીએ કોને ફરિયાદ કરવી જોઈએ ?

૪. બાફીને ખાઈ શકાય,શેકીને ખાઈ શકાય અને તરીને ખાઈ શકાય તેવા ખોરાકની યાદી બનાવો.

૫. ચકલીનો ખોરાક શું હોય છે ?

- **વિદ્યાર્થીઓ દ્વારા આ વાર્તાનું કથન અને નાટ્યીકરણ કરાવો.**
- **વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછતાં શીખવો. તમે જવાબ બોલો, વિદ્યાર્થીઓ તે માટે પ્રશ્ન શું હોય તે કહેશે.**

- શિક્ષક : ચકો ચોખાનો દાણો લાવ્યો.

- વિદ્યાર્થી : ચકો શું લાવ્યો ? કોણ ચોખાનો દાણો લાવ્યું ?

- **'મને ચપટી વગાડતાં' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

મને ચપટી વગાડતાં...

બા મને ચપટી વગાડતાં આવડી ગઈ
મારી ચપટી વાગે છે પટ્ટ...પટ્ટ...પટ્ટ ...
જાણે ફૂટે બંદૂકડી ફટ....ફટ....ફટ.....

પેલી બિલ્લી ભાગે છે.ઝટ્ટ...ઝટ્ટ....ઝટ્ટ...
બા મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ.
બા તું કપડાં ધુએ છે ધબ્બ...ધબ્બ....ધબ્બ...
હું પાણીમાં નહિ કરું છબ્બ...છબ્બ....છબ્બ...
મારી ચપટી ભીંજાઈ જાય ડબ્બ...ડબ્બ...ડબ્બ...
બા મને મુન્ની રમાડતાં આવડી ગઈ...

- રમેશ પારેખ

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**
  ૧. આંગળાં વડે બીજાં ક્યાં ક્યાં કાર્યો થાય ?
  ૨. બા ઘરના ક્યાં ક્યાં કાર્યો કરે છે ?
  ૩. તમે ઘરકામમાં બાને કઈ રીતે મદદરૂપ થાવ છો ?
  ૪. ચપટી વગાડીને જુઓ કે ચપટીનો અવાજ ક્યાંથી આવે છે ?
  ૫. આંગળીઓ માથામાં ઘસીને ચપટી વગાડો - કોઈ ફરક પડ્યો ?
- **શાંતિની રમત :** વિદ્યાર્થીઓને બોલ્યા વગર સુખાસનમાં બેસાડવા. (મૌનધ્યાન) ત્યારે આજુબાજુ થતા અવાજો સાંભળશે. મૌન ધ્યાન બાદ વિદ્યાર્થી સાથે તેમણે શું સાંભળ્યું તેના ઉપર પ્રશ્નોત્તરી કરાવો.

સમૂહકાર્ય-૨

- **શબ્દો સુધારીને લખો. - બૉર્ડ પર ખોટા શબ્દો શિક્ષકે લખવા. વિદ્યાર્થીઓ સુધારીને લખે :**

આવીયા	ગમીયા	મુઠ્ઠી
ડબો	ધક્કો	અલપા
પટટી	રસતો	ચડડી
કશયપ		પટટ ડબબ
ઝટટ	મુનની	બિલલી

- **અનુલેખન :**
  બૉર્ડ પર નીચેના વાક્યો લખી અનુલેખન કરાવવું.
  લોખંડનો ગઠ્ઠો કક્કો લખો. સૈનિકો સજ્જ છે.
  મુન્ની રમે છે.
  ચિઠ્ઠી લખો. ચમનની ચડ્ડી. બિલ્લી ભાગે છે.
- **આ ફકરાનું શ્રુતલેખન કરાવો :**

  નક્ષ ચડ્ડી પહેરીને તૈયાર થયો. કમરે પટ્ટો લગાવી સજ્જ થયો. મમ્મીએ સહેજ ધક્કો મારી કહ્યું, હવે શાળાએ જા. નક્ષ તો પગથિયું કૂદ્યો અને ભાગ્યો શાળા તરફ.

- **શબ્દ શોધ રમત :**

  વર્ગખંડમાં બે જૂથ પાડવાં. બંને જૂથના નામ આપવા.બૉર્ડ પર બંને જૂથના નામ અલગ-અલગ ભાગ પાડીને લખવા. પછી કોઈ એક શબ્દ બૉર્ડ પર લખવો. જેમ કે 'દેવ' હવે કોઈ એક જૂથને કહો 'દેવ' શબ્દના છેલ્લા અક્ષર પરથી બનતો શબ્દ કહે. એ જૂથ જેટલા અક્ષરનો શબ્દ કહે તેટલા ગુણ તેને મળે દા.ત. તે જૂથ વરસાદ શબ્દ કહે તો તેને ૪ ગુણ આપવા. હવે બીજું જૂથ 'દ' શબ્દ પરથી શબ્દ કહેશે. આ રીતે રમત આગળ ચાલશે.

- **સિક્કા છાપવા :** કાગળ નીચે સિક્કો રાખી કાગળ પર પેન્સિલ ઘસીને સિક્કાની છાપ ઉપસાવો.

- **સૂચના મુજબ ચિત્ર દોરો :** ઘર દોરો. તેની ઉપર એક ડીશ દોરો. ઘરની જમણી બાજુ ઝાડ દોરો. ઝાડ નીચે પથ્થર દોરો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **'નાનીને ઘેર જવા દે' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

નાનીને ઘેર જવા દે

એક હતું ઘેટાનું બચ્ચું. તે એક વાર તેની મોટી માને ત્યાં ચાલ્યું.

રસ્તામાં ચાલતાં તેને એક શિયાળ મળ્યું.

શિયાળ બચ્ચાંને કહે : "હું તને ખાઉં."

બચ્ચું કહે :

"નાનીને ઘેર જાવા દે,

ખૂબ તાજું થાવા દે,

પછી મને ખાજે."

શિયાળ કહે : "ઠીક"

બચ્ચું જરા દૂર ચાલ્યું ત્યાં એક ગીધ મળ્યું.

ગીધ કહે : "હું તને ખાઉં"

ઘેટાનું બચ્ચું કહે :

"નાનીને ઘેર જાવા દે,

ખૂબ તાજું થાવા દે,

પછી મને ખાજે."

ગીધ કહે : "ઠીક"

ઘેટાનું બચ્ચું તો આગળ ચાલ્યું. ત્યાં વળી રસ્તામાં તેને એક વાઘ મળ્યો.

વાઘ કહે : "હું તને ખાઉં"

બચ્ચું કહે :

"નાનીને ઘેર જાવા દે,

ખૂબ તાજું થાવા દે,

પછી મને ખાજે."

વાઘ કહે : "ઠીક"

પછી રસ્તામાં એ પ્રમાણે તેને વરુ, સિંહ, કૂતરો વગેરે જાનવરો મળ્યાં ને ઘેટાનું બચ્ચું સૌને ઉપર પ્રમાણે કહીને છૂટું થયું.

પછી ઘેટું તો માને ત્યાં જઈ માને કહે : "મા, મા ! મને ખૂબ ખવરાવ. મેં જાનવરોને વચન આપ્યું છે, માટે એ બધાં મને ખાઈ જવાનાં છે."

બચ્ચાએ તો ખૂબ ખાધું પીધું ને સારી રીતે જાડું થયું.

પછી તે મોટી માને કહે : "મા ! મને એક ચામડાનું ઢોલકું કરી આપો એટલે હું એમાં બેસીને જાઉં, ને મને કોઈ ઓળખે નહીં; મને તેથી કોઈ ખાય નહિ..."

મોટી માએ તો બચ્ચાને માટે એક સારું મજાનું ઢોલક બનાવ્યું; અંદર રૂપાળું રૂ પાથર્યું. પછી તેની અંદર બચ્ચું બેઠું. પછી ઢોલકાને જે ધક્કો માર્યો ને, તે ઢોલકું દડતું દડતું ચાલ્યું. ત્યાં રસ્તામાં ગીધ મળ્યું.

ગીધ કહે : "ભાઈ ! ક્યાંય ઘેટાનું બચ્ચું જોયું ?"

ઢોલકામાંથી બચ્ચું બોલ્યું :

"ક્યાંનું બચ્ચું, ક્યાંનો તું ?

ચલ ઢોલકડા ઢમકા હું !"

આમ જવાબ આપતું આપતું ઘેટું ઘણે દૂર નીકળી ગયું. છેવટે શિયાળભાઈ મળ્યા.

શિયાળ કહે : "ક્યાંય ઘેટાનું બચ્ચું દીઠું ?"

અંદરથી બચ્ચું બોલ્યું :

"ક્યાંનું બચ્ચું, ક્યાનો તું ?

ચાલ ઢોલકડા ઢમકા હું !"

શિયાળ કહે :

"અરે ! આમાં તો બચ્ચું લાગે છે ! ચાલ ઢોલક તોડીને ખાઉં."

પણ ત્યાં તો બચ્ચાનું ઘર આવી ગયું ને બચ્ચું ઘરમાં પેસી ગયું. શિયાળભાઈ બારણા પાસે ઊભા ઊભા જોઈ રહ્યા !

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**
  ૧. બચ્ચાંને પહેલું કોણ મળ્યું ? (એમ ક્રમશઃ બીજું / ત્રીજું / ચોથું એમ પૂછવું)
  ૨. જંગલમાં ક્યાં ક્યાં પ્રાણીઓ રહે છે ?
  ૩. પાલતું પ્રાણીઓ ક્યાં ક્યાં છે ?
  ૪. ગાય આપણને શું આપે ?
  ૫. ઘરની ચોકી કોણ કરે ?
  ૬. ખેતીમાં હળ કોણ ખેંચે ?
- વિદ્યાર્થીઓ દ્વારા આ વાર્તાનું કથન કરાવો.
- વર્તમાનપત્રના બાળ વિભાગમાંથી વાર્તા વાંચી સંભળાવો.
- **શબ્દરમત :**

  કોઈ એક પેજનું વાચન કરવું. વાચન વિદ્યાર્થીઓ સાંભળશે. તમારા વાચનમાં જ્યારે જ્યારે જોડાક્ષરવાળો શબ્દ આવશે ત્યારે વિદ્યાર્થીઓ તાલી પાડશે.

- **સૂચના મુજબ ચિત્ર દોરાવો :**
  - થાળી દોરો. તેમાં પાંચ લાડવા દોરો. થાળીની બાજુમાં એક વાટકી દોરો. તેમાં એક ચમચી દોરો. (આ રીતે સૂચના આપી વિદ્યાર્થીઓ ચિત્ર દોરે. અહીં સૂચના સમજે તે મહત્ત્વનું છે.)

- **'મેં એક બિલાડી' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

મેં એક બિલાડી

મેં એક બિલાડી પાળી છે.
તે રંગે બહુ રૂપાળી છે.
દૂધ ખાય, દહીં ખાય
ઘી તો ચપચપ ચાટી જાય.
તે હળવે હળવે ચાલે છે.
ને અંધારામાં ભાળે છે.
તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે.
તેના ડીલ પર ડાઘ છે.
તે મારા ઘરનો વાઘ છે.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**
  ૧. બિલાડી શું ખાય ?
  ૨. બકરી શું ખાય ?
  ૩. કીડી શું ખાય ?
  ૪. સિંહ શું ખાય ?
  ૫. વાંદરો શું ખાય ?
  ૬. તમને અંધારામાં દેખાય ?
  ૭. માણસને અંધારામાં કેમ નહીં દેખાતું હોય ?
  ૮. બિલાડી ઘી ચાટી જાય. એમ કઈ કઈ વસ્તુઓ ચાટીને ખવાય ?
- **કેવી રીતે બનશે ? :** આ પ્રવૃતિમાં વિવિધ ખાદ્ય પદાર્થોના નામવાળી ચિઠ્ઠી લખી બાળકોને ઉપાડવા કહો. ચિઠ્ઠીમાં જે નામ નીકળે તે ખાદ્ય પદાર્થ કઈ રીતે બને તેની સંપૂર્ણ પ્રક્રિયા વર્ગ સમક્ષ બોલાવો.
- જમતા પહેલા હાથ ધોવા માટેનું મહત્ત્વ સમજાવો.
- હેલ્થ કીટનો પરિચય કરાવવો અને તેની ઉપયોગીતા અંગે જાણકારી આપવી. દરેક સાધનનો ક્યારે અને કેવીરીતે ઉપયોગ કરી શકાય, તેમાં કઈ-કઈ દવાઓ હોય છે ?
- **અનુલેખન :**
  શિક્ષકે નીચે મુજબના શબ્દો બૉર્ડ પર લખવા. આ શબ્દો મોટેથી વંચાવી વિદ્યાર્થીઓને અનુલેખન કરાવવું.

એન્જિન	સ્ટેશન	સિગ્નલ	જંકશન
શબ્દ	વાક્ય	લખ્યું	ગણ્યું
બોલ્યું	આવ્યું	બિસ્કીટ	સ્વાદ
નાસ્તો	જમ્યો		

સમૂહકાર્ય-૨

- **શબ્દસર્જન :**

  શિક્ષકે નીચે મુજબના શબ્દો બૉર્ડ પર લખી નમૂના મુજબના શબ્દો વિદ્યાર્થીઓ પાસે બનાવડાવવા.

  ઉદાહરણ : બોલ - બોલ્યો :

  આવ - _____ પડ - _____

  હસ - _____ જાગ - _____

- **નીચેના શબ્દો બૉર્ડ પર લખી વર્ગીકરણ કરાવો :**

ડાંગર	બાજરી	તલ
સફરજન	મગફળી	સરસવ
કેળાં	જામફળ	ભીંડા
ટામેટાં	ઘઉં	કોબીજ
મકાઈ	સીતાફળ	પપૈયું
રીંગણ	દૂધી	

ફળ	શાકભાજી	તેલીબિયાં	અનાજ

- **લેખન - સર્જન :**

  શિક્ષકે બૉર્ડ પર નીચે આપેલી વિગત લખશે. વિદ્યાર્થીઓ વિગત મુજબ તેનો રંગ લખી જણાવશે.

  કાગડો બગલો પોપટ

  કોયલ જાસૂદ ટામેટું

- વર્ગમાં / શાળામાં વિવિધ અનાજ / કઠોળ / તેલીબિયાં / શાકભાજી / ફળ / ખાદ્ય સામગ્રીનું પ્રદર્શન ગોઠવવું. દરેક વિદ્યાર્થી ઘરેથી એક-એક વસ્તુ લાવે તેની પ્રદર્શિત કરવી.
- **ૐકાર :** વિદ્યાર્થીઓને સુખાસનમાં બેસાડીને 'ૐકાર' બોલાવવા.

સમૂહકાર્ય-૧

- **'કોણ વધુ બળવાન ?' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

કોણ વધુ બળવાન ?

એક વાર પવન અને સૂર્ય વચ્ચે ચર્ચા થઈ. પવને સૂર્યને કહ્યું - હું તારાથી વધારે બળવાન છું. સૂર્યએ કહ્યું - મારામાં તારાથી વધારે શક્તિ છે. એટલામાં પવનની નજર એક વ્યક્તિ પર પડી. એણે કહ્યું - આ રીતે બોલાચાલી કરવાથી કોઈ ફાયદો નથી. જે આ વ્યક્તિનો શર્ટ ઉતરાવી દે તે જ વધુ બળવાન.

સૂર્ય પવનની વાત માની ગયો. તેણે કહ્યું - ઠીક છે. બતાવો તમારી શક્તિ ! પવને પોતાની શક્તિ દેખાડવાની શરૂઆત કરી.

વ્યક્તિની ટોપી ઊડી ગઈ. પણ શર્ટ તેણે પોતાના બન્ને હાથથી પકડી રાખ્યો અને ઝડપથી શર્ટના બધા બટન બંધ કરી દીધા.

પવને તો વધુ જોર લગાવ્યું. છેલ્લે તે વ્યક્તિ નીચે પડી ગયો. પણ શર્ટ તેના શરીર પર જ રહ્યો. પવન તો થાકી ગયો. સૂર્યએ કહ્યું - હવે તું મારી શક્તિ જો. સૂર્ય તપવા લાગ્યો.

તે વ્યક્તિએ શર્ટના બટન ખોલી નાખ્યા. સૂર્યનો પ્રકાશ અને ગરમી વધવા લાગ્યા. માણસે કોટ ઉતારી દીધો અને હાથમાં લઈ ચાલવા લાગ્યો.

સૂર્યએ કહ્યું - જોઈ, મારી શક્તિ ? પવને સૂરજને પ્રણામ કરીને કહ્યું તમારી શક્તિને હું માની ગયો.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. પવનને એવું કેમ લાગ્યું હશે કે તે સૂર્યથી વધારે બળવાન છે ?

૨. પવન માણસનો કોટ કઈ રીતે ઉતારી શક્યો હોત ? કોઈ યુક્તિ કહો.

૩. માણસને ગરમી લાગતાં કોટ ઉતારી દીધો. તમને ગરમી લાગે ત્યારે શું શું કરો છો ?

- **કોનામાં કેટલી તાકાત ?**

- બતાવો, આમાંથી કોણ વધારે બળવાન છે ? તમને એવું કેમ લાગે છે ?

- **સૂર્ય કે પવન ?**

મને લાગે છે કે ———— વધારે બળવાન છે.

કારણ કે -

- **હાથી કે સિંહ ?**

મને લાગે છે કે ———— વધારે બળવાન છે.

કારણ કે -

- **ગરમી કે ઠંડી ?**

મને લાગે છે કે ———— વધારે બળવાન છે.

કારણ કે -

- **પ્રકાશ કે અંધકાર ?**

મને લાગે છે કે ———— વધારે બળવાન છે.

કારણ કે —

એકમ-૧૫ : પવન અને સૂર્ય — સમૂહકાર્ય

- **વર્તમાનપત્રના બાળ વિભાગમાં આવતી સૂર્ય / પવન / પાણી / ઝાડ વગેરેની માહિતી વાંચી સંભળાવો. તેના આધારે ચર્ચા કરો.**
- **'જામ્યો કારીગરનો મેળો ...' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

જામ્યો કારીગરનો મેળો...

ચાકડોને ટપણું લઈને આવ્યા કુંભારભાઈ
માટીમાંથી માટલીનો ઘાટ બનાવે કેવો ?
લેલું ને ઓળંબો લઈને આવ્યા કડિયાભાઈ
ઈંટ માટીમાંથી ચણી ચણીને મહેલ બનાવે કેવો ?
કરવત વાંસલો વીંધણો લઈને આવ્યા સુથારભાઈ
લાકડ કામ કરીને એ તો રંગ ચડાવે કેવો ?
એરણને ધમણ લઈને આવ્યા લુહારભાઈ
લોઢું ટીપી જોતજોતામાં પલંગ બનાવે કેવો ?
સોય કાતરને સંચો લઈને આવ્યા દરજીભાઈ
કાપડ કાપી જોત જોતામાં કોટ બનાવે કેવો ?
રાપીને પૉલીસ લઈને આવ્યા મોચીભાઈ
ચામડું કાપી જોતજોતામાં બુટ બનાવે કેવો ?
સાબુ, પાઉડર, ઈસ્ત્રી લઈને આવ્યા ધોબીભાઈ
ચોખ્ખા કપડાં ઈસ્ત્રી કરીને વટ પડે તે કેવો ?
અસ્ત્રો, કાતર, દર્પણ, કાંસકો લાવ્યા વાણંદભાઈ
ફુવારો છાંટી વાળ કાપીને વટ પડે તે કેવો ?
જામ્યો કારીગરનો મેળો ... જામ્યો કારીગરનો મેળો ...

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો અને વ્યવસાયકારોને કાર્યો, સાધનોની ચર્ચા કરો :**
  ૧. આ કવિતામાં કયાં કયાં કારીગરોની વાત છે ?
  ૨. આ કવિતામાં ન હોય તેવા બે કારીગરોનાં નામ કહો.
  ૩. વાણંદ પાસે કયાં કયાં સાધનો હોય છે ?
  ૪. દરજી કાપડમાંથી શું શું બનાવે છે ?
  ૫. લોખંડમાંથી તમારે દાતરડું બનાવવું છે.તમે કોની પાસે જશો ?
- **વિદ્યાર્થીઓને વિવિધ વ્યવસાયકારોનો મૂકઅભિનય કરવા કહો. અન્ય વિદ્યાર્થીઓ તે કોનો અભિનય કરે છે તે ઓળખી કાઢશે.**

સમૂહકાર્ય-૨

- **અનુલેખન કરો :**

  શિક્ષકે નીચે મુજબના વાક્યો બૉર્ડ પર લખવા. આ વાક્યોનું વાચન કરાવી પછી વિદ્યાર્થીઓને અનુલેખન કરાવવું.

  ૧. હર્ષાનો ડ્રેસ સુંદર છે.

  ૨. અમે ગાંધી આશ્રમનો પ્રવાસ કર્યો .

  ૩. નર્સ દર્દીને દવા આપે છે.

  ૪. પૂર્વા અને નક્ષત્ર મહારાષ્ટ્રમાં રહે છે.

  ૫. કૃષ્ણએ સાંદીપનિ ઋષિ પાસે વિદ્યા મેળવી.

  ૬. અર્જુન અને કર્ણ એ કુંતી માતાના પુત્રો હતા.

  ૭. દીક્ષિત અને સૌમ્ય બંને મિત્રો છે.

  ૮. સુરેન્દ્રનગર શહેરનું નામ છે.

- **શ્રુતલેખન કરો :**

  અહીં આપેલ વાક્યોનું શ્રુતલેખન કરાવો.

  ૧. સૂર્ય પૂર્વમાં ઊગે છે.

  ૨. સિંહ ત્રાડ પાડે છે.

  ૩. ત્રિપુરા ભારતનું એક રાજ્ય છે.

  ૪. સૌરાષ્ટ્ર એ એક પ્રદેશ છે.

  ૫. સૂર્ય પ્રકાશ આપે છે.

- **ખાલી જગ્યાની રમત :**

  વર્ગખંડમાં બે જૂથ પાડવાં. બંને જૂથનાં નામ આપવા. બૉર્ડ પર બંને જૂથનાં નામ અલગ-અલગ ભાગ પાડીને લખવા. ફળ, શાકભાજી, પશુ, પંખી, જીવજંતુ વગેરેના નામની ખાલી જગ્યા બૉર્ડ પર લખવી. તેમાં માત્રા આપવી, મૂળાક્ષર નહિ. જેમ કે દાડમ માટે _ા _ _ બૉર્ડ પર લખવું .હવે કોઈ એક જૂથને કહો કે કોઈ એક મૂળાક્ષર લખાવે.જો તે જૂથ 'દ', 'ડ', કે 'મ' સિવાયનો લખાવે તો ખાલી જગ્યામાં ન લખવો. બૉર્ડ પર બાજુમાં તે જૂથના વિભાગ બાજુ લખવો.પણ જો તે 'દ', 'ડ', કે 'મ' પૈકી, માનો કે 'મ' લખાવે છે તો આપણી ખાલી જગ્યામાં ત્રીજા ક્રમે 'મ' લખવો. આ રીતે. _ા _ _ આ જૂથને એક ગુણ મળે. હવે બીજા જૂથનો વારો. તે જૂથ આખો શબ્દ કહી દે કે દાડમ તો તેને ત્રણ અક્ષરનો શબ્દ હોય ૩ ગુણ મળે. જો ન કહી શકે તો તે જૂથ પણ કોઈ એક મૂળાક્ષર લખાવે. જો તે 'દ' કે 'ડ' લખાવે તો ખાલી જગ્યામાં લખવો અને એક ગુણ આપવો. એ સિવાયનો કહે તો બૉર્ડ પર બાજુમાં તે જૂથના વિભાગ બાજુ લખવો. જે જૂથ આખો શબ્દ પૂરો કરાવે તેને તે શબ્દના મૂળાક્ષર જેટલા ગુણ મળે. દરેક જૂથને શબ્દ જેટલા અક્ષરનો હોય તેના બમણા મૂળાક્ષર બોલવાની છૂટ આપવી.

  કાગડો માટે _ા _ _ો, કબૂતર માટે _ _ _ _

- **વિવિધ ફોટાઓનો સંગ્રહ :** આજુબાજુના વિસ્તારમાંથી, મેગેઝિન, છાપાંમાંથી વિવિધ લોકોના ફોટોગ્રાફ કૉપી, કાગળ પર ચિપકાવી સંગ્રહપોથી બનાવો.
- **રૂમાલ દાવ :** બાળકોને વર્તુળાકારે બેસાડી તેમના હાથ પાછળ રાખવા. એક રૂમાલનો દડો બનાવી તે દડો પાછળથી પસાર કરવો. તમારે સંગીતનું કોઈપણ વાદ્ય વગાડવું. સંગીત બંધ થતા જેના હાથમાં દડો આવેલો હોય તેને વર્ગ સમક્ષ ઉપસ્થિત થઈ દાવ આપવો.
- **આંખોનું પરિભ્રમણ :** વિદ્યાર્થીઓને આંખોનું પરિભ્રમણ કરાવો અને (એન્ટીક્લોકની રીતે) આંખોને ઉપર નીચે, આજુબાજુ ભ્રમણ કરાવો.
- વિવિધ વનસ્પતિના પાન, ફુલ, ફળનો પરિચય કરાવી ઉપયોગીતા સમજાવો.

નોંધ

સમૂહકાર્ય-૧

- **'લાલચનું પરિણામ બૂરું' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

લાલચનું પરિણામ બૂરું

એક ગામમાં પતિ-પત્ની રહેતાં હતાં. તેમની પાસે એક ચમત્કારિક મરઘી હતી. તે રોજ એક સોનાનું ઈંડું આપતી હતી. પતિ-પત્ની ખૂબ સુખી હતાં; પણ પતિને થોડો અસંતોષ રહેતો. તેને થોડા જ સમયમાં ખૂબ પૈસાદાર થવું હતું. એક દિવસ તેને વિચાર આવ્યો : 'જો મરઘી પાસેથી એકસામટાં સોનાનાં ઈંડાં મળી જાય તો કેવું સારું ! આ માટે શું કરું ?' અંતે તેણે નક્કી કર્યું કે મરઘીને મારીને તેના પેટમાંથી બધાં ઈંડાં એક સાથે કાઢી લઈશ.

બીજે દિવસે સવારે મરઘી જ્યારે સોનાનું ઈંડું આપતી હતી ત્યારે તે બાજુમાં જ ઊભો રહ્યો. ઈંડું હાથમાં લીધું ને પછી તેણે મરઘીને પકડી લીધી ને ધારદાર ચાકુ વડે તેના પેટને ચીર્યું. પણ અફસોસ ! તેના પેટમાં તો એકેય ઈંડું ન મળ્યું !

તેના દુ:ખનો પાર ના રહ્યો. તે માથું કૂટી રડવા લાગ્યો. આ સાંભળી તેની પત્ની તેની પાસે આવી. પતિએ બધી વાત કરી. પત્નીને ગુસ્સો આવ્યો. ઈંડા માટે મરઘીને મારી નાંખી ! થોડી વારે કહે : 'સામટું લેવાની લાલચમાં રોજ એક ઈંડું મળતું હતું તેય બંધ થયું. જોયું, લાલચનું પરિણામ!' કહી તે આંસુ સારતી ઘરમાં ગઈ.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. મરઘીને બીજું શું કહેવાય ?

૨. મરઘીની જેમ બીજું કોણ કોણ ઈંડાં આપે છે ?

૩. જેમ પતિ-પત્ની આ રીતે જોડ બની તેમ પરિવારના સભ્યોની બીજી જોડ બનાવો.

૪. તમે કયાં કયાં પંખીઓ જોયાં છે ?નામ લખો.

૫. **વિરુદ્ધાર્થી શબ્દો કહો :**

દિવસ	પાસે	અસંતોષ
સુખી	પૈસાદાર	રડવું

- **શિક્ષક એક શબ્દ બોલે, તે માટેનો પ્રશ્ન વિદ્યાર્થીઓ કહેશે :**

- શિક્ષક : મોરવા

  વિદ્યાર્થી : આપણા ગામનું નામ શું છે ?

- શિક્ષક : મરઘી

  વિદ્યાર્થી : કોણ સોનાનું ઈંડું મૂકતું હતું ? (આમ વાર્તા / કાવ્ય અથવા સ્થાનિક વિગતોનો ઉપયોગ કરી શબ્દ બોલી તેમને પ્રશ્ન પૂછવા પ્રોત્સાહિત કરો.)

- **'નમીએ તુજને વારંવાર' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

નમીએ તુજને વારંવાર

પરોઢિયે પંખી જાગીને
ગાતાં મીઠાં તારાં ગાન;
પરોઢિયે મંદિર-મસ્જિદમાં
ધરતા લોકો તારું ધ્યાન.
તું ધરતીમાં, તું છે નભમાં,
સાગર મહીં વસે છે તું;
ચાંદો સૂરજમાંયે તું છે
ફૂલો મહીં હસે છે તું.
હરતાં-ફરતાં કે નીંદરમાં,
રાતે દિવસે, સાંજ સવાર,
તારો અમને સાથ સદાયે
તું છે સૌનો રક્ષણહાર,
દેવ, બનાવી દુનિયા છે તેં,
તારો છે સૌને આધાર;
તું છે સૌનો, સૌ તારા છે.
નમીએ તુજને વારંવાર.

- સ્નેહરશ્મિ

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે પરોઢિયે જાગીને શું-શું કરો છો ?

૨. સવારે મંદિર - મસ્જિદમાં લોકો શું કરે છે ?

૩. તમે કોને કોને સાથ આપો છો ? કેવી રીતે ?

૪. આપણા ગામમાં કયાં કયાં મંદિર / મસ્જિદ છે ?

૫. મંદિર / મસ્જિદ વિશે ચાર-પાંચ વાક્યો બોલો.

૪. **શબ્દોના અર્થ આપો :**

પરોઢ	નભ	સાગર
દેવ	નીંદર	દુનિયા

સમૂહકાર્ય-૨

- નીચે આપેલો ફકરો બૉર્ડ પર લખીને વિદ્યાર્થીઓને મુખવાચન કરાવો. નીચે આપેલા એક ઉદાહરણ પરથી અન્ય શબ્દો વિદ્યાર્થીઓ દ્વારા બનાવડાવો.

  એક હતા શેઠ.એ ખૂબ જ પૈસાદાર.ગામમાં સૌ એમને માનપૂર્વક બોલાવે.શેઠ હતા જ એવા રૂઆબદાર! દરેક લોકો શેઠ સાથે અદબભેર વર્તે. પણ શેઠને મોટાઈ નહિ.એ તો દરેક સાથે હરખભેર વાત કરે.

  પૈસા - પૈસાદાર

  રૂઆબ માન હરખ અદબ

- **વિદ્યાર્થીઓને નીચે આપેલા 'ર' કારવાળા અને 'ઋ' કારવાળા શબ્દો વંચાવવા અને લખાવવા :**

સૂર્ય	કર્ણ	ચંદ્ર	હર્ષા	ઋષિ
પ્રકૃત્તિ	ગર્વ	નક્ષત્ર	પૂર્વા	તૃષા
પ્રિયા	દુર્ગા	પ્રેમ	પ્રકાશ	હૃદય
ક્રિષ્ના	રવીન્દ્ર	હર્ષદ	મિત્ર	કૃષ્ણ
શ્રાવણ	પ્રવીણ	ક્રમ	પૃથ્વી	કર્કવૃત

- શાળા પરિસર અને ગામના વિવિધ વૃક્ષોની મુલાકાત કરાવો. વિદ્યાર્થીઓને તે વૃક્ષના ઉપયોગ સમજાવો. વૃક્ષના વિવિધ અંગો (પાન, થડ, ડાળ, ફૂલ)નો પરિચય આપો.
- **નીચેના વાક્યો બૉર્ડ પર લખો. વિદ્યાર્થીઓને વારાફરતી ઉલટ-સૂલટ મોટેથી વંચાવો :**

  ૧. જા રે દેવી દેરે જો.

  ૨. જો ટબુ બૂટ જો.

  ૩. લતા દે તાલ.

  ૪. પી સરલા રસ પી.

  ૫. લીમડી ગામે ગાડી મલી.

  ૬. કાકા મારા રામા કાકા.

- **રાષ્ટ્રધ્વજનું ચિત્ર બનાવી તેમાં રંગ પૂરો. નીચે મુજબની ખાલી જગ્યા બૉર્ડ પર લખી વિદ્યાર્થીઓને લખવા આપો :**

  ૧. રાષ્ટ્રધ્વજમાં કુલ ..... રંગ છે.

  ૨. સૌથી ઉપરનો રંગ ..... છે.

  ૩. સૌથી નીચેનો રંગ ..... છે.

  ૪. વચ્ચેનો રંગ ..... છે.

  ૫. ધ્વજની વચ્ચે એક ..... છે.

- **પૂંઠામાંથી ઘર બનાવો :** સ્થાનિક સામગ્રીના ઉપયોગથી વિવિધ અને વિશિષ્ટ રીતનાં પૂંઠાંનાં ઘર બનાવો.
- શાળામાં ઉપલબ્ધ સંગીતનાં સાધનો વડે વિવિધ ગીતો, સંગીત ખુરશીની રમત રમાડો.
- કાગળમાં રાષ્ટ્રધ્વજ દોરાવી રંગ પુરાવી ડીસ્પ્લે કરાવો.
- **ઔષધ રોપા વાવવા :** ઔષધીય વનસ્પતિ જેમ કે તુલસી, બારમાસી, કુંવારપાઠું વગેરે કેમ વાવવા, ખાડો કરવો, ખાતર પાણી નાખવા વગેરે પ્રક્રિયાઓ સમજાવો.

સમૂહકાર્ય-૧

- **'વાંદરો અને મગર' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

વાંદરો અને મગર

એક નદી કાંઠે જાંબુડાનું મોટું ઝાડ હતું.

જાંબુડાના ઝાડ પર દરરોજ એક વાંદરો જાંબુ ખાવા આવતો. નદીના ઊંડા પાણીમાં એક મોટો મગર રહેતો હતો. વાંદરા અને મગરની ભાઈબંધી થઈ. વાંદરો રોજ રોજ મગરને પાકાં જાંબુ ખવડાવે.

મગર એક વાર થોડાં જાંબુ મગરી માટે લઈ ગયો. મગરીને જાંબુ બહુ ભાવ્યાં. મગરી જાંબુ ખાતાં ખાતાં મગરને કહે - રોજ આવાં મીઠાં જાંબુ ખાનારા વાંદરાનું કાળજું કેવું મીઠું હશે! તમે એને લઈ આવો તો હું તેનું કાળજું ખાઉં!

મગર કહે - તે હવે મારો ભાઈબંધ થયો છે. ભાઈબંધ સાથે મારાથી દગો કેમ થાય?

મગરીએ જીદ કરી. નાછૂટકે મગર વાંદરાને મગરી પાસે લાવવા તૈયાર થયો. બીજે દિવસે મગર જાંબુના ઝાડ નીચે આવ્યો. વાંદરાએ આપેલા મીઠાં જાંબુ ખાધા પછી મગર બોલ્યો - વાંદરાભાઈ, મારી મગરી તમને ઘેર જમવા માટે બોલાવે છે. મારી પીઠ પર બેસી જાઓ અને મારા મહેમાન થાઓ.

વાહ! ચાલો, તમારો આટલો પ્રેમ છે તો ના કેમ પડાય! એમ કહેતો વાંદરો કૂદીને મગરની પીઠ પર બેસી ગયો.

મગર પાણીમાં આગળ સરકવા લાગ્યો. બંને વાતે વળગ્યા. અડધે રસ્તે જ ભોળા મગરે મગરીના મનની વાત વાંદરાને કરી દીધી.

મગરની વાત સાંભળી વાંદરાના હોશ ઊડી ગયા. થોડી વારે સ્વસ્થ થતાં મગરીથી બચવાનો ઉપાય શોધી કાઢયો.

વાંદરો કહે - મગરભાઈ! તમે પણ ખરા છો ! તમારે આ વાત મને પહેલેથી જ કહેવી હતી ને ! મારું કાળજું તો હું ઝાડ પર મૂકીને આવ્યો છું. ચાલો પાછા જઈ કાળજું લઈ આવીએ !

મગર વાંદરાની વાત સાચી માની પાછો કિનારા તરફ વળી ગયો. કિનારો આવતાં જ વાંદરો એક મોટો કૂદકો મારી ઝાડ પર પહોંચી ગયો. પછી કહે - મૂરખ મગર! કાળજું તે કંઈ ઝાડ પર મુકાતું હશે? તું તો દગાખોર છે! ભાઈબંધને દગો દેવા તૈયાર થયો? જા હવે કદી જાંબુ ખાવા મારી પાસે આવતો નહિ અને મારે પણ જાંબુ ખાવા નથી એમ કહી વાંદરો ત્યાંથી બીજે રહેવા જતો રહ્યો.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે જાંબુ ખાધાં છે ? કોણ લાવ્યું હતું ?

૨. જાંબુ ખાધાં પછી તમારી જીભ કયા રંગની થઈ હતી ?

૩. બીજી કઈ કઈ વસ્તુ ખાવાથી જીભનો રંગ બદલાય જાય છે ?

૪. મગરને જાંબુ મીઠાં લાગતાં હતાં, તમને કઈ કઈ વસ્તુઓ મીઠી લાગે છે ?

૫. વાંદરો મગરની પીઠ પર બેઠો હતો એમ કયું પ્રાણી કયા પ્રાણીની પીઠ પર બેસી શકે ?

૬. તમને વાર્તામાં કોણ ન ગમ્યું ? કેમ ?

- **'ચાંદલા ચમકીને ચાલ્યો શું જાય ?' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

ચાંદલા ચમકીને ચાલ્યો શું જાય ?

આભલિયે શાનો છુપાય ?
ચમક ચમક આજ સૌએ કહે છે.
તારા સંગે દિલ રમવા કહે છે.
એ.....લાડકડો સૌને તું રે ચાંદલિયા !
ચાંદામામા તું કહેવાય
આભલિયે શાને છુપાય....ચાંદલા...
આંગણિયે લાવજે....ગેડી,
તું સંગે લાવજે તારલા તેડી,
એ..... આજ ચંદેરી ચોકમાં
આવીને આંગણું અજવાળ
આભલિયે શાને છુપાય ? ચાંદલા.....

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે ચાંદો જોયો છે ? તેવો ચાંદો બૉર્ડ પર દોરો.

૨. મને તો ચાંદો રોટલા જેવો લાગે અને મારી બહેનને તે પેંડા જેવો. તમને ચાંદો કેવો લાગે ?

૩. ચાંદો આકાશમાં કોની પાછળ સંતાઈ જતો હશે ?

૪. તમે ક્યાં ક્યાં સંતાઈ જાઓ છો ?

૫. ચાંદલા સાથે રમવા તારલા આવવાના છે, તમે કોની સાથે રમવા જાઓ છો ?

- **'મજાની ખિસકોલી' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉ દાવ મજાની ખિસકોલી

તું કેવી હસે ને રમે મજાની ખિસકોલી
તારા કૂદકા તો બહુ ગમે મજાની ખિસકોલી

એકમ-૧૭ : તું આવ મજાની ખિસકોલી — સમૂહકાર્ય

તું જ્યારે ખિલખિલ ગાય મજાની ખિસકોલી
તારી પૂંછડી ઊંચી થાય મજાની ખિસકોલી

તારે અંગે સુંદર પટા મજાની ખિસકોલી
તારી ખાવાની શી છટા મજાની ખિસકોલી

તું ઝાડે ઝાડે ચડે મજાની ખિસકોલી
કહે કેવી મઝા ત્યાં પડે મજાની ખિસકોલી

બહુ ચંચળ તારી જાત મજાની ખિસકોલી
તું ઉંદરભાઈની નાત મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉ દાવ મજાની ખિસકોલી

- ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે ખિસકોલી જોઈ છે ?

૨. આપણી નિશાળમાં ખિસકોલી છે ? ક્યાં રહે છે ?

૩. ખિસકોલી શું ખાય છે ? ખિસકોલી કેવી રીતે ખાય છે ?

૪. તેની પૂછડી જેવી પૂછડી બીજા કોની હોય ?

૫. તમે ખિસકોલી સાથે કઈ કઈ રમતો રમો ?

- **નીચેનાં જોડકણાં ગવડાવો :**

સુથારભાઈ લાકડું લઈને
કરવત વડે કાપે,
ટેબલ ખુરશી કરવા માટે,
આડું ઊભું માપે.

દરજી મારું ખમીસ સીવે ને
ઉપર બટન ટાંકે;
બેના માટે ઘાઘરો સીવે
ઉપર આભલાં રાખે.

કુંભારની લાકડીએ કેવો
ચાકડો ફરતો જાય !
કુંડી કુંડી મટકા સાથે
દોણા દોણી થાય.

દાદાજીની દાઢી કરવા
વાળંદ ઘેર આવે,
નાનો બાબો જોયા કરતો
સાબુ કેમ લગાવે ?

અંગે પહેરે અંગરખું
ને માથે ફેંટો બાંધે;
ચરરર કરતું ચામડું ચીરી
બાનાં ચપ્પલ સાંધે.

કડિયો મોટો કારીગર
ને મકાન મોટાં બાંધે;
ઈંટો ઉપર ઈંટો રાખી
સીમેન્ટ વડે એ સાંધે.

એકમ-૧૭ : તું આવ મજાની ખિસકોલી — સમૂહકાર્ય

- **કહો કોની પાસે જશો ?**

  ૧. તમારે પેન્ટ સિવડાવવું છે.

  ૨. માટીનું કોડિયું જોઈએ છે .

  ૩. ચંપલ તૂટી ગયું છે.

  ૪. વાળ કપાવવા છે.

  ૫. ખુરશીનો પાયો તૂટી ગયો છે.

  ૬. તમારે ઘરના બારણાની ઊંચાઈ માપવા માપપટ્ટી જોઈએ છે.

  ૭. ફુગ્ગા ફોડવા સોય જોઈએ છે.

  ૮. રમકડાં બનાવવા માટી જોઈએ છે.

  ૯. રમકડાં બનાવવા લાકડાના નાના નાના ટુકડા જોઈએ છે.

  ૧૦. ઢીંગલી બનાવવા નકામા કાપડના ટુકડા જોઈએ છે.

- **નીચે મુજબ બોલાવડાવો :**

  - બહુ વઢે તે **વઢકણું**
  - બહુ મારે તે **મારકણું**
  - બહુ ભૂલી જાય તે **ભુલકણું**
  - બહુ બોલે તે **બોલકણું**

- **હવે નીચે જેવા પ્રશ્નો પૂછી તેમની સાથે વાતો કરો :**

  ૧. તમે કેવા છો ? વઢકણા કે મારકણા ?

  ૨. આપણા વર્ગમાં સૌથી વધુ બોલકણું કોણ છે ?

  ૩. તમારા ઘરમાં કોણ ભૂલકણું છે ?

  ૪. તમે કઈ કઈ બાબતો ભૂલી જાઓ છો ?

  ૫. તમે કયાં કયાં મારકણાં પ્રાણીઓ જોયા છે ?

  ૬. તમને કોઈ પ્રાણીએ માર્યું હતું ? ક્યારે ?

- શાળામાં આવતાં સામાયિકો, વર્તમાનપત્રો અને પુસ્તકાલયનાં પુસ્તકોમાંથી બાળકોને પ્રાણી-પશુ-પક્ષીની વાર્તા કહો.

- **દોસ્તોનો પરિચય :** એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીનો પરિચય આપવો. ગમતી અણગમતી બાબત પણ જણાવવી.

સમૂહકાર્ય-૨

- નીચેનાં વાક્યો બૉર્ડ પર લખો. તમે વાંચો અને વિદ્યાર્થીઓને એક વાર સમૂહમાં અને ત્યારબાદ વારાફરતી મોટેથી વંચાવો.

  ૧. બહુ વઢે તે **વઢકણું**

  ૨. બહુ મારે તે **મારકણું**

  ૩. બહુ ભૂલી જાય તે **ભૂલકણું**

  ૪. બહુ બોલે તે **બોલકણું**

- નીચેની ખાલી જગ્યાઓ બૉર્ડ પર લખો. વિદ્યાર્થીઓ [નો, ની, નું, ના, નાં, માં] મૂકી આખા વાક્યનું અનુલેખન કરાવો અને વિદ્યાર્થીઓને વાક્યો મોટેથી વંચાવો.

  - હાથી ..... પૂછડી કરતાં બળદ ..... પૂછડું લાંબુ હોય છે.
  - બકરી ..... પગ કરતાં ગાય ..... પગ મોટા હોય છે.
  - મારા મામા ..... દીકરા ..... નામ મહેન્દ્ર છે.
  - જાનુ મારી બહેન ..... દીકરી છે.
  - ઝાડ ..... પાન લીલાં હોય.
  - દર્શના ..... પતંગ લાલ છે.
  - ગોધરા એ પંચમહાલ જિલ્લા ..... એક તાલુકો છે.
  - મારી નિશાળ ..... સુંદર બગીચો છે.
  - પિતાજી ઘર ..... બેઠા છે.
  - બિલાડી ..... આંખો અંધારામાં ચમકે છે.

- બૉર્ડ પર નીચે જેવું ટેબલ દોરો. તેવું જ ટેબલ વિદ્યાર્થીઓને તેમની સ્લેટ/નોટબુકમાં દોરાવો. તેમને ચાર જૂથમાં વિભાજિત કરી યાદી બનાવો.

પ્રાણી	પક્ષી	વાહન	વ્યવસાયકાર
સિંહ	કોયલ	સાઈકલ	દરજી

એકમ-૧૭ : તું આવ મજાની ખિસકોલી સમૂહકાર્ય

- આ ચારેય જૂથને પૂછી બૉર્ડ પરના ટેબલમાં માહિતી લખો. એકવાર તમામ શબ્દોનું મુખવાંચન કરાવો.
- ચારેય જૂથમાંથી એક એક વિદ્યાર્થીને 'સૌથી પહેલું કોણ?' રમત રમવા ઊભા કરો.
- ચારેય જૂથને જુદા જુદા રંગનો ચોક આપી. બૉર્ડથી પાંચ ફૂટ દૂર એક સીધી રેખામાં ઊભા રાખો.
- તમે કોઈ એક વાહન/વ્યવસાયકાર/પ્રાણી/પક્ષી વિષે એક વાક્ય બોલો.

  - **ઉદાહરણ :** કાળા કાળા રંગની હું, ઝાડમાં છુપાઈ મીઠું મીઠું ગાઉં છું.

  ચારેય જૂથના સભ્યો તે વાક્ય કોના માટે છે વિચારી તેનું નામ ટેબલમાંથી શોધી તેના પર વર્તુળ કરવા દોડશે. બીજી વખત દરેક જૂથમાંથી બીજો વિદ્યાર્થી રમવા આવશે.

- **હવે તેમને કોઈ એક વિષે વાક્યો લખવા કહો :**

  - જેમ કે, કોયલ વિષે.

  - કોયલ મને ગમે છે. મેં કોયલ જોઈ નથી. તે ઉનાળામાં 'કૂઉં કૂઉં' કરે ત્યારે મેં સાંભળી છે. તે ઝાડમાં સંતાઈને ગાય છે.

- **નીચેનો ફકરો બૉર્ડ પર લખો :**

  વરસાદ પડવાનો શરૂ થાય કે તરત જ પતરાં ટપાક ટપાક ખખડવા લાગે. અમે સૌ કાગળમાંથી હોડી બનાવીએ. પલળતાં પલળતાં પાણીમાં તરતી મૂકીએ. અમે શાળામાં છત્રી લઈને આવીએ. રઘુ તો રેઈનકોટ પહેરીને આવે. શાળામાં ભરાયેલાં પાણીમાં ધબધબ કરી છાંટા ઉડાડવાની મજા પડે.

  હવે વિદ્યાર્થીઓને આ ફકરો મનમાં વાંચવા કહો. ત્યારબાદ 'હા' કે 'ના'માં જવાબ મળે તેવા પ્રકારના પ્રશ્નો પૂછો.

  ૧. આ ફકરો ઉનાળા વિશેનો છે?

  ૨. વિદ્યાર્થીઓ લાકડાની હોડી બનાવી તરતી મૂકે છે?

  ૩. વિદ્યાર્થીઓને પાણીના છાંટા ઉડાડવાની મજા પડે છે?

  ૪. રઘુ મોટી છત્રી લઈને આવે છે?

  ૫. વરસાદ પડે ત્યારે દેડકાં બોલવા લાગે?

- વર્ગમાં વર્તમાનપત્ર (છાપા)ની મદદ વડે કોલાજ (કાગળના નાના-નાના ટુકડાઓ ફાડી વૃક્ષની રેખાંકિત લાઈન પર ચોટાડવી)ની પ્રવૃત્તિ કરાવો.
- વિદ્યાર્થીઓ પાસેથી પ્લાસ્ટીક, લાકડું અને લોખંડમાંથી બનતી ચીજ વસ્તુઓની યાદી બનાવી વર્ગીકરણ કરો અને રોજંદા જીવનમાં શુ ઉપયોગીતા છે તે સમજાવો.
- શાળા બાગની વિવિધ વનસ્પતિના અંગોનો પરિચય કરાવો.

સમૂહકાર્ય-૧

- **'કંઈ એકલાં ખવાય ?' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

કંઈ એકલાં ખવાય ?

ગામને છેવાડે ઈસ્માઈલની વાડી. તે ભારે મહેનતુ. વાડી બારેમાસ લીલીછમ રાખે. બાજરી લણી નથી કે જુવાર વાવી નથી. શાકભાજી તો એની વાડીનાં જ. વાડીને એક શેઢે તેણે નાનકડો કૂબો બનાવેલો ને નજીક બનાવેલું મરઘાંઘર. મરઘી પીલાં લઈ વાડીમાં ફરે તે જોઈ ઈસ્માઈલ બહુ હરખાય. મરઘાંઘર પાસે ઈસ્માઈલ રોજ દાણા નાંખે. એક વાર એણે મકાઈના મોટા તાજા દાણા વેર્યા. મરઘીને થયું : 'વાહ ! આ દાણા હું વાવું-પકવું તો કેવું સારું ? પણ બધું કામ મારી એકલીથી ના થાય. તો કોઈની સાથે સૂંઢલ કરું તો મકાઈ વવાય.' આમ વિચારી તેણે વાડીમાં રહેતા લાલિયા કૂતરાને પૂછ્યું તો તેણે લૂલી હલાવી ના પાડી. પછી તેણે ગલબા શિયાળને પૂછ્યું. તો તેણેય ઘસીને ના પાડી.

પછી તે ગઈ બાજુના ખેતરમાં રહેતા ડુક્કર પાસે. તો તેણેય ના પાડી. કહે : 'પેટ ચોળીને શૂળ શા માટે ઊભું કરવું.'

બધાંએ ના પાડી એટલે મરઘીએ તો નક્કી કર્યું : 'જાતમહેનત જિંદાબાદ ! પારકાની આશા શું કામ રાખવી ? હું એકલી બધું કરીશ.'

ને પછી તો એણે દાણા વાવ્યા. થોડા દિવસે તેમને અંકુર ફૂટ્યા. પીલાંય એ જોઈ ખુશ થયાં. પછી તો છોડ મોટા થયા ને તેના પર ડોડા બેઠા.

હવે લાલિયો કૂતરો, ગલબો શિયાળ ને ડાહ્યો ડુક્કર આંટા મારવા લાગ્યા ને મરઘીબાઈનાં વખાણ કરવા લાગ્યાં. મરઘીને થાય : 'જ્યારે મહેનત કરવાની હતી ત્યારે બધાંયે ના પાડી. ને હવે ? આંટા મારે છે ! પણ હશે. ભગવાને મને કણમાંથી મણ આપ્યાં છે તો હું તો સૌને આપીશ. મારાથી કંઈ એકલાં ખવાય ?' પછી તેણે બધાંને સૂપડું ભરી ભરી દાણા આપ્યા ને બાકીના કોઠીમાં ભર્યા. સરસ મઝાના પીળા-ધમરક દાણા જોઈ બધાંને થયું : 'મરઘીબાઈ જોડે સૂંઢલ કરી હોત તો અડધો - અડધ દાણા મળત.' પણ હવે શું ? મરઘીબાઈનું કુટુંબ તો ખાઈ-પીને મઝા કરે. બાકીનાયે પણ નક્કી કર્યું કે હવે જરૂર મહેનત કરીશું ને સુખી થઈશું.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. વાર્તામાં કયાં કયાં પ્રાણીઓનાં નામ આવ્યાં ?

૨. વાર્તામાં શિયાળનું નામ ગલબો અને કૂતરાનું લાલિયો હતું. એમ મરઘીનું નામ શું હશે ? વિદ્યાર્થીઓને જુદાં જુદાં પ્રાણીઓના નામ પાડવા કહો. જેમ કે : ભૂરી ભેંસ, ગૌરી ગાય, કલ્લૂ કરોળિયો, લલ્લું લક્કડખોદ.

૩. મરઘીએ બીજાની મદદ શું કામ માંગી ?

૪. તેને કોણે કોણે મદદ કરી ?

૫. તમે કયાં કયાં કામ માટે બીજાની મદદ માંગો છો ?

૬. તમને ખાવાનું બહુ ગમે ? તે એકલા એકલા ખાઈ જાઓ કે કોઈને આપો ? કોને આપો ?

એકમ-૧૮ : કંઇ એકલા ખવાય ?

સમૂહકાર્ય

- **નીચે મુજબનું ચોરસ બૉર્ડ પર દોરી તેમાંથી વિદ્યાર્થીઓને સમાનાર્થી શબ્દ જોડી શોધવા કહો :** નભ – ગગન

ન	ભ	ન	આં	જ
મ	ર	ય	ખ	ર
ધ	ગ	ન	પૃ	થ્વી
ર	ર	ગ	ય	મા
તી	મા	ર	ન	તા

- **'પેલા પંખીને જોઈ' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

પેલા પંખીને જોઈ

પેલા પે...લા પેલા પે...લા
પેલા પંખીને જોઈ મને થાય
એના જેવી જો પાંખ મળી જાય
બસ ઊડ્યા કરું, બસ ઊડ્યા કરું. પેલા૦

પેલી પે...લી, પેલી પે...લી
પેલી કોયલને જોઈ મને થાય
એના જેવો જો કંઠ મળી જાય.
બસ ગાયા કરું, બસ ગાયા કરું. પેલા૦

પેલા પે...લા, પેલા પે...લા
પેલા મોરલાને જોઈ મને થાય
એના જેવાં જો પીંછાં મળી જાય
બસ નાચ્યા કરું, બસ નાચ્યા કરું. પેલા૦

પેલી પે...લી પેલી પે...લી
પેલી ચકલીને જોઈ મને થાય
એના જેવી જો ચાંચ મળી જાય
બસ ચણ્યા કરું, બસ ચણ્યા કરું. પેલા૦

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. જો તમને પાંખો મળે તો તમે ઊડીને ક્યાં જાઓ ?

૨. ગીતમાં કયાં કયાં પંખીઓનાં નામ આવ્યાં ?

૩. તમને કોનો અવાજ સંભળાવો ગમે ?

૪. તમારા વાડામાં કયાં કયાં પંખી આવે છે ?

૫. આપણી શાળામાં કયાં કયાં પંખી આવે છે ? તે ક્યાં ક્યાં બેસે છે ?

એકમ-૧૮ : કંઇ એકલા ખવાય ?

સમૂહકાર્ય

- **વિદ્યાર્થીઓને જુદાં જુદાં ચિત્રો બતાવો. તેમને તે ચિત્ર પરથી પ્રશ્ન પૂછવા કહો.**
- **વિદ્યાર્થીઓને સમૂહમાં નીચે જેવી શબ્દ જોડીઓ બોલાવો :**

તાજા – માજા	રસ – બસ	ખાધું – પીધું
લીધું – દીધું	લીલું- પીળું	છાસ-બાસ

હવે તેમની બે ટુકડી બનાવો. એક ટીમ જે શબ્દ આપશે તેના સમાન પ્રાસવાળો શબ્દ બીજી ટીમ બોલશે.

એમાં; **લાઈટ – બાઈટ, ભીંડા – બીંડા** જેવા અર્થવિહીન શબ્દ જોડી બોલે તો પણ તેમને રમવા દો. તેઓ પ્રાસ ઓળખી કાઢે એ અગત્યનું છે.

- નીચેનાં વાક્યો બોલો. જો વાક્ય યોગ્ય હોય તો વિદ્યાર્થીઓ ત્રણ તાળી પાડશે અને અયોગ્ય હોય તો મોં પર હાથ મૂકી "હે હે હે હે" એવો અવાજ કરશે.
  - રમીલા રમવા ગયો.
  - રાકેશ રમવા આવી.
  - કૂતરો ઝડપથી દોડ્યો.
  - બિલાડી ઝડપથી દોડી.
  - નાઝમીન લખવા બેઠી હતી અને ફૈઝાન મસ્તી કરતો હતો.
  - મારા પપ્પા પેંડા લાવી.
  - મમ્મી મારા માટે બરફી લાવ્યો.
  - જૈનિલ મારી ભાઈ છે.
  - નીલા મારો બહેન છે.
  - જુઓ હું તમારા માટે નવી વાર્તા લાવી/લાવ્યો.
- બાળકોને પોતાના ઘરમાં ઉપયોગી ચીજવસ્તુઓ વિશે પ્રશ્નો પૂછી તેમને તે ચિત્રો દોરી બતાવો. પ્રશ્નોત્તરી બાદ બાળકોને પોતાના ઘરની મનગમતી ચીજવસ્તુઓનાં ચિત્રો દોરી તેમાં રંગ પૂરવા કહો. રંગ પૂર્યા બાદ તે ચિત્રોને વર્ગમાં ડિસ્પ્લે કરો.
- બાળકો પાસેથી વિવિધ મેળાની માહિતી પ્રશ્નોતરી દ્વારા મેળવો.
- બાળકોને સફેદ કાગળ, સળી અને રંગની મદદ વડે રાષ્ટ્રધ્વજ બનાવડાવો. અન્ય રાષ્ટ્રીય પ્રતીકો (રાષ્ટ્રધ્વજના રંગો, રાષ્ટ્રમુદ્રા, રાષ્ટ્રીય ફળ, રાષ્ટ્રીય પ્રાણી, રાષ્ટ્રીય ફૂલ, રાષ્ટ્રીય પક્ષી) વિશે પ્રશ્નોત્તરી કરવી. આ સાથે વિવિધ નારાઓ બોલાવી રાષ્ટ્રગીત સંભળાવો.

સમૂહકાર્ય-૨

- **બૉર્ડ પર નીચે જેવાં વાક્યો લખો અને વિદ્યાર્થીઓને તેનું વાચન કરી અનુલેખન કરાવો :**

  - રમા રમવા ગઈ.
    રાકેશ રમવા _____ .

- કૂતરો ઝડપથી દોડ્યો.
  બિલાડી ઝડપથી _____ .
- _____ લખવા બેઠી હતી અને _____ મસ્તી કરતો હતો. (રાજેશ્વરી, ધવલ)
- મારા પપ્પા પેંડા _____ અને મમ્મી મારા માટે બરફી _____ . (લાવ્યા, લાવી)
- ગોપાલ મારો _____ અને નીલા મારી _____ છે. (બહેન, ભાઈ)

- **વિરુદ્ધાર્થી શબ્દોનાં કાર્ડ પત્તાં બનાવો :**

નાનું	મોટું	જાડું
પાતળું	ઊંચું	નીચું
ગમો	અણગમો	જરૂરી
બિનજરૂરી		

- એમાંથી એક સેટ નીચે શબ્દો દેખાય એ રીતે મૂકો. વિદ્યાર્થીઓ વારાફરતી આવી તેના સેટ બનાવી બતાવશે.
- ઉપરની જેમ તેમને શીખેલા સમાનાર્થી શબ્દો અને લિંગ પરિવર્તનના શબ્દોની રમત રમાડવી.
- **નીચે જેવા શબ્દો બોર્ડ પર લખો. વિદ્યાર્થીઓને મુખવાચન કરાવો. ત્યારબાદ તેનું અનુલેખન કરાવો :**

વાટકી - વાટકો	ભારી - ભારો	કાંકરી - કાંકરો
ગોટલી - ગોટલો	ખીલી -ખીલો	રોટલી - રોટલો
છોકરી - છોકરો	ચોટલી - ચોટલો	ચકલી - ચકલો
ચૂટલી - ચૂટલો	બકરી - બકરો	કૂતરી - કૂતરો

- **વિદ્યાર્થીઓનાં ચાર જૂથ બનાવો તેમને જૂથમાં વાહનોનાં નામની યાદી બનાવડાવો :**

  હવે તેઓ યાદી મુજબ વાહનોનાં નામ બોલતા જાય તેને નીચે જેવો કોઠો દોરો. તેમાં વાહનોનું વર્ગીકરણ કરતા જાઓ.

એક પૈડું	બે પૈડાં	ત્રણ પૈડાં	ચાર પૈડાં	ચારથી વધુ પૈડાં

- **આ ટેબલ આધારે નીચે જેવા પ્રશ્નો પૂછો :**

  ૧. કયા પ્રકારના વાહનો વધુ છે ?
  ૨. ટ્રકને ત્રણ પૈડાં હોય છે. 'સાચું' કે 'ખોટું' ?
  ૩. તમે આ પૈકી કયાં કયાં વાહનો જોયાં છે ?
  ૪. તેમાંથી તમે કયાં કયાં વાહનોમાં મુસાફરી કરી છે ?
  ૫. આમાંથી સૌથી મોટું/નાનું વાહન કયું છે ?

★ ત્યારબાદ તેમને ઘરેથી જુદાં જુદાં વાહનોના ચિત્રો કાપી લાવવા કહેવું. તેઓ વર્ગમાં એક ચાર્ટ પર તેને ચોંટાડશે અને તેની નીચે પોતાનું નામ લખશે. જેમકે 'જાનુની જીપ' અથવા 'મયૂરની સાઇકલ'.

- **વિદ્યાર્થીઓને પોતાને ગમતા વાહન વિષે ચાર-પાંચ વાક્યો લખવા આપો :**
- **નીચે જેવું ટેબલ બોર્ડ પર બનાવો :**

રંગ	વસ્તુ
લાલ	
પીળો	
લીલો	
કાળો	

હવે, વિદ્યાર્થીઓ તેમની નોટબુક/સ્લેટમાં જે તે રંગને અનુરૂપ વસ્તુઓ/ફળ/ફૂલનાં નામની યાદી બનાવી તેનું મુખવાંચન કરશે.

- **વિદ્યાર્થીઓને ગુજરાતી સ્વર, કક્કો અને બારાક્ષરી ક્રમમાં શીખવવા.**
- **વેશભૂષા :** સ્થાનિક પર્યાવરણમાંથી ઉપલબ્ધ વસ્તુઓના આધારે સાધુ, ફકીર, પૂજારી, રાજા વગેરે જેવાં પાત્રોની વેશભૂષા કરાવો.
- **વિદ્યાર્થીઓને જવાબના આધારે પ્રશ્ન બનાવવા કહો :**

આ માટે પ્રથમ જવાબ બોર્ડ પર લખો.

ઉદા. ૧. _____

આપણા રાજ્યનું નામ ગુજરાત છે.

૨. _____

દર્શના દસ વાગ્યે આવશે.

૩. _____

અબ્દુલ સાથે પાવન રાજકોટ જશે.

- **વિદ્યાર્થીઓને શાળા / વર્ગ / ગામમાં કઈ વસ્તુ કઈ બાજુ / દિશામાં છે તેની સમજ આપો. ત્યારબાદ તે અંગે પ્રશ્નોત્તરી કરો. જેમ કે -**

૧. આપણા વર્ગની જમણી બાજુએ કયો વર્ગ છે ?

૨. સૂર્ય કઈ દિશામાંથી ઊગે છે ?

૩. શાળાથી પૂર્વ દિશામાં કોના કોના ઘર છે ?

૪. શાળામાં દક્ષિણ દિશામાં શું આવેલું છે ?

(સ્થાનિક પરિસ્થિતિ મુજબ સ્થળોની રૂબરૂ મુલાકાત કરાવી ત્યાં જ પ્રશ્નોત્તરી કરવી)

સમૂહકાર્ય-૧

- 'દલો તરવાડી' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

દલો તરવાડી

એક હતો દલો તરવાડી. દલા તરવાડીને એક વાર એમનાં પત્ની કહે : "તરવાડી, વાડીએથી શાક લઈ આવો." તરવાડીએ તો પગમાં ચૈડ ચૈડ થતાં પગરખાં પહેર્યાં, માથે પાઘડી મૂકી, ખભે ખેસ નાખ્યો ને હાથમાં લાકડી લઈને નીકળ્યા. ચાલતાં ચાલતાં એ તો ગામ બહાર વશરામ ભૂવાની વાડીએ આવી પહોંચ્યા.

દલા તરવાડીએ વાડીની ઝાંપલી ઉઘાડી. આજુબાજુ નજર નાખી. વાડીમાં કોઈ માણસ નહોતું. એમ છતાં એમણે વશરામ ભૂવાના નામની બેચાર સાચીખોટી બૂમો પાડી. પછી તે નિરાંતે વિચાર કરવા લાગ્યા : "શું કરીશું ? વાડીમાં રીંગણાં તો બહુ મજાનાં થયાં છે. શાક લીધા સિવાય તે ઓછું ઘેર જવાય છે ? પણ પૂછવું કોને ? વાડીનો ધણી તો છે નહીં ! ચાલો, વાડીને જ પૂછીએ !"

દલા તરવાડી વાડીને પૂછવા મંડ્યા : "વાડી રે વાડી !" પણ વાડી તે કંઈ બોલતી હશે ? એટલે દલા તરવાડીએ સામો જવાબ પણ પોતે જ વાળ્યો. "શું કહો છો, દલા તરવાડી ?"

વળી દલા તરવાડી બોલ્યા : "રીંગણાં લઉં બેચાર ?" આ વખતે પણ તરવાડીએ જ જવાબ આપ્યો : "લો ને દસબાર." દલા તરવાડી તો ખેસની ફાંટ ભરી સારાં સારાં રીંગણાં લઈ ઘેર ગયા. દલા તરવાડીની વહુએ રીંગણાંમાં મરીમસાલો ભરીને સરસ મજાનાં રવૈયાં કર્યાં. દલા તરવાડી તથા એમની વહુએ પેટ ભરીને તે ખાધાં.

બીજો દિવસ થયો. તરવાડીનાં વહુ કહે : "તરવાડી ! રીંગણાં લઈ આવશો ?" તરવાડી તો તરત તૈયાર થઈ વાડીએ જવા નીકળ્યા. વાડીએ પહોંચીને જુએ છે તો આજે પણ કોઈ વાડીમાં નથી. દલા તરવાડીના મનમાં થયું : "હાશ" ! પછી તરવાડીએ વાડીને પૂછીને એ દિવસે પણ ફાંટ ભરીને સરસ મજાનાં કૂણાં કૂણાં રીંગણાં લીધાં. દલા તરવાડીને અને એમની વહુને રીંગણાં દાઢે વળગ્યાં. રોજ દલા તરવાડીની વહુ રીંગણાં લેવા જવા કહે અને દલા તરવાડી છાનામાના રીંગણાં લઈ આવે.

આમ કેટલાક દિવસ ચાલ્યું. આ બાજુ વશરામ ભૂવાને ખબર પડી ગઈ કે રોજ કોઈ રીંગણાં લઈ જાય છે. એણે વિચાર કર્યો કે ગમે તેમ કરીને પણ રીંગણાં લઈ જનારને પકડી પાડવો. વહેલી સવારથી એક મોટા ઝાડની ઓથે એ સંતાઈ ગયો.

એવામાં વાડીની ઝાંપલી ઊઘડી. વશરામ ભૂવાએ ગુપચુપ નજર નાખી, તો દલો તરવાડી ! વશરામ ભૂવાએ વિચાર કર્યો : "જોઉં તો ખરો, ભાઈ શું કરે છે ?" દલા તરવાડીએ તો રોજની જેમ વાડીને પૂછવા માંડ્યું : "વાડી રે વાડી !" કોઈએ જવાબ આપ્યો નહીં, એટલે દલા તરવાડીએ બોલ્યા : "શું કહો છો, દલા તરવાડી ?" તરવાડી બોલ્યા : "રીંગણ લઉં બેચાર ?" જવાબમાં ફરી તરવાડી બોલ્યા : "લો ને દસબાર".

તરવાડી તો ખેસની ફાંટ વાળી રીંગણાં તોડવા મંડ્યા. આ જોઈને વશરામ ભૂવો ઝાડની ઓથેથી દોડતો આવ્યો. તેણે તરવાડીને બાવડેથી પકડ્યા. તરવાડી સમજાવવા મંડ્યા : "ભાઈ ! અમે ક્યાં ચોર છીએ ? રોજ પૂછીએ છીએ. પૂછ્યા વગર તારું એક પણ રીંગણું લીધું નથી."

વશરામ ભૂવો તો તરવાડીનું બાવડું જોરથી ખેંચી, એમને કૂવા તરફ લઈ ચાલ્યો. તરવાડી ગભરાવા લાગ્યા. વશરામ કહે : "ઠીક છે, હું પણ કૂવાને પૂછ્યા વગર તમને કૂવામાં નહીં નાખું." એમ કહીને ત્યાં દોરડું પડ્યું હતું, તેનાથી તરવાડીને બાંધવા માંડ્યા.

તરવાડી હવે ઢીલા પડ્યા અને બોલ્યા : "ભાઈ, શું કરવા મને પજવે છે ? મેં તારાં રીંગણાં ઓછાં કંઈ છાનાંમાનાં લીધાં છે ?" વશરામ ભૂવો કહે : "હું પણ ક્યાં છાનોમાનો તમને કૂવામાં ઉતારું છું ?" એમ કહી વશરામ ભૂવાએ તો તરવાડીને કૂવામાં ઉતારવા માંડ્યા.

કૂવામાં તરવાડીના પગ પાણીએ પહોંચવા આવ્યા એટલે વશરામ ભૂવો કહે : "કૂવા રે ભાઈ કૂવા !"

કૂવો બોલ્યો નહીં, એટલે વશરામ જ બોલ્યો : "શું કહો છો વશરામ ભૂવા ?" વશરામે આગળ પૂછ્યું : "ડૂબકાં ખવરાવું બેચાર ?" કૂવો બોલ્યો નહીં, એટલે વશરામ ભૂવો પોતે જ બોલ્યા : "ખવરાવો ને દસબાર !" એમ કહી વશરામ ભૂવાએ તો દલા તરવાડીને પાણીમાં ઝબકોળવા માંડ્યા.

તરવાડીના સાંધા ઢીલા થઈ ગયા. તે અંદરથી હાથ જોડી કહેવા લાગ્યા : "ભાઈ વશરામ ! ભૂલ થઈ. હવે આમ નહીં કરું. જવા દે તારી ગાય છું." વશરામને દયા આવી, એટલે એણે દલા તરવાડીને બહાર ખેંચી કાઢ્યા. દલા તરવાડી ગળગળા થઈ જઈને કહે : "ભાઈ, હવેથી આમ સાચું બોલ્યાનો ડોળ નહીં કરું અને કોઈનું છાનુંમાનું મફત લેવાની દાનત પણ નહીં રાખું. હવે ખો ભૂલી ગયો."

દલા તરવાડી વાડીમાંથી ઘેર ગયા. ત્યારની ઘડી અને આજનો દહાડો ! દલા તરવાડી ફરી વાડીમાં દેખાયા નહીં.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે તમારા ઘરનું કયું-કયું કામ કરો છો ?

૨. વાડી અને ખેતર એટલે શું ?

૩. કોને પૂછ્યા વિના કોઈની ચીજ-વસ્તુ લેવાય? શા માટે?

૪. તમે કયારેય કોની ચીજવસ્તુ પૂછ્યા વિના લીધી છે ?

૫. દલા તરવાડીને રીંગણનું શાક ભાવતું હતું, તમને શેનું-શેનું શાક ભાવે છે ? શા માટે ?

૬. તમને શેનું-શેનું શાક ભાવતું નથી ? શા માટે ?

૭. દલા તરવાડી કેવી રીતે પકડાઈ ગયા ?

૮. વશરામ ભૂવાએ દલા તરવાડીને શા માટે જવા દીધા ?

૯. કોઈ તમારી ચીજ-વસ્તુ ચોરતાં પકડાઈ જાય તો તમે શું કરો ?

- **વાર્તાને ક્રમશઃ કહો તેની સાથે વિદ્યાર્થીઓ અભિનય કરતા જશે.**

- **'સૂરજદાદા' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

સૂરજદાદા

ઊગીને પૂર્વમાં, આથમતા પશ્ચિમે
સૂરજદાદા મને ગમતા જી રે !
ઊગતા સૂરજને આવો નમીએ તો,
ડાબે ઉત્તર, ને જમણે દક્ષિણ રે !
આથમતા સૂરજને આવો નમીએ તો
જમણે ઉત્તર ને ડાબે દક્ષિણ રે !
ઊગમણે નમો તો પશ્ચિમ પાછળ રે,
આથમણે નમો તો પૂર્વ પાછળ રે

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**
  ૧. સૂર્ય કઈ દિશામાં ઊગે છે?
  ૨. સૂર્ય ઊગે તે પહેલાં કોણ જાગે છે?
  ૩. સૂર્ય ઊગે ત્યારે કૂકડો કેમ બોલે છે?
  ૪. ઉગમણી દિશા એટલે શું?
  ૫. આથમણી દિશા એટલે શું?
  ૬. પૂર્વ-પશ્ચિમ એટલે શું?
  ૭. બીજી કઈ-કઈ દિશાઓ છે?
  ૮. સૂર્યનું ઊગવું અને આથમવું એટલે શું?
  ૯. તમારી ડાબી બાજુ કઈ?
  ૧૦. તમારી જમણી બાજુ કઈ?
  ૧૧. સૂર્યને શા માટે પાણી ચડાવવામાં આવે છે?
  ૧૨. સૂર્યને શા માટે નમન કરવામાં આવે છે?
  ૧૩. સૂર્ય નમસ્કાર એટલે શું?
- **વિદ્યાર્થીઓને નીચેના પ્રશ્નો પૂછો :**
  ૧. પતંગ કોણે-કોણે ઉડાવી છે?
  ૨. હજુ સુધી કોણે-કોણે પતંગ ઉડાવી નથી?
  ૩. પતંગ આકાશમાં કઈ રીતે ઊડે ?
  ૪. જો તમે પણ આકાશમાં ઊડી શકો તો ક્યાં-ક્યાં જાઓ ? શા માટે ?
  ૫. તમે આકાશમાં શું-શું જુઓ ?
  ૬. તમારી પતંગ કપાય તો કયાં-કયાં સ્થળે જાય ? તે સ્થળની યાદી કરો.

- હોળી, ઈદ, રામનવમી, પતેતી, સાતમ-આઠમ, દિવાળી, હનુમાન જયંતી, મહાવીર જયંતી જેવા વિવિધ તહેવાર-ઉત્સવ વિશે પ્રશ્નો પૂછી ખૂટતી માહિતી આપો.

  ૧. તહેવાર ક્યારે આવે છે ?

  ૨. આ તહેવાર કોણ ઊજવે છે ?

  ૩. આ તહેવારમાં શું-શું કરવાનું હોય છે ?

  ૪. છેલ્લે તમે કયો તહેવાર ઊજવ્યો હતો ? તેમાં શું-શું કર્યું હતું ?

  ૫. શાળામાં કયાં-કયાં તહેવાર ઊજવાય છે ?

  ૬. કયા-કયા તહેવારના દિવસે શાળામાં રજા હોય છે ? શા માટે ?

  ૭. અહીં સ્થાનિક તહેવાર કે ઊજવણી હોય તો તેના વિશે પણ પ્રશ્નો પૂછવા.

  ૮. શિક્ષક તહેવારનું નામ બોલે અને વિદ્યાર્થી તે અંગેનો પ્રશ્ન પૂછે તેવું આયોજન કરો.

  શિક્ષક : હોળી

  વિદ્યાર્થી : કયા તહેવારમાં એકબીજા પર રંગ છાંટવામાં આવે છે ?

- **રાષ્ટ્રગીત સંભળાવો. વિદ્યાર્થીઓ અનુગાન કરે તેવો પ્રયાસ કરો :**

- **'રાષ્ટ્રગીત'નું ગાન કરો :**

રાષ્ટ્રગીત

જન-ગણ-મન અધિનાયક જય હે
ભારત ભાગ્ય વિધાતા!
પંજાબ-સિંધુ ગુજરાત મરાઠા
દ્રાવિડ-ઉત્કલ-બંગ;
વિંધ્ય હિમાચલ યમુના ગંગા,
ઉચ્છલ જલધિ-તરંગ;
તવ શુભ નામે જાગે,
તવ શુભ આશિષ માગે;
ગાહે તવ જય ગાથા!
જનગણ-મંગલદાયક જય હે
ભારત-ભાગ્ય વિધાતા!
જય હે, જય હે, જય હે,
જય જય જય જય હે !

- રવીન્દ્રનાથ ટાગોર

- રાષ્ટ્રગીત ગાતી વખતે સાવધાન-વિશ્રામનો મહાવરો કરાવવો.
- રાષ્ટ્રગીત ગાતાં સમયે હલન-ચલન ના કરાય તેવી સમજ આપો.
- રાષ્ટ્રગીત બાવન સેકંડની સમય મર્યાદામાં પૂર્ણ થાય તે રીતે ગાતાં શીખવવું.
- રાષ્ટ્રધ્વજ ક્યારે ફરકાવવામાં આવે છે ?
- રાષ્ટ્રધ્વજના રંગો, સંકેતની માહિતી આપવી.
- પ્લાસ્ટિકના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ શા માટે ના કરવો જોઈએ ?

- **જાહેર સંસ્થાઓ વિશે માહિતી પૂછો :**

૧. તમારા ગામમાં કઈ-કઈ સંસ્થાઓ આવેલી છે ?

૨. જાહેર સંસ્થાઓ કયું કામ કરે છે ?

૩. જાહેર સ્થળો કયા-કયા છે ?

૪. ડૉકટર દવાખાનામાં શા માટે હોય છે ?

૫. મંદિરમાં નગારું શા માટે રાખવામાં આવે છે ?

૬. શાળામાં કમ્પ્યુટર શા માટે હોય છે ?

- **નીચેના ફકરો બૉર્ડ પર લખી વિદ્યાર્થીઓને મૂકવાંચન કરાવો :**

દીપકભાઈની નાની દીકરીનું નામ પાયલ છે પણ ઘરમાં તેને પિંકી કહે છે. દીપકભાઈ પિંકી પર ગુસ્સે થયા છે. દીપકભાઈ તેનો હાથ ખેંચીને લઈ જાય છે. પિંકી જવાની ના પાડે છે. પિંકી ડરી ગઈ છે.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. પાયલના પિતાનું નામ શું છે ?

૨. પાયલ અને પિંકી બે બહેનો છે ?

૩. કોણ ગુસ્સે થયું છે ?

૪. પિંકી ક્યાં જવાની ના પાડતી હશે ?

૫. દીપકભાઈ હવે શું કરશે ?

- **પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને તેમની આસપાસ થતી વનસ્પતિઓનાં નામ આપવા કહો.
- વિદ્યાર્થીઓએ આપેલા વનસ્પતિઓનાં નામની એક-એક વિશેષતા દર્શાવવા કહો, જરૂર જણાયે માર્ગદર્શન આપો.
- વનસ્પતિઓના ઉપયોગ માટે પૂછો, જરૂર જણાયે માર્ગદર્શન આપો.
- વિદ્યાર્થીઓને કોઈપણ એક વૃક્ષ કે છોડનાં પંચાંગ-મૂળ, થડ, પર્ણ, ફળ અને ફૂલની માહિતી આપો.
- **બોર્ડ પર વૃક્ષ દોરી તેનાં વિવિધ અંગોનો પરિચય આપો.**

- **દરેક વિદ્યાર્થીઓને તેમની બુકમાં એક વૃક્ષ બનાવડાવી, તેનું નામ આપી, તેના અંગો વિશે માહિતી પૂછો.**
- ઉપરની પ્રવૃત્તિ પૂરી થયા બાદ નીચેના પ્રશ્નો પૂછો:
  - કયાં-કયાં મૂળ ખાઈ શકાય છે ?
  - કયાં-કયાં પાન ખાઈ શકાય છે ?
  - કયાં-કયાં ફળ બહુ મોટા હોય છે ?
  - કયાં-કયાં ફૂલ ખાઈ શકાય છે ?
  - કયાં-કયાં મૂળ પોચાં હોય છે ?
  - મૂળનો ઉપયોગ શું થાય છે ?

- ચાર-ચારના જૂથમાં બાળકોને વર્તમાનપત્ર (છાપા) આપી તેમાંથી તેઓને મનગમતા ચિત્રો કાપીને અલગ કાગળ પર લગાવવા કહો. આ ચિત્ર લગાવ્યા બાદ તેની માહિતી આપવા-લેવા માટે નીચે મુજબના પ્રશ્નો પૂછો:
  - આ શેનું ચિત્ર છે?
  - આ ચિત્રમાં શું-શું આવેલું છે?
  - આ ચિત્રમાં કોણ-કોણ છે?
  - આ ચિત્ર તમને શાથી ગમે છે?
- બાળકોને વિવિધ તહેવારની માહિતી પ્રશ્નોત્તરી દ્વારા મેળવો.

સમૂહકાર્ય-૨

- શાળામાં રહેલી ચીજ-વસ્તુઓનાં નામ વિદ્યાર્થીઓ પાસેથી બોલાવડાવી તેને બૉર્ડ પર લખો.

  વર્ગખંડ -પ્રાર્થના મેદાન- રમત-ગમત મેદાન-હીંચકો-પરબ-ટીવી-કમ્પ્યુટર-ઘંટ-પ્રયોગશાળા-બેન્ચીસ-વૃક્ષો

  - ઉપરના જેવા શબ્દો વિદ્યાર્થીઓ કહે તે બાદ તે શબ્દોનો પુનરુચ્ચાર કરાવો.
  - આવા શબ્દોને લઈને અર્થપૂર્ણ વિધાન બનાવતાં શીખવો.
  - ઉદા. શાળા- મને મારી શાળા ગમે છે, પ્રયોગશાળા- મારી શાળામાં પ્રયોગશાળા છે.
  - વિદ્યાર્થીઓ જે ચીજ-વસ્તુઓનાં નામ બોલે તેની યાદી પરથી 'મારી શાળા' પર ફકરો લખવાનું કહો.
- મારી શાળાની માફક નીચેના જેવા વિષય પર શબ્દો બોલાવી-ફકરા બોલવા-લખવા માટે સમજ આપો.
  - મારું ઘર, મારું ગામ, મારું રસોડું, મારો મિત્ર, મારો વર્ગખંડ, મારો તાલુકો
- કાગળનો પતંગ બનાવી તેનું નિદર્શન કરાવો.

- 'પતંગ ઊડે સરરરરર.....' આવાં અન્ય વિધાન બનાવડાવો.
  - ઘંટી ચાલે... ઘરરર.
  - કપડું ફાટે.... ચરરર.
  - ધજા ફરકે.... ફરરર.
- **રમત રમાડો :**

  દડો કોની પાસે ?

  વિદ્યાર્થીઓને વર્તુળાકારે બેસાડી સંગીત વગાડો, સંગીત બંધ થાય અને જેની પાસે દડો હોય તેને આઉટ સમજી તેને કોઈ એક તહેવાર કે ઉજવણી વિશે વાત કરવા કહો.

- વિદ્યાર્થીઓ પાસેથી ઉત્સવ તહેવાર સાથે સબંધિત શબ્દો બોલાવડાવી. તેના વિશે જૂથમાં ચર્ચા કરાવી જૂથ નેતા પાસે ફકરો બોલાવો. બોલાયેલ ફકરો બૉર્ડ પર લખો અને વિદ્યાર્થીઓ પાસે વંચાવો. બાદમાં લખવા માટે કહો.
- બૉર્ડ પર કોષ્ટક બનાવી તેમાં જાહેર સંસ્થાની નીચેની માહિતી લખો.

  નામ, કામ કરનાર વ્યક્તિઓ, સાધન-સામગ્રી, પોષાક, ફરજ, વિશેષ બાબત...

- **વેશભૂષા :** સ્થાનિક પર્યાવરણમાંથી ઉપલબ્ધ વસ્તુઓના આધારે ડૉક્ટર, શિક્ષક, રાણી, નેતા, સાધુ, ફકીર, પૂજારી, રાજા વગેરે જેવાં પાત્રોની વેશભૂષા કરાવો.

નોંધ

ગીતો

ગાય

કાળી, ધોળી, ગાય,
પીએ પાણી ચરવા જાય;
ચાર પગો ને આંચળ ચાર,
વાછરડાં પર હેત અપાર.
પગમાં ખરી ને તેમાં ફાટ,
સુંદર શોભે એનો ઘાટ.
પાછળ પૂછડા પર છે વાળ,
તેથી કરે શરીર સંભાળ.
આપે દૂધ, તે ધોળું દેખાય,
સાકર નાંખી હોંશે ખવાય.
દહીં, માખણ, ઘી પણ થાય,
તેથી બહુ ઉપયોગી ગાય.

- ધીરજલાલ પુરાણી

વારતા

વારતા રે વારતા,
ભાભો ઢોર ચારતા,
મૂઠી બોર લાવતા,
છોકરાં સમજાવતા.
એમને દૂધ પિવડાવતા.
એક છોકરો રિસાણો,
કોઠી પાછળ ભીંસાણો.
કોઠી પડી આડી,
છોકરે ચીસ પાડીઃ
અરરર માડી!

એક બિલાડી

એક બિલાડી જાડી, તેણે પહેરી સાડી,
સાડી પહેરી ફરવા ગઈ,
તળાવમાં તે તરવા ગઈ.
તળાવમાં તો મગર,
બિલ્લીને આવે ચક્કર,
સાડી-છેડો છૂટો થયો
મગરના મોંમાં આવી ગયો
મગરને મોટી વાઈ થઈ,
બિલ્લી મગરને ખાઈ ગઈ.
સાડી-છેડો છૂટી ગયો.
મગર બિલ્લીને ખાઈ ગયો.

- ચંદ્રવદન મહેતા

મામાની ગાડી

ગાડી આવે! ગાડી આવે!
ગાડી આવે!
મામા આવે! મામી આવે!
કાજુ કેળાં લાવે!
ચંદુ આવે! લીલી આવે!
નવાં રમકડાં લાવે.
હરખાતી બા ભાઈ ભાભીને
મીઠે વેણ વધાવે!
બા ને મામી ભેટ ભેટે હેતે
મામા વહેંચે લહાણી,
ઘરમાં સઘળાં રાજી રાજી!
જાણે આજ ઉજાણી!

- ઝીણાભાઈ દેસાઈ

રૂપાળા મોર

નાચો નાચો રે મારા રૂપાળા મોર.
રૂપાળી પાંખ તારી આંખો ચકોર;
ભૂરી આ ડોક તારી,
સોનેરી ચાંચ તારી,
માથા પર કલગીનો બીજો છે મોર;
નાચો નાચો રે મારા રૂપાળા મોર.
મીઠા ટહુકાર તારા,
રૂપાળા નાચ તારા,
પીંછામાં ચાંદલા ઝમક-ઝમકોર;
નાચો નાચો રે મારા રૂપાળા મોર.

- ધીરજલાલ પુરાણી

વા વાયા ને વાદળ ઊમટ્યાં !

વા વાયા ને વાદળ ઊમટ્યાં
ગોકુળિયે ટહુક્યા મોર,
રમવા આવો, સુંદરવર શામળિયા!
તમે ના'વો તો નંદજીની આણ! -રમવા૦
તમે રમવા તે ના'વો શા માટે ?
તમે છો રે જનમના ચોર -રમવા૦
તમે ગોકુળ ગોધન ચારતા,
તમે ભરવાડના ભાણેજ. -રમવા૦
મહેતા નરસિંહના સ્વામી શામળિયા!
અમને તેડી રમાડ્યા રાસ. -રમવા૦

- નરસિંહ મહેતા

શાને રંગ જુદા જુદા

શાને આ રંગ જુદા જુદા?
નિત નિત ખીલતાં ફૂલડાં નવરંગી,
પેલી ધરતીના રંગ જુદા જુદા!
- શાને૦

કોયલનો રંગ કાળો, કંઠ છે સોહામણો!
પેલા મોરલાના રંગ જુદા જુદા!
- શાને૦

ચાંદાનો રંગ જુદો, સૂરજનો રંગ જુદો!
પેલા આભલામાં રંગ જુદા જુદા!
- શાને૦

દુનિયાને રંગનારો કેવો રંગીલો!
જેણે ઢોળ્યા છે રંગ જુદા જુદા!
- શાને૦

- શ્રીકાન્ત શાહ

બટુકભાઈ કેવડા હતા રે

બટુકભાઈ કેવડા હતા રે (૨)
બટુકભાઈ આવડા હતા રે (૨)
બટુકભાઈ કેમ કરી પાણી પીતા'તા ?
બટુકભાઈ ઘટર ઘટર, ઘટર ઘટર, ઘટર ઘટર.
બટુકભાઈ ઘટર ઘટર પાણી પીતા'તા.
બટુકભાઈ કેમ કરી ખાણું ખાતા'તા ?
બટુકભાઈ ભચડ ભચડ, ભચડ ભચડ, ભચડ ભચડ.
બટુકભાઈ ભચડ ભચડ ખાણું ખાતા'તા.
બટુકભાઈ કેમ કરી કચરો કાઢતા'તા ?
બટુકભાઈ આમ કરીને, આમ કરીને, આમ કરીને.
બટુકભાઈ આમ કરીને કચરો કાઢતા'તા.
બટુકભાઈ કેમ કરીને કપડાં ધોતા'તા ?
બટુકભાઈ આમ કરીને, આમ કરીને, આમ કરીને.
બટુકભાઈ આમ કરી કપડાં ધોતા'તા.

નાના અમથા વાંદરાભાઈ

નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
ધોતી પહેરી, ઝભો પહેર્યો (૨)
ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
લાકડી લીધી, ચમા પહેર્યા (૨)
ચાલી નીકળ્યા આમ, ચાલી નીકળ્યા આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
પહેલા નંબરની ટિકિટ કપાવી (૨)
જોવા બેઠા આમ, જોવા બેઠા આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
સિનેમામાં તો ધડાકો થયો (૨)
ગભરાઈ ગયા આમ, ગભરાઈ ગયા આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
ચંપલ ફેક્યાં, ચશ્મા ફેંક્યાં (૨)
ટોપી ફેંકી આમ, ટોપી ફેંકી આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)

ઘોડો ઘૂઘરિયાળો

ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો.
ઘાસ દઉં તો ખાય છે, ને રાજી રાજી થાય છે,
દોડાવું તો દોડે છે, ને થોભાવું તો થોભે છે,
તડબડ તડબડ દોડે યારે, લાગે પાંખોવાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો.
રંગે એ તો કાળો છે, તોયે બહુ પાળો છે,
ચાબૂકનું શું કામ છે ? ચેતક એનું નામ છે,
એના ઉપર બેસું ત્યારે લાગું હું મૂંછાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો.

એકડો સાવ સળેખડો

એકડો સાવ સળેખડો, ને બગડો ડિલે તગડો,
બંને બથ્થંબથ્થા બાઝી, કરતા મોટો ઝગડો.
તગડો તાળી પાડે, ને નાચે તા તા થૈ,
ચોગડાની ઢીલી ચડ્ડી, સરરરર ઊતરી ગઈ.
પાંચડો પેંડા ખાતો, એની છગડો તાણે ચોટી,
સાતડો છાનો માનો આવી, લઈ ગયો બધી લખોટી.
આઠડાને ધક્કો મારીને, નવડો કહેતો ખસ,
એકડે મીંડે દસ વાગ્યા, ત્યાં આવી સ્કૂલની બસ.
એકડો સાવ સળેખડો, ને બગડો ડિલે તગડો,
બંને બથ્થંબથ્થા બાઝી, કરતા મોટો ઝગડો.

બારીમાં બબલી બેઠી'તી, બેઠી'તી

બારીમાં બબલી બેઠી'તી, બેઠી'તી,
કેળાં ને રોટલી ખાતી'તી, ખાતી'તી.
છાપરે વાંદરો બેઠો'તો, બેઠો'તો.
બેઠો બેઠો જોતો'તો, જોતો'તો.
હૂપ હૂપ કરતો કૂદી પડ્યો, ભાઈ કૂદી પડ્યો,
લઈ કેળાં ને નાસી ગયો, ભાઈ નાસી ગયો,
બબલીબેન તો જબરાં ખરાં, ભાઈ જબરાં ખરાં.
ના રડ્યાં, ના ગભરાઈ ગયાં, ના ગભરાઈ ગયાં.
વેલણ લીધું... છૂટુ ફેક્યું...
થાળી લીધી... છૂટી ફેંકી...
વાડકો લીધો... છૂટો ફેંક્યો...
વાંદરાભાઈ તો ગભરાઈ ગયા, ભાઈ ગભરાઈ ગયા,
કેળાં ફેકીને ભાગી ગયા, ભાઈ ભાગી ગયા,
બબલીબેન તો રાજી થયાં, ભાઈ રાજી થયાં.
લઈ કેળાં ને ખાઈ ગયાં, ભાઈ ખાઈ ગયાં.

ટ્રીન ટ્રીન વાગે ટેલિફોનની ઘંટડી

ટ્રીન ટ્રીન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... પપ્પાનું?
પપ્પા મારા ઓફિસ ગયા છે.
ટ્રીન ટ્રીન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... મમ્મીનું?
મમ્મી મારી બજાર ગઈ છે.
ટ્રીન ટ્રીન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... બહેનનું?
બહેન મારી નિશાળ ગઈ છે.
ટ્રીન ટ્રીન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... દાદાનું?
દાદા મારા બાગમાં ગયા છે.
ટ્રીન ટ્રીન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... દાદીનું?
દાદી મારાં મંદિરે ગયાં છે.

જાંબુડો કોણે વાવ્યો

જાંબુડો કોણે વાવ્યો, કોણે વાવ્યો, કોણે વાવ્યો રે?
જાંબુડો અમે વાવ્યો, તમે વાવ્યો, સૌએ વાવ્યો રે.
જાંબુડો કેમ વાવ્યો, કેમ વાવ્યો, કેમ વાવ્યો રે?
જાંબુડો આમ વાવ્યો, આમ વાવ્યો, આમ વાવ્યો રે.
પાણી કોણે પાયું, કોણે પાયું, કોણે પાયું રે?
પાણી અમે પાયું, તમે પાયું, સૌએ પાયું રે.
જાંબુડો કેવડો થયો, કેવડો થયો, કેવડો થયો રે ?
જાંબુડો આવડો થયો, આવડો થયો, આવડો થયો રે.
જાંબુડાં કેવડાં થયાં, કેવડાં થયાં, કેવડાં થયાં રે?
જાંબુડાં આવડાં થયાં, આવડાં થયાં, આવડાં થયાં રે.
જાંબુડાં કોણે ખાધાં, કોણે ખાધાં, કોણે ખાધાં રે?
જાંબુડાં અમે ખાધાં, તમે ખાધાં, સૌએ ખાધાં રે.
જાંબુડાં કેટલાં ખાધાં, કેટલાં ખાધાં, કેટલાં ખાધાં રે?
જાંબુડાં આટલાં ખાધાં, આટલાં ખાધાં, આટલાં ખાધાં રે.
જાંબુડાં કેવાં લાગ્યાં, કેવાં લાગ્યાં, કેવાં લાગ્યાં રે?
જાંબુડાં ખાટાં લાગ્યાં, મીઠાં લાગ્યાં, સરસ લાગ્યાં રે.

અજબ જેવી વાત છે



અધ્યયન નિષ્પત્તિ:

૧. ગ, મ, ન, જ અને । (કાના) થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ગ, મ, ન, જ અને । (કાના) થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. શરીરના ભાગો અને તેનાં કાર્યો જાણે છે.

૧

મૂળાક્ષર પરિચય

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ગ, મ, ન, જ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોની ઓળખ વિદ્યાર્થી સારી રીતે કરી શકે તે માટે પૂરતો વાંચન મહાવરો કરાવવો.



૨

વાંચન – દૃઢીકરણ

- વિદ્યાર્થી મૂળાક્ષર ઓળખની પ્રવૃત્તિ કરશે.
- અહીં મૂળાક્ષર ગ, મ, ન, જ માં રંગ પૂરશે.

૩

મૂળાક્ષર પરિચય

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ગ, મ, ન, જ સાથે કાનાનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

૪

વાંચન – દૃઢીકરણ

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.

૫

પાસાની રમત

મૂળાક્ષર પરિચય

- આ રમતમાં જુદા જુદા રંગની સપાટીવાળો પાસો લો.



- કાર્ડમાં અલગ-અલગ મૂળાક્ષર માટે પાસાની સપાટી પરના અલગ-અલગ રંગો સૂચવ્યા છે.
- આ રમત રમવા માટે ઓછામાં ઓછા બે વિદ્યાર્થીઓ જોઈએ.
- વિદ્યાર્થી પોતાની કુકરી માટે કોઈ એક રંગનું બટન રાખશે.
- કુકરી તરીકે અન્ય ચીજ વસ્તુઓનો પણ ઉપયોગ કરી શકાય. જેમ કે, ચાંદલો, રંગીન ચોકના ટુકડા...
- રમતમાં જોડાયેલાં બાળકો પૈકી એક બાળક પાસો ફેંકશે. પાસાની ઉપરની સપાટી જે રંગની આવશે તે રંગ સૂચવતા મૂળાક્ષર ઉપર તે વિદ્યાર્થી પોતાની કુકરી (બટન) મૂકશે. તે મૂળાક્ષર મોટેથી બોલશે. જો માત્રા આવે તો શીખેલા મૂળાક્ષરને માત્રા લગાવી મોટેથી ઉચ્ચારશે. હવે સામેનો વિદ્યાર્થી પાસો ફેંકશે. આ રીતે રમત આગળ ચાલશે. પ્રથમ વિદ્યાર્થીનો બીજી વાર વારો આવે ત્યારે જો ફરીથી એ જ રંગ આવે તો તીરની દિશામાં આગળ વધી એ જ મૂળાક્ષર પર વિદ્યાર્થી પોતાની કુકરી મૂકશે.
- જૂથના બધા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી મૂળાક્ષર બોર્ડના છેલ્લા મૂળાક્ષર સુધી પહોંચે તે વિજેતા જાહેર થશે.
- આ કાર્ડ મોટી સાઈઝમાં બનાવી હાર્ડબોર્ડ પર લગાવી રમતને વધુ અસરકારક બનાવી શકાય.
- અહીં બાળક ગ,મ,ન,જ અને કાના(ા)નું વાંચન કરે એ મહત્ત્વનું છે.

૬

મૂળાક્ષર પરિચય


- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ગ, મ, ન, જ મૂળાક્ષરો સાથે કાનાનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

૭

દૃઢીકરણ

- મૂળાક્ષર અને માત્રાના ઉપયોગથી વિદ્યાર્થી કાર્ડ દ્વારા અલગ અલગ મૂળાક્ષરને માત્રા સાથે જોડી શબ્દો બનાવી વાંચશે.

  ઉદા. ગ + ા = ગા
  ગ + ામ = ગામ
  ગ + ાન = ગાન



- ઉપરાંત, વિવિધ મૂળાક્ષરો સાથે માત્રા કાર્ડ જોડી શબ્દ વાંચશે.
- આપેલાં ઉદાહરણો મુજબ દરેક શબ્દકાર્ડની પાછળ ન મૂળાક્ષર કાર્ડ લગાવી બનતા શબ્દો વિદ્યાર્થી વાંચશે.
- મૂળાક્ષરોનાં કાર્ડ બોક્સમાંથી લઈ શબ્દો બનાવી વાંચશે.
- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરી TLM બોક્ષમાં મૂકવાં.

૮

દૃઢીકરણ

વિદ્યાર્થી શબ્દ કાર્ડ ગોઠવી વાક્યો બનાવી વાંચશે.

ઉદા. ગગન જમ
મગન જમ
જમ મગન જમ
મનન મગ જમ

- આ રીતે બે કાર્ડ અથવા ત્રણ કાર્ડથી બે શબ્દોથી બનતાં વાક્યો તથા ત્રણ શબ્દોથી બનતાં વાક્યો બનાવશે.
- આ વાક્યો સ્લેટમાં લખશે.



૯

લેખન – મહાવરો

- છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીને ચિત્ર પર આંગળી ફેરવાવો અને સ્વઅધ્યયનપોથીમાં ટપકાં જોડી મૂળાક્ષર લખવાનો મહાવરો કરાવવો અને નીચે આપેલા બોક્ષમાં શબ્દોનું અનુલેખન કરાવવું.
- આ મૂળાક્ષરોને રેતિયાં અને પોલા મૂળાક્ષરો બનાવી તેમાં આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.
- ભોંયતળિયે ગ, મ, ન, જ ને ચોકથી લખી તેના ઉપર બટન, કાંકરા, ચણોઠી વગેરે મુકાવી મહાવરો કરાવી શકાય.



૧૦

- વિદ્યાર્થી ચિત્રો સાથે બંધ બેસતા શબ્દોને જોડશે.

દૃઢીકરણ



૧૧

- આપેલાં ચિત્રો ટપકાં જોડીને પૂર્ણ કરશે.
- ખૂટતું અંગ દોરશે.

લેખન – મહાવરો

૧૨

- વિદ્યાર્થી એકમ ૧ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૩

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.

ચિત્રવર્ણન



૧૪

- વિદ્યાર્થી ટપકાં જોડી ગ, મ, ન, જ મૂળાક્ષરનું અનુલેખન કરશે.
- વિદ્યાર્થી કાનો લગાવીને અનુલેખન કરશે.
- ટપકાં જોડી મૂળાક્ષર લેખન કરશે અને શબ્દો જોઈને લખશે.
- ઉદાહરણ મુજબ લેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૫

- આપેલા શબ્દોના મૂળાક્ષરોને ખાનામાં લખશે.
- આપેલા શબ્દોમાંના મૂળાક્ષરોને ઓળખી તેની ફરતે ગોળ કરશે.
- સરખા શબ્દોની જોડી બનાવશે.

મૂલ્યાંકન

આવ રે વરસાદ



અધ્યયન નિષ્પત્તિ:

૧. વ, ૨, સ, દ અને ` (માત્રા) થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. વ, ૨, સ, દ અને ` (માત્રા) થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.
૪. આસપાસના પર્યાવરણની માહિતી કહે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને વ, ૨, સ, દ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોની ઓળખ વિદ્યાર્થી સારી રીતે કરી શકે તે માટે પૂરતો વાંચન મહાવરો કરાવવો.

મૂળાક્ષર પરિચય

૨

- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને વ, ૨, સ, દ સાથે (એક માત્રા)નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૩

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ

૪ પાસાની રમત

મૂળાક્ષર પરિચય

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક વ,ર,સ,દ અને એક માત્રાનું વાંચન કરે એ મહત્ત્વનું છે.



૫


વાંચન – દૃઢીકરણ

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને વ,ર,સ,દ અને એક માત્રાનો પરિચય આપવો.
- આ ઉપરાંત ઉપલબ્ધ અન્ય ચિત્રનો ઉપયોગ કરી શબ્દો અને મૂળાક્ષરોનો પરિચય, ઉચ્ચારણ કરાવવું.

૬

દૃઢીકરણ

- મૂળાક્ષર અને માત્રાના ઉપયોગથી બનતા શબ્દોનું વાંચન કરાવવું.
- મૂળાક્ષર અને માત્રા તથા કાનાના ઉપયોગથી બનતા શબ્દોનું વાંચન કરાવવું.
- મૂળાક્ષર સાથે માત્રા અને કાનો જોડવાથી બનતા મૂળાક્ષરોનું વાંચન કરાવવું.
- ‘ર’ મૂળાક્ષર જોડીને શબ્દ બનાવીને વાંચન કરાવવું.
- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરી TLM બોક્ષમાં મૂકવાં.



૭

દૃઢીકરણ

- શબ્દકાર્ડના આધારે વાક્યો બનાવી અને વાંચશે.

ઉદા.

રેવા	રમવા	જા	સાવન	રમવા	જા
વરસાદ	વરસે		રાજા	રમવા	જા
			દેવન	રમવા	જા

- આ વાક્યો સ્લેટમાં લખશે.



૮

વાંચન – કૌશલ્ય

- ચિત્રો સાથે બંધબેસતા શબ્દો જોડશે.



૯

- છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવવાનું કહેવું.
- આ મૂળાક્ષરોને રેતિયા અક્ષરો, પોલા મૂળાક્ષરોમાં આંગળી ફેરવવા આપી મહાવરો કરાવવો.
- સ્વઅધ્યયન પોથીમાં ટપકાં જોડી મૂળાક્ષર લખવાનો આપેલો મહાવરો ક્રમશઃ કરાવવો.
- ટપકાં જોડી મૂળાક્ષર લેખન કરશે અને શબ્દો જોઈને લખશે.

લેખન – મહાવરો

૧૦

- વિદ્યાર્થી એકમ ૨ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૧

- આપેલા મૂળાક્ષરોને જોડી વિદ્યાર્થી સાર્થક શબ્દો બનાવશે અને તે શબ્દ લખશે.

ઉદા. સે ⟶ વા = સેવા

વાંચન – દૃઢીકરણ

- ટપકાં જોડી ચિત્રો પૂર્ણ કરશે. અને તેમાં રંગ પૂરશે.

લેખન – મહાવરો



૧૨

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.

ચિત્રવર્ણન



૧૩

નિદાન – ઉપચારાત્મક

- ચિત્રના આધારે ખૂટતો મૂળાક્ષર લખી શબ્દ પૂરો કરશે.
- એક માત્રા અને કાનો લગાવી મૂળાક્ષરોનો લેખન મહાવરો કરશે.
- શબ્દોનું અનુલેખન કરશે.



૧૪

મૂલ્યાંકન

- આપેલ શબ્દ ચિત્રને યોગ્ય રીતે લીટી દોરી જોડશે.
- આપેલા મૂળાક્ષરોને કાનો અને માત્રાને જોડી મૂળાક્ષરને લખશે.
- આપેલ શબ્દોમાંથી મૂળાક્ષર શોધી તેના ફરતે ☐ કરશે.
- આપેલા શબ્દોમાંથી સરખા શબ્દો જોડશે.
- આપેલ મૂળાક્ષરોને જોડી શબ્દ લખશે.
- વિવિધ વસ્તુઓનો ચિત્રને અનુરૂપ અંગો સાથે જોડશે.

મને વહાલાં મારાં બા

એકમ 3

અધ્યયન નિષ્પત્તિ:

૧. ક, બ, અ, છ, એ, આ થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ક, બ, અ, છ, એ, આ થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.
૪. પશુ-પક્ષીઓ અને તેમના અવાજને ઓળખે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ક, બ, અ, છ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોની ઓળખ વિદ્યાર્થી સારી રીતે કરી શકે તે માટે પૂરતો વાંચન મહાવરો કરાવવો.

મૂળાક્ષર પરિચય

૨

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને એ, આ મૂળાક્ષરનો પરિચય આપો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૩


- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ

૪ પાસાની રમત

મૂળાક્ષર પરિચય

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ક, બ, અ, છ, એ, આ નું વાંચન કરે એ મહત્ત્વનું છે.



૫


વાંચન – દૃઢીકરણ

- કાર્ડમાં ચિત્રનો એક મૂળાક્ષર નિર્દેશિત કરેલો છે. જ્યારે તેની નીચે ચિત્રનો શબ્દ નિર્દેશિત કરેલો છે. વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર, શબ્દ અને મૂળાક્ષર બતાવી ઉચ્ચારણ કરશે.
- આ ઉપરાંત ઉપલબ્ધ અન્ય ચિત્રનો ઉપયોગ કરી શબ્દો અને મૂળાક્ષરોનો પરિચય, ઉચ્ચારણ કરશે.

૬

વાંચન – દૃઢીકરણ

- મૂળાક્ષરકાર્ડ ગોઠવી શબ્દો બનાવી વાંચશે.
- મૂળાક્ષરોને આપેલ માત્રાઓની બારીમાં બેસાડી મૂળાક્ષરોથી બનતો આખો શબ્દ વાંચશે. ઉદા. ન + ા + વ = નાવ
- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરવા.





૭

લેખન – મહાવરો

- વિદ્યાર્થીઓને છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીઓને આંગળી ફેરવવાનું કહેવું.
- કાર્ડમાં આપેલા મૂળાક્ષરો પર આંગળી ફેરવ્યા પછી જ વિદ્યાર્થીઓને સ્વ અધ્યયનપોથીમાં ટપકાં જોડી લેખન મહાવરો કરાવવો.
- આપેલા શબ્દોનું અનુલેખન કરાવવું.
- આ મૂળાક્ષરોને રેતિયા અને પોલા મૂળાક્ષરો બનાવી તેમાં આંગળી ફેરવવા મહાવરો કરાવવો.



૮

દૃઢીકરણ

- ચિત્રો સાથે બંધબેસતા શબ્દોને જોડશે.
- ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરશે.
- ચિત્રમાં રંગ પૂરશે.



૯

- ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરશે.
- ચિત્રમાં રંગ પૂરશે.
- વિદ્યાર્થી શબ્દ શોધી તેના પર ઉદાહરણ મુજબ ☐ કરશે અને તે શબ્દો નીચે લખશે.

લેખન – મહાવરો

૧૦

- વિદ્યાર્થી એકમ ૩ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૧

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.

ચિત્રવર્ણન



૧૨

- ચિત્રના આધારે ખૂટતા મૂળાક્ષર લખી શબ્દ પૂરો કરશે.
- કાનો અને એક માત્રા સાથે મૂળાક્ષરોનો લેખન મહાવરો કરશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૩

- ચિત્રો સાથે બંધબેસતા શબ્દો જોડશે.
- એક માત્રાવાળા મૂળાક્ષર હોય તે શબ્દ પર ☐ કરશે.
- અહીં આપેલા શબ્દો વાંચશે.
- આપેલા શબ્દોમાંથી મૂળાક્ષરો ઓળખી તેની ફરતે ◯ કરશે.
- સરખા શબ્દોની જોડી બનાવશે.

મૂલ્યાંકન

સંપ તો રાખવો પડે



અધ્યયન નિષ્પત્તિ:

૧. પ, ડ, ત, ણ, ઇ, િ ઈ,ી થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. પ, ડ, ત, ણ, ઇ, િ ઈ,ી થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.
૪. પશુ-પક્ષીઓ અને તેમના અવાજને ઓળખે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રના શબ્દનો મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને પ, ડ, ત, ણ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોની ઓળખ વિદ્યાર્થી સારી રીતે કરી શકે તે માટે પૂરતો વાંચન મહાવરો કરાવવો.

મૂળાક્ષર પરિચય

૨

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ઇ, ઈ, િ, ી નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૩

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.


વાંચન – દૃઢીકરણ

પાસાની રમત

૪

મૂળાક્ષર પરિચય

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક પ, ડ, ત, ણ, ઇ, િ, ઈ, ી નું વાંચન કરે એ મહત્ત્વનું છે.



૫


વાંચન – દૃઢીકરણ

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રના શબ્દનો પ્રથમ મૂળાક્ષર છે. વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર, શબ્દ અને મૂળાક્ષર બતાવી ઉચ્ચારણ કરશે.
- આ ઉપરાંત ઉપલબ્ધ અન્ય ચિત્રનો ઉપયોગ કરી શબ્દો અને મૂળાક્ષરોનો પરિચય, ઉચ્ચારણ કરશે.

૬

દૃઢીકરણ

- કાર્ડમાં આપેલ શબ્દોને વાંચશે.
- મૂળાક્ષરોને આપેલ માત્રાઓની બારીમાં બેસાડી મૂળાક્ષરોથી બનતો આખો શબ્દ વાંચશે.
- આ અગાઉ શીખેલા મૂળાક્ષરો પર આ માત્રાઓ લગાવી મહાવરો કરાવવો.



ઉદા.

તર - તીર
વર - વીર

પ □ી = પી

- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરવા.



૭

વાંચન – લેખન દૃઢીકરણ

- છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવવાનું શીખવો.
- રેતિયા અને પોલા મૂળાક્ષરો બનાવી તેમાં આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.
- સ્વઅધ્યયનપોથીમાં ટપકાં જોડી મૂળાક્ષર લખવાનો આપેલો મહાવરો ક્રમશઃ કરાવવો.
- શબ્દો જોઈને લખશે.

૮

- વિદ્યાર્થી એકમ ૪ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૯

- ચિત્રો નીચે આપેલી જગ્યામાં આપેલા મૂળાક્ષરોની મદદથી અનુરૂપ શબ્દો બનાવી લખશે.
- ચિત્ર જોઈ ખાનામાં મૂળાક્ષર મૂકી શબ્દ બનાવી વાંચશે અને ઊભી હરોળમાં આપેલ મૂળાક્ષરો માટે તે શબ્દના મૂળાક્ષરો પર ◯ કરશે.
- ચિત્ર જોઈ આડી કે ઊભી હરોળમાં ☐ માં ખૂટતો મૂળાક્ષર લખી શબ્દ બનાવશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૦

- સરખા શબ્દોની જોડી બનાવશે.
- આપેલ મૂળાક્ષરોને આપેલ માત્રાઓ જોડી લખશે.
- તડબૂચ તથા ડમરુંના ચિત્રમાં રંગ પૂરશે.
- અનાજ, શાકભાજી અને ફળોનાં વિવિધ ચિત્રોમાંથી વિદ્યાર્થી જે અનાજ, શાકભાજી કે ફળ હોય તેની સામે ☐ માં ✓ કરશે.

મૂલ્યાંકન



૧૧

- ચિત્ર જોઈને વિદ્યાર્થી તેનું નામ લખશે.
- ચિત્ર જોઈને વિદ્યાર્થી ખૂટતો અક્ષર લખશે.
- 'ી' ની માત્રા પર ◯ કરશે.
- આપેલ ઉદાહરણ મુજબ શબ્દો લખશે.

વિભાગીય - મૂલ્યાંકન

ટોપીવાળો ફેરિયો



અધ્યયન નિષ્પત્તિ:

૧. **લ, ટ, ચ, ખ, ૅ (બે માત્રા) થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **લ, ટ, ચ, ખ,ૅ (બે માત્રા) થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **મુલાકાત લીધેલાં સ્થળો વિશે ચર્ચા કરે છે.**
૪. **આસપાસના પર્યાવરણની માહિતી કહે છે.**

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને લ, ટ, ચ, ખ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોના રેતિયા અક્ષરો, પોલા અક્ષરોનું TLM આપી આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.

મૂળાક્ષર પરિચય

૨

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ૅ (બે માત્રા) નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય


૩

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ

૪ પાસાની રમત

મૂળાક્ષર પરિચય



- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક લ, ટ, ચ, ખ અને ૌ (બે માત્રા) નું વાંચન કરે એ મહત્ત્વનું છે.

૫

દૃઢીકરણ

- આ અભ્યાસકાર્ડમાં આપેલા શબ્દોનું વાંચન કરાવવું.
- આવા બીજા શબ્દો બનાવી વંચાવવા.

૬

દૃઢીકરણ

- આપેલ 'વૈ' શબ્દકાર્ડને અન્ય શબ્દો સાથે જોડી નવા શબ્દો બનાવી વાંચશે.

ઉદા.

વૈ	દ	વૈ	તરણી
વૈ	રાગી	વૈ	રાગ

- બનાવેલા શબ્દો સ્લેટમાં લખશે.

૭

દૃઢીકરણ

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

કૈલાસ	જમવા	ચાલ

- બનાવેલાં વાક્યો સ્લેટમાં લખશે.

૮



લેખન – મહાવરો

- વિદ્યાર્થી ટપકાં જોડી ચિત્રો પૂર્ણ કરશે. તેમાં રંગ પૂરશે તથા નીચે આપેલા શબ્દો વાંચશે.
- સ્વઅધ્યયનપોથીમાં આપેલાં શાકભાજીના રેખાચિત્રોમાં રંગ પૂરશે.



૯

- ચિત્ર ઓળખી સામેના શબ્દો વાંચી યોગ્ય જોડ બનાવશે.

દંઢીકરણ



૧૦

- છાપેલા મૂળાક્ષરો પર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવાવવી.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે તીરની દિશામાં ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે શબ્દોનું અનુલેખન કરાવવું.

લેખન – મહાવરો

૧૧

- વિદ્યાર્થી એકમ ૫ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૨

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.
- ચિત્રની નીચે તે ચિત્રો વિશે કોઈપણ ચાર સાદાં વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૩

- ચિત્ર જોઈ ખાનામાં મૂળાક્ષર લખી શબ્દ બનાવી વાંચશે.
- ઊભી હરોળમાં આપેલ મૂળાક્ષરોમાંથી તે શબ્દના મૂળાક્ષર પર ◯ કરશે.
- સ્વ-અધ્યયન પોથીમાં વિદ્યાર્થી લેખન મહાવરા માટે અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૪

- ચિત્ર ઓળખી, શબ્દ વાંચી, યોગ્ય જોડ બનાવશે.
- આપેલ ઉદાહરણ મુજબ શબ્દના મૂળાક્ષરો અલગ અલગ કરી લેખનકાર્ય કરશે.
- શબ્દમાંથી મૂળાક્ષરો શોધી નીચે આપેલ મૂળાક્ષરો સાથે યોગ્ય રીતે જોડ કરશે.
- મૂળાક્ષર ઓળખી ◯ કરશે.
- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.

મૂલ્યાંકન

લાલુ અને પીલુ



અધ્યયન નિષ્પત્તિ:

૧. ઝ, હ, ઘ, ળ, ઉ, ુ, ઊ, ૂ થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ઝ, હ, ઘ, ળ, ઉ, ુ, ઊ, ૂ થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. વસ્તુઓના ગુણધર્મોને આધારે સરખામણી કરે છે.
૪. કારીગરો અને તેના વ્યવસાયોને ઓળખે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.


વાંચન – દૃઢીકરણ

પાસાની રમત

૩

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ નું વાંચન કરે એ મહત્ત્વનું છે.

મૂળાક્ષર પરિચય



૪

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ઉ, ુ, ૂ, ઊ નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૫

- આ અભ્યાસકાર્ડમાં આપેલા શબ્દોનું વાંચન કરાવવું.
- આવા બીજા શબ્દો બનાવી વંચાવવા.

દૃઢીકરણ

૬

- આપેલ 'ઝૂ' અને 'ઘૂ' શબ્દ કાર્ડને અન્ય શબ્દ કાર્ડ સાથે જોડી નવા શબ્દો બનાવી વાંચશે.

ઉદા. ઝૂંપડી ઘૂઘરી

- આ શબ્દો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૭

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

ઝૂલણ મોરલી વાગે છે.

ઘૂઘરી ઘમ ઘમ વાગે છે.

- શબ્દોથી વાક્યો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૮



- વિદ્યાર્થી ટપકાં જોડી ચિત્રો પૂર્ણ કરશે તેમાં રંગ પૂરશે તથા નીચે આપેલા શબ્દો વાંચશે.
- સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ફળના રેખાચિત્રોમાં રંગ પૂરશે.

લેખન – મહાવરો

૯

- આપેલા શબ્દોનું વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ



૧૦

- છાપેલા મૂળાક્ષરો પર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવાવવી.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે તીરની દિશામાં ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે શબ્દોનું અનુલેખન કરાવવું.

લેખન – મહાવરો

૧૧

- વિદ્યાર્થી એકમ ૬ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૨

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.
- ચિત્રની નીચે તે ચિત્રો વિશે કોઈપણ ચાર સાદાં વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૩

- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- ઉદાહરણ મુજબ હરોળમાં શબ્દ શોધી તેને ફરતે ☐ કરશે અને નીચે આપેલા ☐ માં તે શબ્દો લખશે.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી લેખન મહાવરા માટે શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૪

- ચિત્ર ઓળખી, શબ્દ વાંચી, યોગ્ય જોડ બનાવશે.
- શબ્દમાંથી મૂળાક્ષરો શોધી આપેલ મૂળાક્ષરો સાથે યોગ્ય રીતે જોડ કરશે.
- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- રસ કાઢીને ખાવાના ફળોમાં લાલ રંગ, છાલ સાથે ખાવાના ફળોમાં પીળો અને છાલ કાઢીને ખાવાના ફળોમાં લીલો રંગ ◯ માં પૂરશે.

મૂલ્યાંકન

ફૂલણજી દેડકો



અધ્યયન નિષ્પત્તિ:

૧. ભ, ય, ધ, ફ, ો,ૌ થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.

૨. ભ, ય, ધ, ફ, ો,ૌ થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.

૩. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ભ, ય, ધ, ફ, ો, ૌ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.


વાંચન – દૃઢીકરણ

પાસાની રમત

૩

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ભ, ય, ધ, ફ, ઓ, ઔ નું વાંચન કરે એ મહત્ત્વનું છે.

મૂળાક્ષર પરિચય



૪


- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ો, ૌ નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૫

- આ અભ્યાસકાર્ડમાં આપેલા શબ્દોનું વાંચન કરશે.
- માત્રા લગાવેલા મૂળાક્ષરોને વિદ્યાર્થી વાંચશે.
- શીખેલા મૂળાક્ષર કાર્ડના ઉપયોગથી મહાવરો કરશે.
- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરવા.

દૃઢીકરણ



૬

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

વિજય	ફટાકડા	ફોડ.

- શબ્દોથી વાક્યો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ



૭

- છાપેલા મૂળાક્ષરો પર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવાવવી.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે તીરની દિશામાં ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે શબ્દોનું અનુલેખન કરાવવું.

લેખન – મહાવરો



૮

- આપેલાં વાક્યોનું અનુલેખન કરશે.
- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- ચિત્ર ઓળખી, શબ્દ વાંચી, યોગ્ય જોડ બનાવશે.
- વિદ્યાર્થી ટપકાં જોડી ચિત્રો પૂર્ણ કરશે અને તેમાં રંગ પૂરશે.

લેખન – મહાવરો

૯

- વિદ્યાર્થી એકમ ૭ ની અર્લીરીડર વાંચશે.

વાંચન – દૃઢીકરણ



૧૦

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલા ચિત્રોનાં નામ લખશે.
- ચિત્રની નીચે તે ચિત્રો વિશે કોઈપણ ચાર સાદાં વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૧

- ચિત્ર જોઈને તેનું નામ લખશે અને નીચે ઊભી હરોળમાં આપેલા મૂળાક્ષરોમાંથી તે ચિત્રના મૂળાક્ષરો શોધી તેની ફરતે ◯ કરશે.
- ઉદાહરણ મુજબ ચિત્ર જોઈને આડી કે ઊભી હરોળ ☐ માં ખૂટતો અક્ષર લખશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૨

- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- મૂળાક્ષરને અલગ કરીને લખશે.
- ચિત્રમાં રંગ પૂરશે.

મૂલ્યાંકન

હું પણ...



અધ્યયન નિષ્પત્તિ:

૧. ઢ, ઠ, શ, થ, ં (અનુસ્વાર) થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.

૨. ઢ, ઠ, શ, થ, ં (અનુસ્વાર) થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.

૩. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.

૪. વસ્તુઓના ગુણધર્મોને આધારે સરખામણી કરે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ઢ, ઠ, શ, થ, મૂળાક્ષરોનો અને ં (અનુસ્વાર) પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ

૩

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૪

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

માધવી	ઢગલો	કર

- વાક્યો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ



૫

- છાપેલા મૂળાક્ષરો પર તીરની દિશામાં વિદ્યાર્થીએ આંગળી ફેરવાવવી.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે તીરની દિશામાં ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે અનુલેખન કરાવવું.
- રેતિયા અને પોલા મૂળાક્ષરો બનાવી તેમાં આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.

લેખન – મહાવરો

૬

- ચિત્ર સાથે આપેલા શબ્દનું વાંચન કરશે.
- આપેલાં વાક્યોનું વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ



૭

- ચિત્રોમાં રંગ પૂરશે.

લેખન – મહાવરો

૮

- વિદ્યાર્થી એકમ ૮ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૯

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.
- ચિત્રની નીચે તે ચિત્રો વિશે કોઈપણ ચાર સાદાં વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૧૦

- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- ઢ, ઠ, માં રંગ પૂરશે.
- ઉદાહરણ મુજબ ખૂટતો અક્ષર લખશે.
- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- શ, થ માં રંગ પૂરશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.



નિદાન – ઉપચારાત્મક



૧૧

- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- મૂળાક્ષરને માત્રા લગાવી ઉદાહરણ મુજબ લખશે.
- મૂળાક્ષરોમાં રંગ પૂરશે.

મૂલ્યાંકન



૧૨

- ચિત્ર ઓળખી તેનું નામ લખશે.
- મૂળાક્ષરને જોડી શબ્દ બનાવી લખશે.
- ચિત્ર જોઈને ખૂટતો અક્ષર લખી શબ્દ બનાવશે.
- કોઠામાંથી શાકભાજીનાં નામ શોધી નીચે લખશે.
- ઉદાહરણ મુજબ મૂળાક્ષરનો ઉપયોગ કરી શબ્દ બનાવી લખશે અને તે શબ્દનો ઉપયોગ કરીને વાક્ય લખશે.

વિભાગીય - મૂલ્યાંકન

આ દાતરડું કેવું ?



અધ્યયન નિષ્પત્તિ:

૧. **શીખેલા મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **શીખેલા મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **પશુઓ, પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે.**
૪. **પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.**

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામનું વાંચન કરાવવું.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

વાંચન – મહાવરો

૨

- વિદ્યાર્થી એકમ ૯ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૩

- આડી અને ઊભી હરોળમાં ચિત્ર સાથે તેનો શબ્દ આપેલો છે. જેમાં ખૂટતો અક્ષર મૂકી વિદ્યાર્થી ચિત્રનો શબ્દ પૂરો કરશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.

લેખન – મહાવરો



૪

નિદાન – ઉપચારાત્મક

- કોઠામાંથી શબ્દ શોધી તેના પર ☐ કરી, તે શબ્દો બાજુમાં લખશે.
- આપેલા મૂળાક્ષરને ઉદાહરણ મુજબ ા અને િ લગાવી લખશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.



૫

મૂલ્યાંકન

- ચિત્રને તેના યોગ્ય શબ્દ સાથે જોડશે.
- ચિત્રનું નામ લખશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.
- આપેલાં ચિત્રોમાં રંગ પૂરશે.

મિત્રની મદદ



અધ્યયન નિષ્પત્તિ:

૧. ષ, ત્ર, જ્ઞ મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ષ, ત્ર, જ્ઞ મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.
૪. પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.
૫. પશુઓ, પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ષ, ત્ર, જ્ઞ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.


વાંચન – દૃઢીકરણ

૩

પાસાની રમત

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ષ, ત્ર, જ્ઞ નું વાંચન કરે એ મહત્ત્વનું છે.

મૂળાક્ષર પરિચય



૪

- આ કાર્ડમાં ચિત્ર અને તેનું નામ છે.
- વિદ્યાર્થી ચિત્ર જોઈને તેનાં નામનો પરિચય મેળવશે.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૫


- આ કાર્ડમાં જુદા-જુદા શબ્દો છે.
- શબ્દોને ક્રમશઃ ગોઠવી વાક્ય યોગ્ય બને તે રીતે રેલગાડી બનાવી વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ

૬

- વિદ્યાર્થીને શબ્દોનું વાંચન કરાવવું.
- ષ, ત્ર અને જ્ઞ ને વિવિધ માત્રા લગાવી વાંચન કરાવવું.
- આ કાર્ડ શિક્ષકે તૈયાર કરવા.

વાંચન – દૃઢીકરણ



૭

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

રાત્રે	તારા	ચમકે	છે.

- વાક્યો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૮

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘કમળ’ થી ‘ઘોડિયું’ સુધીનાં વાક્યોનું વાંચન કરાવવું.
- વિદ્યાર્થી વાંચન કરી લે તે પછી તે પૈકીના બે-ત્રણ ચિત્રો વિશે વર્ણન કરવા કહો.

વાચન – અર્થગ્રહણ



૯

- કોઠા નીચે આપેલા છ શબ્દોને આડી ઊભી હરોળમાં શોધી તેના ફરતે ◯ કરશે અને વાંચશે.
- આપેલાં ફળનાં ચિત્રોમાં ટપકાં જોડીને રંગ પૂરશે.

વાંચન – દૃઢીકરણ

૧૦

- ચિત્રના શબ્દોનું વાંચન કરશે.
- આપેલાં વાક્યોનું વાંચન કરશે.

વાચન – અર્થગ્રહણ



૧૧

લેખન – મહાવરો

- વિદ્યાર્થીઓને છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીઓને આંગળી ફેરવવાનું શીખવો.
- કાર્ડમાં આપેલા મૂળાક્ષરો પર આંગળી ફેરવ્યા પછી જ વિદ્યાર્થીઓને સ્વઅધ્યયનપોથીમાં ટપકાં જોડી લેખન મહાવરો કરાવવો.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.
- રેતિયા અને પોલા મૂળાક્ષરોનું TLM બનાવી તેમાં આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.

૧૨

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ

- વિદ્યાર્થી એકમ ૧૦ ની અર્લીરીડર વાંચશે.



૧૩

ચિત્રવર્ણન

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.



૧૪

નિદાન – ઉપચારાત્મક

- ચિત્ર જોઈને તેનું નામ લખશે અને નીચે ઊભી હરોળમાં આપેલા મૂળાક્ષરોમાંથી તે ચિત્રના મૂળાક્ષરો શોધી તેની ફરતે ◯ કરશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.



૧૫

મૂલ્યાંકન

- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- ઉદાહરણ મુજબ શબ્દોને લખશે.
- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- ઉદાહરણ મુજબ શબ્દને મૂળાક્ષર સાથે જોડશે.
- મૂળાક્ષરને માત્રા લગાવી ઉદાહરણ મુજબ લખશે.
- વિદ્યાર્થી દસ પ્રાણીઓનાં નામ લખશે.
- વિદ્યાર્થીએ જે પ્રાણીઓનાં નામ લખ્યાં છે તેનું પાલતુ પ્રાણી અને જંગલી પ્રાણીમાં વર્ગીકરણ કરશે.

યજ્ઞનો ઘોડો



અધ્યયન નિષ્પત્તિ:

૧. ક્ષ, શ્ર, ઋ, ૠ મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ક્ષ, શ્ર, ઋ, ૠ મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.
૪. પશુઓ, પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે.
૫. સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.

૧ — **મૂળાક્ષર પરિચય**

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ક્ષ, શ્ર, ઋ, ૠ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- રેતિયા મૂળાક્ષરો, પોલા મૂળાક્ષરો તૈયાર કરી આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.

૨ — **વાંચન – દૃઢીકરણ**

- કાર્ડના કટિંગને યોગ્ય રીતે જોડશે. કટિંગને જોડતાં ચિત્ર અને તે ચિત્રનો શબ્દ બનશે.
- આ શબ્દો વાંચશે.
- આ રીતે ચિત્રના વધુ કાર્ડ શિક્ષકે બનાવવા.

૩ — **દૃઢીકરણ**

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

અક્ષય	શરબત	પી.

- આ વાક્યો સ્લેટમાં લખશે.

૪

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાં 'ચકલી' થી 'ઝાંઝર' સુધીનાં વાક્યોનું વાંચન કરાવવું.
- વિદ્યાર્થી વાંચન કરી લે પછી તે પૈકીના બે-ત્રણ ચિત્રો વિશે વર્ણન કરવા કહો.

વાચન – અર્થગ્રહણ



૫

- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયન પોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે અનુલેખન કરાવવું.

લેખન – મહાવરો



૬

- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- આપેલાં વાક્યોનું અનુલેખન કરશે.

દૃઢીકરણ



૭

- આપેલાં ચિત્રોના ટપકાં જોડીને રંગ પૂરશે.
- વિદ્યાર્થી કોઈપણ ચાર જીવજંતુનાં ચિત્રો દોરશે.

સર્જનાત્મકતા

૮

- વિદ્યાર્થી એકમ ૧૧ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૯

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૦

- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- ટપકાં જોડી મૂળાક્ષર લખશે.
- શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૧

- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- ચિત્રનું યોગ્ય નામ લખશે.
- જીવ-જંતુ, પક્ષી અને પશુમાં વર્ગીકરણ કરશે.

મૂલ્યાંકન



૧૨

- ચિત્ર જોઈને તેનો યોગ્ય શબ્દ લખશે.
- વાક્યોનું અનુલેખન કરશે.
- ખૂટતો મૂળાક્ષર લખી શબ્દ પૂરો કરશે.
- ફકરાનું અનુલેખન કરશે.
- સાચો જવાબ પસંદ કરી ખરાની (✓) નિશાની કરશે.

વિભાગીય - મૂલ્યાંકન

અચ્ચર આવે...



અધ્યયન નિષ્પત્તિ:

૧. **સદંડી મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **સદંડી મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.**
૪. **વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.**

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ આપેલ છે.
- વિદ્યાર્થીને સદંડી જોડાક્ષરનો પરિચય કરાવવો
- જોડાક્ષરો લખવાનો મહાવરો સ્લેટમાં કરાવવો અને વારંવાર તેનો ઉચ્ચાર કરાવવો.

જોડાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ



૩

- ઉદાહરણ મુજબ આપેલાં ચિત્રો વિશે ત્રણ-ત્રણ વાક્યો લખે તે અંગે માર્ગદર્શન આપવું.

સર્જનાત્મકતા

૪

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી 'ટપાલી' થી 'ઢોલક' સુધીનાં વાક્યોનું વાંચન કરાવવું.

વાચન – અર્થગ્રહણ



૫

- સચિત્ર બાળપોથીમાં વાંચેલા કોઈપણ ત્રણ ચિત્ર વિશે બે-ત્રણ વાક્યો લખશે.
- શબ્દોનું વાંચન અને અનુલેખન કરશે.

લેખન – મહાવરો

૬

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. કલ્પેશ | અક્ષર | સુધાર.

દૃઢીકરણ

- આ વાક્યોને સ્લેટમાં લખશે.



૭

- શબ્દો પરથી વાક્ય બનાવી લખશે.
- ચિત્રોમાં રંગ પૂરશે.

દૃઢીકરણ

૮

- વિદ્યાર્થી એકમ ૧૨ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૯

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૦

- ઉદાહરણ મુજબ મૂળાક્ષરને જોડીને શબ્દ બનાવી લખશે.
- વાક્યોનું વાંચન કરીને લખશે.

નિદાન – ઉપચારાત્મક



૧૧

- ઉદાહરણ મુજબ ચીજવસ્તુઓનાં નામ યોગ્ય ખાનામાં લખશે.
- ઉદાહરણ મુજબ જોડાક્ષરવાળા શબ્દો લખશે.
- શબ્દો વાંચી અને સાચા શબ્દો લખશે.
- શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.
- મૂળાક્ષરને જોડીને શબ્દ બનાવી લખશે.
- ચિત્રોમાં યોગ્ય રંગ પૂરશે.

મૂલ્યાંકન

ચપટી વાગે પટ્ટ... પટ્ટ...



અધ્યયન નિષ્પત્તિ:

૧. **દંડરહિત સમાન મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **દંડરહિત સમાન મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.**
૪. **વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.**
૫. **વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.**

૧

- દંડ રહિત જોડાક્ષરની સમજ આપી વાંચન કરાવવું.
- આ શબ્દોનો ઉચ્ચાર વારંવાર કરાવી તેનો મહાવરો કરાવવો.
- આ શબ્દો સ્લેટમાં લખાવો.

જોડાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ

૩

- શબ્દકાર્ડના શબ્દો વાંચશે.
- આ શબ્દો સ્લેટમાં લખશે.

વાંચન – દૃઢીકરણ

૪

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | કબડ્ડી | | રમવા | | જાવ. |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૫

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘ઘણ’ થી ‘દૂધી’ સુધીનાં વાક્યોનું વાંચન કરાવવું.

વાચન – અર્થગ્રહણ



૬

- શબ્દોનું વાંચન અને અનુલેખન કરશે.

દૃઢીકરણ



૭

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૮

- વિદ્યાર્થી એકમ ૧૩ ની અલીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ

૯

- વાર્તાનું વાંચન કરશે અને વાર્તામાં લાલ રંગથી છપાયેલા જોડાક્ષરવાળા શબ્દોનું ધ્યાનપૂર્વક વાંચન કરશે.
- જોડાક્ષરવાળા શબ્દોની યાદી સ્લેટમાં લખશે.
- આ પૈકી કોઈપણ ત્રણ-ચાર શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી સ્લેટમાં લખશે.

નિદાન – ઉપચારાત્મક



૧૦

- મૂળાક્ષરોને જોડીને શબ્દો બનાવી લખશે.
- ઉદાહરણ મુજબ સરખા ઉચ્ચારવાળા શબ્દો લખશે.
- ચિત્રમાં શું શું દેખાય છે ? તેનાં નામ લખશે અને તે ચિત્રોના નામ પૈકી કોઈપણ ત્રણ શબ્દનો ઉપયોગ કરી વાક્ય લખશે.

મૂલ્યાંકન

બચ્ચું કહે...



અધ્યયન નિષ્પત્તિ:

૧. **દંડરહિત અને સદંડી અસમાન મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **દંડરહિત અને સદંડી અસમાન મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.**
૪. **વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.**
૫. **આહારના સંદર્ભમાં સારી-નરસી ટેવો વિશે સમજે છે.**

૧

જોડાક્ષર પરિચય

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ આપેલ છે.
- વિદ્યાર્થીને સદંડી જોડાક્ષરનો પરિચય કરાવવો
- આ શબ્દોનો ઉચ્ચાર વારંવાર કરાવી તેનો મહાવરો કરાવવો.



૨

વાચન – અર્થગ્રહણ

- ફકરાનુ ધ્યાનપૂર્વક વાંચન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખશે.
- જોડકણાંના આધારે ખાલીજગ્યા પૂરશે અને પ્રશ્નોના જવાબ લખશે.



૩

ચિત્રવર્ણન

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

૪

દઢીકરણ

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | મમ્મી | સાડી | પહેરે. |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

૫

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી 'ધજા' થી 'ફૂલ' સુધીનાં વાક્યોનું વાંચન કરાવવું.
- 'ધજા થી ફૂલ' સુધીના કોઈપણ ત્રણ ચિત્રો વિશે સ્લેટમાં લખાવવું.

વાચન – અર્થગ્રહણ



૬

- આપેલા જોડાક્ષરોવાળા શબ્દોનું વાંચન કરી લખશે.
- આ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૭

- વિદ્યાર્થી એકમ ૧૪ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૮

- વિદ્યાર્થી શીખેલા શબ્દોને લખશે.
- જોડાક્ષરવાળાં શબ્દો વાંચીને લખશે.
- આપેલા વાક્યોનું વાંચન કરી અનુલેખન કરશે.
- સચિત્ર બાળપોથીમાં વાંચેલા ચિત્રો 'ધજા' થી 'ફૂલ' પૈકી કોઈપણ ત્રણ ચિત્રો વિશે બે-ત્રણ વાક્યો લખશે.

નિદાન – ઉપચારાત્મક



૯

- મૂળાક્ષરોને જોડીને શબ્દો બનાવી લખશે.
- ઉદાહરણ મુજબ જોડાક્ષરવાળા શબ્દો લખશે.
- ચિત્ર જોઈને અનાજ, કઠોળ કે તેલીબિયાં પૈકી કોઈ એકમાં ✓ કરશે.
- અનાજ, કઠોળ, શાકભાજી અને તેલીબિયાંનાં ત્રણ-ત્રણ નામ લખશે.
- ખોરાક લેવા અંગેની સારી ટેવોની સામે ✓ અને ખરાબ ટેવ સામે x કરશે.

મૂલ્યાંકન



૧૦

- શબ્દોનું વાંચન કરી અનુલેખન કરશે.
- વાક્યોનું વાંચન કરી અનુલેખન કરશે.
- ફકરાનું વાંચન કરી અનુલેખન કરશે.
- ઉદાહરણ મુજબ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.

વિભાગીય મૂલ્યાંકન

પવન અને સૂર્ય



અધ્યયન નિષ્પત્તિ:

૧. **'ર' કાર મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **'ર' કાર મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.**
૪. **પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.**

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ આપેલ છે.
- વિદ્યાર્થીને 'ર' કાર જોડાક્ષરની સમજ આપી વાંચન કરાવવું.

જોડાક્ષર પરિચય



૨

- શબ્દોનું વાંચન કરી અનુલેખન કરશે.
- ચિત્ર જોઈ ફળનું નામ લખશે.
- ચિત્ર જોઈ ફળને તે ફળના પર્ણ સાથે યોગ્ય રીતે જોડશે.

દૃઢીકરણ

૩

- શબ્દો, વાક્યો અને ફકરાનું વાંચન કરશે.
- આ શબ્દો, વાક્યો અને ફકરાને સ્લેટમાં લખશે.

વાચન – દૃઢીકરણ

૪

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. વર્ગખંડ | ચોખ્ખો | રાખવો | જોઈએ.

વાચન – અર્થગ્રહણ

- આ વાક્યો સ્લેટમાં લખશે.

૫

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘બટાકા’ થી ‘યોગ’ સુધીનાં વાક્યોનું વાંચન કરાવવું.
- ‘બટાકા’ થી ‘યોગ’ સુધીના કોઈપણ ત્રણ ચિત્રો વિશે સ્લેટમાં લખાવવું.

વાચન – અર્થગ્રહણ

૬

- ચિત્ર જોઈને વિદ્યાર્થી તેના જૂથના અન્ય વિદ્યાર્થી પાસે તે ચિત્રનું વર્ણન કરશે.

અભિવ્યક્તિ

૭

- વિદ્યાર્થી એકમ ૧૫ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૮

- પ્રકાશ, પૂર્વા, કૃષ્ણા જેવા ‘ર’ કાર વાળા દસ શબ્દો લખશે.
- ‘અ’ થી શરૂ થતા દસ શબ્દો લખશે.

સર્જનાત્મકતા



૯

- શબ્દોનું વાંચન કરી અનુલેખન કરશે.
- શબ્દ પરથી વાક્ય બનાવી લખશે.
- ફકરામાંથી જોડાક્ષર શોધીને લખશે.
- ઋતુ મુજબનાં ફળોનાં નામ લખશે.

નિદાન – ઉપચારાત્મક



૧૦

- ચિત્ર જોઈને તેના વિશે ઉદાહરણ મુજબ ત્રણ-ચાર વાક્યો લખશે.
- ઉદાહરણ મુજબ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.
- ચિત્રો જોઈ તેનું નામ લખશે.

મૂલ્યાંકન

લાલચનું પરિણામ



અધ્યયન નિષ્પત્તિ:

૧. વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.
૨. ઉપસર્ગ અને પૂર્વગ જોડે છે.
૩. વનસ્પતિના વિવિધ ભાગો અંગે જણાવે છે.
૪. સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.



૧

- શાળાના શિક્ષકોનાં પૂરાં નામ લખશે.
- વિદ્યાર્થી પોતાના કુટુંબના સભ્યોનાં પૂરાં નામ લખશે.
- આપેલાં સાધનોના ઉપયોગ વિશે એક-એક વાક્ય લખશે.

અભિવ્યક્તિ

૨

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | શિવમ | | ઉમંગભેર | | દોડ્યો. |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

વાચન – અર્થગ્રહણ

૩

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘રાખડી’ થી ‘અષાઢી બીજ’ સુધીના વાક્યોનું વાંચન કરાવવું.
- ‘રાખડી’ થી ‘અષાઢી બીજ’ સુધીના કોઈપણ ત્રણ ચિત્રો વિશે સ્લેટમાં લખાવવું.

વાચન – અર્થગ્રહણ



૪

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૫

- વિદ્યાર્થી એકમ ૧૬ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૬

- શબ્દનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ વાક્ય બનાવી લખશે.
- શબ્દ સુધારીને ઉદાહરણ મુજબ સાચો શબ્દ લખશે.
- શબ્દો વાંચી તેનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૭

- ઉદાહરણ મુજબ જોડાક્ષરોવાળા શબ્દો લખશે.
- વિદ્યાર્થી તેના મિત્રોનાં પૂરાં નામ લખશે.
- કોઈપણ તહેવારનાં પાંચ નામ લખશે.

મૂલ્યાંકન

તું આવ મજાની ખિસકોલી



અધ્યયન નિષ્પત્તિ:

૧. **સંવાદ અને પ્રશ્ન વાક્ય વાંચે છે અને લખે છે.**
૨. **વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.**
૩. **પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.**
૪. **વનસ્પતિના વિવિધ ભાગો અંગે જણાવે છે.**



૧

- શબ્દોનું વાચન કરશે.
- ચિત્રો જોઈ શબ્દો લખશે.

વાચન – અર્થગ્રહણ

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાંચન કરશે.

વાંચન – દૃઢીકરણ

૩

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. પ્રીતિ | શું | જોવાની | છે ?

- આ વાક્યો સ્લેટમાં લખશે.

વાચન – અર્થગ્રહણ

૪

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘સગડી’ થી ‘જ્ઞાનેન્દ્રિય’ સુધીનાં વાક્યોનું વાંચન કરાવવું.
- વિદ્યાર્થીના વાંચન બાદ કોઈપણ બે ચિત્રો વિશે બે-ત્રણ વાક્યો સ્લેટમાં લખાવવા.

વાચન – અર્થગ્રહણ

૫

- ચિત્ર સાથે વાક્યોનું વાંચન કરાવી અનુલેખન કરાવવું.

વાચન – અર્થગ્રહણ

૬

- ફકરાનું વાંચન કરી તેમાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખશે.
- ચિત્રને આધારે તહેવારનું નામ લખશે.
- વિરુદ્ધાર્થી શબ્દો લખશે.
- ફકરાનું વાંચન કરી તેના આધારે ખાલી જગ્યા પૂરશે.

દૃઢીકરણ

૭

- વાક્યોનું વાંચન કરી અનુલેખન કરશે.

દૃઢીકરણ

૮

- વિદ્યાર્થી એકમ ૧૭ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ

૯

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૧૦

- ચિત્રોને આધારે ચાર-પાંચ વાક્યો લખશે.

અભિવ્યક્તિ



૧૧

- શબ્દોનું વાંચન કરી અનુલેખન કરશે.
- વિરુદ્ધાર્થી શબ્દોને જોડશે.
- વિદ્યાર્થી પોતાની માહિતી લખશે.
- ચિત્ર જોઈને તે વ્યવસાયકારનું નામ લખશે.

નિદાન – ઉપચારાત્મક



૧૨

- વિરુદ્ધાર્થી શબ્દ લખશે.
- જમીન, જળ અને હવાઈ માર્ગ પર ચાલતા વાહનોનું વર્ગીકરણ કરશે.
- ઉદાહરણ મુજબ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.
- ફકરાનું વાચન કરી અનુલેખન કરશે.

મૂલ્યાંકન

કંઇ એકલા ખવાય ?

એકમ ૧૮

અધ્યયન નિષ્પત્તિ:

૧. સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો જાણે છે.
૨. લિંગ પરિવર્તન કરે છે.
૩. વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.
૪. શબ્દરમત દ્વારા શબ્દભંડોળ વિકસાવે છે.
૫. દિશાઓ ઓળખે છે.
૬. વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.



૧

- વિદ્યાર્થી ફકરાનું વાંચન કરી અનુલેખન કરશે.
- વિદ્યાર્થી ફકરાના આધારે સાચો જવાબ પસંદ કરી ખરા (✓)ની નિશાની કરશે.
- વિદ્યાર્થી પોતાની શાળાનું ચિત્ર દોરશે.
- પોતાની શાળાના આધારે પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખશે.

અભિવ્યક્તિ



૨

- વિદ્યાર્થી ફકરાનું વાંચન કરશે.
- ઉદાહરણ મુજબ વિરુદ્ધાર્થી શબ્દો લખશે.
- આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખશે.
- ફકરાના આધારે ખાલી જગ્યા પૂરશે.
- ઉદાહરણ મુજબ લિંગ પરિવર્તનના શબ્દો લખશે.

દૃઢીકરણ

૩

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | ખોરાક | | ચાવીને | | ખાઓ. |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

વાચન – અર્થગ્રહણ

૪

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાં વાંચન કરાવવું.
- વિદ્યાર્થીને મૂળાક્ષરનો ક્રમ (કક્કો), ગુજરાતી સ્વર અને બારાક્ષરી ક્રમની સમજ આપી વાંચન કરાવવું.
- વિદ્યાર્થીને આ કાર્ડનો સ્લેટમાં લેખન મહાવરો કરાવવો.

વાચન – અર્થગ્રહણ



૫

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૬

- ચિત્રના આધારે પાંચ-સાત વાક્યો તેના જૂથના મિત્રને કહેશે.

મૌખિક અભિવ્યક્તિ

૭

- વિદ્યાર્થી એકમ ૧૮ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૮

- વિદ્યાર્થી તેના જૂથના મિત્રની મદદથી સ્લેટમાં આ ફકરાનું શ્રુતલેખન કરશે.
- વિદ્યાર્થી હવે આ ફકરાનું સ્વઅધ્યયનપોથીમાં અનુલેખન કરશે.
- ઉદાહરણ મુજબ સમાન અર્થવાળા શબ્દોની જોડ બનાવશે.
- ઉદાહરણ મુજબ વિરુદ્ધાર્થી શબ્દોની જોડ બનાવશે.
- ઉદાહરણ મુજબ લિંગ પરિવર્તનની જોડ બનાવશે.

નિદાન – ઉપચારાત્મક



૯

- વિદ્યાર્થી સમાનાર્થી શબ્દોની જોડ બનાવશે.
- વાક્યોનું વાંચન કરી અનુલેખન કરશે.
- કાવ્યપંક્તિનું વાંચન કરી અનુલેખન કરશે.
- ઉદાહરણ મુજબ વિરુદ્ધાર્થી શબ્દોની જોડ બનાવશે.
- ઉદાહરણ મુજબ લિંગ પરિવર્તનની જોડ બનાવશે.

મૂલ્યાંકન

ઉલો તરવાડી

એકમ ૧૮

અધ્યયન નિષ્પત્તિ:

૧. નો, ની, નું, ના પ્રત્યયનો ઉપયોગ કરે છે.
૨. વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.
૩. દિશાઓ ઓળખે છે.
૪. રાષ્ટ્રગીત ગાય છે.
૫. સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.
૬. વનસ્પતિનાં વિવિધ ભાગો અંગે જણાવી શકશે.

૧

- ચિત્રને તેના શબ્દ સાથે દોરા કે સળીની મદદથી યોગ્ય જોડ કરાવવી.
- ઉદાહરણ મુજબ દોરા કે સળીની મદદથી વિરુદ્ધાર્થી શબ્દોની જોડ કરાવવી.
- ઉદાહરણ મુજબ દોરા કે સળીની મદદથી સમાનાર્થી શબ્દોની જોડ કરાવવી.
- પ્રશ્નવાક્યોનું વાંચન કરાવી પ્રશ્નવાક્યની સમજ આપવી.

વાચન – અર્થગ્રહણ

૨

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | ચકલી | | કેવી રીતે | | ઊડે છે ? |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

વાચન – અર્થગ્રહણ

૩

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી 'અજગર' થી 'અંકુર' સુધીના વાક્યોનું વાંચન કરાવવું.
- સચિત્ર બાળપોથીના આધારે સ્વરના ક્રમની સમજ આપવી. (આધાર તરીકે એકમ-૧૮ ના અભ્યાસકાર્ડ નંબર -૪ મુજબ)

વાચન – અર્થગ્રહણ



૪

- ફકરાનું વાંચન કરી તેના આધારે ફકરામાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખશે.
- ફકરામાંથી રંગોનાં નામ શોધીને લખશે.
- ઉદાહરણ મુજબ નો, ની, નું, ના વડે ખાલી જગ્યા પૂરશે.
- ઉદાહરણ મુજબ શબ્દો બનાવીને લખશે.

દટીકરણ



૫

- શબ્દોનું વાંચન કરીને અનુલેખન કરશે.
- વાક્યોનું વાંચન કરીને અનુલેખન કરશે.
- વિદ્યાર્થીએ વાંચેલ સચિત્ર બાળપોથીનાં ચિત્રો પૈકી કોઈપણ ત્રણ ચિત્રો વિશે બે-ત્રણ વાક્યો લખશે.
- વિદ્યાર્થી જવાબના આધારે પ્રશ્ન બનાવી લખશે.

દટીકરણ

૬

- વિદ્યાર્થી એકમ ૧૯ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૭

- વિદ્યાર્થી ‘રીંછ અને કાચબા’ની વાર્તા વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરશે.
- વિદ્યાર્થી ચિત્રોના આધારે પાંચ-સાત વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૮

- સમાનાર્થી શબ્દની નીચે લીટી કરશે.
- શું, ક્યાં, કોણ, ક્યારે, કઈ વડે ખાલી જગ્યા પૂરશે.
- ફકરો વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખશે.

દટીકરણ



૯

- ચિત્ર જોઈને તેને અનુરૂપ શબ્દો લખશે. (અહીં પરસ્પર વિરોધી શબ્દો છે)
- ઉદાહરણ મુજબ વિરુદ્ધાર્થી શબ્દોને જોડશે.
- ચિત્રના આધારે ચાર-પાંચ વાક્યો લખશે.
- નો, ની, નું, ના, નાં વડે ખાલી જગ્યા પૂરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૦

- સમાનાર્થી શબ્દોની જોડ બનાવી બાજુમાં લખશે.
- વિરુદ્ધાર્થી શબ્દ લખશે.
- ઉદાહરણ મુજબ લિંગ પરિવર્તન કરીને લખશે.
- નો, ની, નું, ના, નાં વડે ખાલી જગ્યા પૂરશે.

મૂલ્યાંકન



૧૧

- મૂળાક્ષર જોડીને શબ્દ બનાવી ઉદા. મુજબ લખશે.
- ફકરામાંથી જોડાક્ષર શોધી નીચે લખશે.
- શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.
- ચિત્રના આધારે ચાર-પાંચ વાક્યો લખશે.
- ઉદાહરણ મુજબ શબ્દ બનાવી લખશે.
- શબ્દોની યોગ્ય જોડ બનાવશે.

વિભાગી મૂલ્યાંકન

રમે તેની રમત

૧. ચક્ર દોડ

- ત્રણ-ચાર બાળકો એક બીજાંના હાથ પકડી એક વર્તુળ રચશે.
- તેઓ આ વર્તુળ સ્વરૂપે જ વર્તુળમાં બાકી રહેલાં બાળકોને પકડવા જશે.
- ત્રણ-ચાર વિદ્યાર્થીઓનું આ વર્તુળ જેમને-જેમને અડકશે તે આઉટ થશે.

૨. વાંદરાની પૂંછડી

- દરેક બાળકની પાછળ રૂમાલ ભરાવી પૂંછડી બનાવવી.
- એક બાળક બીજા બાળકની પૂંછડી ખેંચશે.
- દરેક જણ પોતાની પૂંછડી બચાવશે અને બીજાની પૂંછડી ખેંચવાનો પ્રયત્ન કરશે.
- જેની-જેની પૂંછડી ખેંચાઈ જાય તે આઉટ થશે.

૩. જોડી દાવ

- બે બાળકોના એક-એક પગ લઈ, પગે એક રૂમાલ બાંધી જોડી બનાવો.
- બનેલી આ જોડી વર્તુળમાં રહેલાં બાળકોને અડકવા જશે.
- જેમને-જેમને તેઓ અડકશે તે આઉટ થશે.

૪. બે મોંઢાળી બંબોડી

- બે વિદ્યાર્થીઓની પીઠ અડકે તેમ બંનેને ઊભા રાખો.
- તેમના પગ વચ્ચેથી એક લાકડી પસાર કરી બંનેને એક-એક હાથે લાકડી પકડવા કહો.
- બંને જણા લાકડીને પકડેલી રાખીને જ એક સાથે વર્તુળમાં રહેલાં બાળકોને પકડવા જશે.
- જેમને-જેમને તેઓ અડકશે તે આઉટ થશે.

૫. ચકલી દોડ

- એક બાળક પોતાના બંને હાથ કમર પર મૂકશે.
- બંને પગ ભેગા રાખી, કૂદકા મારતાં-મારતાં તે અડકવા જશે.
- જેમને-જેમને તેઓ અડકશે તે આઉટ થશે.

૬. કાન પકડ

- દરેક બાળક પોતાનો એક કાન પકડશે.
- ત્યાર પછી દરેક જણ વર્તુળમાંના બીજા બાળકનો કાન પકડવા જશે.
- જે વિદ્યાર્થીનો કાન સૌ પ્રથમ પકડાઈ જશે તે આઉટ થશે. જ્યારે જે વિદ્યાર્થીનો કાન છેલ્લે સુધી ન પકડાય તે વિજેતા થશે.

રમે તેની રમત

૭. લંગડી ચકલી

- એક બાળક જમણા હાથથી જમણા પગના અંગૂઠાને લંગડી જેવી સ્થિતિમાં પકડશે.
- આ સ્થિતિમાં જ તે લંગડાતો-લંગડાતો વર્તુળમાંનાં બાળકોને પકડવા જશે.
- જેમને-જેમને તે અડકશે તે વિદ્યાર્થી આઉટ થશે.

૮. વાસી ફૂલ

- બધાં બાળકો વર્તુળમાં હશે.

  વર્તુળમાંનાં બાળકો "વાસી ફૂલ...", "વાસી ફૂલ..." એમ વારંવાર બોલશે.

  એક બાળક વર્તુળમાંના બાળકોને પકડવા જશે.
- બોલતાં બાળકો, પકડવા આવનાર બાળકથી બચવા માટે એક પગ ઊંચો કરી, પગ નીચેથી હાથ પસાર કરી પોતાનું નાક પકડશે.
- જે-જે બાળકો હાથ વડે નાક પકડી ઊભા રહી શકશે, તે બાળકોને પકડનાર આઉટ કરી શકશે નહીં.
- હાથ વડે પકડેલ નાક છૂટી જાય તે વખતે પકડવા આવનાર બાળક અડકી જાય તો તે બાળક આઉટ થશે.

૯. વાઘનો પંજો

- એક બાળકના બંને હાથ સાથે રાખીને કોણીમાંથી રૂમાલ વડે બાંધી દેવા.
- આ બાળક હવે હાથના બે પંજા વડે વર્તુળમાંનાં બાળકોને પકડવા જશે.
- જેમને-જેમને તે અડકશે તેઓ આઉટ થશે.

૧૦. ભાઈ-ભાઈ તું ક્યાં છે ?

- એક બાળકની આંખે રૂમાલ બાંધી દેવો.
- આ બાળક વર્તુળમાં રહેલાં બાળકોને પૂછશે - "ભાઈ-ભાઈ તું ક્યાં છે ?"
- બીજાં બાળકો બોલશે - અમે અહીં છીએ.
- આંખે રૂમાલ બાંધેલ બાળક અવાજની દિશામાં બાળકોને પકડવા જશે.
- તે જેને-જેને અડકશે તેઓ આઉટ થશે.

૧૧. રથ દોડ

- એક બાળક પોતાના બે હાથ પાછળ કરશે. બીજો બાળક તેના બે હાથ પકડશે.
- ત્રીજો એક બાળક આ બંને બાળકોએ પકડેલા હાથ ઉપર વચ્ચે બેસશે.
- ત્રણેય બાળકોથી બનેલ રથ, વર્તુળમાં દોડશે. જે બાળક વચ્ચે બેઠો છે તે રથમાં બેઠાં-બેઠાં જ બીજા બાળકોને અડકવા પ્રયત્ન કરશે.
- તે જેને-જેને અડકશે તે આઉટ થશે.

૧૨. કીડી યુદ્ધ

- બધાં જ બાળકો વર્તુળમાં નીચે બેસશે.
- તેઓ બંને હાથ વડે બંને પગના અંગૂઠા પકડશે.
- આ સ્થિતિમાં જ પોતાના અંગૂઠા છોડ્યા વગર, ઘસડાતાં-ઘસડાતાં તેઓ એક બીજાના હાથેથી પકડેલા પગના અંગૂઠા છોડાવવા પ્રયત્ન કરશે.
- જેમના-જેમના પગના અંગૂઠા છૂટી જાય તે આઉટ થશે.

૧૩. કૂકડા યુદ્ધ

- બધાં જ બાળકો વર્તુળમાં ઊભા પગે બેસશે.
- પોતાના બંને હાથ વડે કાન પકડશે.
- જેમ કૂકડા કૂદે તેમ કૂદીને એકબીજાને ધક્કા મારીને પાડશે.
- જેમના હાથ કાનથી છૂટી જાય તે આઉટ થશે.

૧૪. ઝેરી હાથ

- દરેક બાળક જમણા હાથને ગરદન પાછળથી લઈ જઈ ડાબું બાવડું (ખભા અને કોણી વચ્ચેનો ભાગ) પકડશે.
- દરેક જણ પોતાનો ડાબો હાથ બીજાના માથે મૂકવાનો પ્રયત્ન કરશે.
- દરેક જણ બીજાનો ડાબો હાથ પોતાના માથે ન મુકાય તેવા પ્રયત્ન કરશે.
- જેમના માથે બીજાનો હાથ મુકાઈ જાય તે આઉટ થશે.

૧૫. સાંકળ દાવ

- એક બાળક દોડીને બીજાને પકડશે.
- તે પછી બંને ભેગા થઈને પરસ્પર હાથ પકડીને ત્રીજાને પકડશે.
- હવે ત્રીજો પણ પેલા બેનો હાથ પકડશે.
- હવે ત્રણેય એક બીજાના હાથ પકડી ચોથાને પકડશે.
- આમ સાંકળ વધતી જશે.
- તમામ બાળકોની સાંકળ પૂરી થતાં રમત પૂર્ણ થશે.

૧૬. ગરદન છોડ

- દરેક બાળક વર્તુળમાં હશે.
- દરેક જણ પોતાના જમણા હાથથી પોતાની ગરદન પકડશે અને પોતાના ડાબા હાથ વડે બીજા બાળકનો ગરદને પકડેલો હાથ ખેંચીને છોડાવવા પ્રયત્ન કરશે.
- આ વખતે તે પોતાનો હાથ ગરદનથી ન છૂટે તેનું ધ્યાન રાખશે.
- જેમનો-જેમનો હાથ છૂટી જશે તે આઉટ થશે.

રમે તેની રમત

વર્તુળ ઉપરની રમતો

- તમામ વિદ્યાર્થીઓના હાથ પકડાવી ગોળ (વર્તુળ) બનાવો.
- હાથ છોડવી, જમણા હાથ તરફ તેઓને ફેરવી પાટો પગ વડે ગોળ દોરવા માટે ચાલવા કહો. તેથી મેદાન પર ગોળ (વર્તુળ) બની જશે.
- હવે દરેક બાળક બનેલ ગોળ (વર્તુળ) પર ઊભા રહેશે.

૧૭. નમસ્તે ગુરુજી

- દરેક બાળક વર્તુળના દોરેલા પાટા ઉપર ઊભો હશે.
- વર્તુળ ઉપર ઊભેલા એક બાળકને વર્તુળ બહારથી ચક્કર લગાવવા કહો.
- તે બાળક બીજા કોઈ એક બાળકને ટપલી મારશે.
- જેની ટપલી વાગી તે બાળક પહેલા વિદ્યાર્થીની વિરુદ્ધ દિશામાં વર્તુળ બહાર દોડશે.
- હવે બંને જણા સામ સામે જ્યાં મળે ત્યાં નમીને 'નમસ્તે ગુરુજી' એમ બોલશે.
- તુરંત બંને જે દિશામાં દોડતાં હતા તે જ દિશામાં દોડીને પહેલો બાળક જે જગ્યાએથી દોડ્યો હતો ત્યાં પહોંચવા જોર લગાવશે.
- જે બાળક પહેલો પહોંચશે તે વિજેતા થશે. તેણે જમીન પર બેસી જવાનું રહેશે.
- હવે જે બાળક પહોંચી શક્યો નથી તે વર્તુળ પર અગાઉની જેમ ચક્કર લગાવશે અને બીજા કોઈ એકને ટપલી મારશે.
- રમત ઉપર મુજબ આગળ વધશે.
- જે-જે બાળકો વહેલાં પહોંચી જાય તે-તે જમીન પર બેસતાં જશે.
- જેટલાં-જેટલાં ઊભાં છે તેઓ રમત આગળ વધારશે.

૧૮. કરરર... કટ...

- શિક્ષક કરરર... એમ બોલશે.
- બધાં બાળકો વર્તુળના પાટા પર દોડશે.
- જો શિક્ષક કરરર... પછી એકદમથી કટ એમ બોલે તો બધાં જ બાળકો પોતાની દોડવાની દિશા અવળી કરી દોડશે.
- જે ભૂલ કરશે તે આઉટ થશે.

૧૯. અંદર - બહાર

- તમામ બાળકો વર્તુળના પાટા પર ઊભાં હશે.
- તેઓ પોતાની જગ્યા પર પોતાના એક પગ વડે એક નાનું વર્તુળ બનાવશે.

- વર્તુળ બની ગયા પછી દરેક જણ નાના વર્તુળની અંદર ઊભા હશે.
- હવે શિક્ષક 'બહાર' બોલે ત્યારે દરેક જણ બે પગ ભેગા રાખી-કમર પર હાથ રાખી, કૂદકો મારી વર્તુળની બહાર જશે.
- શિક્ષક 'અંદર' બોલે તો ફરી તેવી જ રીતે કૂદકો મારી વર્તુળની અંદર આવશે.
- શિક્ષકે કેટલીકવાર ઈરાદાપૂર્વક ઊલટું બોલવું. એટલે કે વર્તુળમાં જ હોય ત્યારે 'અંદર' બોલવું અને બહાર હોય ત્યારે 'બહાર' બોલવું.
- જે-જે બાળકો ભૂલ કરે તે આઉટ થશે.

૨૦. કાંડુ - કોણી - કમર

- તમામ બાળકો વર્તુળના પાટા પર ઊભાં હશે.
- શિક્ષક 'કાંડુ' બોલે તો, દરેક બાળક કાંડુ પકડશે. શિક્ષક 'કોણી' બોલે તો બધા કોણી અને શિક્ષક 'કમર' બોલે તો બધા કમર પકડશે.
- ખૂબ ઝડપથી કાંડું - કોણી - કમર એમ વારા ફરતી બોલવું.
- કેટલીકવાર શિક્ષકે કાંડું બોલી પોતાની કોણી અથવા કોણી બોલી કમર - એમ ઊંધું કાર્ય કરવું.
- જે બાળકો શિક્ષકે બોલેલા શબ્દ પ્રમાણે ના કરે તે આઉટ થશે.
- આઉટ થનાર પોતાની જગ્યા પર જ બેસશે.

(આવી જ રીતે આ રમતનું નામ આકાશ, પાતાળ, પૃથ્વી રાખીને પણ રમાડી શકાય)

૨૧. ઝેરી દડો

- તમામ બાળકો વર્તુળના પાટા પર ઊભાં હશે.
- શિક્ષક રૂમાલનો દડો (કોઈપણ એક વસ્તુ લઈ શકાય) એક બાળકને આપશે.
- પોતે વર્તુળની વચ્ચે ઊભા રહી, આંખો બંધ કરી કરર... એમ બોલશે.
- જે બાળક પાસે દડો હતો તે જલદીથી બીજાને, બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને એમ આપશે.
- શિક્ષક કરર... વચ્ચે એકદમથી 'કટ' એમ બોલશે. તે વખતે જેના હાથમાં દડો હશે તે આઉટ થશે.
- આઉટ થનાર પોતાની જગ્યા પર નીચે બેસશે.
- રમત ફરી આગળ ચાલશે.

૨૨. મોબાઈલ - અરીસો

- તમામ બાળકો વર્તુળના પાટા ઉપર ઊભાં હશે.
- શિક્ષકે બતાવવું કે તેઓ જ્યારે 'મોબાઈલ' એમ બોલે, ત્યારે દરેક બાળક પોતાના કાન પાસે હાથ વડે મોબાઈલ ફોનથી વાત કરતાં હોય તેમ એકશન કરશે. કોઈપણ એક હાથ વડે જ્યારે તેઓ અરીસો કહે, ત્યારે તે જ હાથ વડે તુરંત અરીસામાં ચહેરો જોતાં હોય તેવી એકશન કરશે.

- હવે શિક્ષક ઝડપથી 'મોબાઈલ', 'અરીસો', 'મોબાઈલ' 'અરીસો' એમ બોલીને પોતે પણ એક્શન કરશે.
- વચ્ચે-વચ્ચે શિક્ષક 'મોબાઈલ' એમ બોલશે અને એક્શન કરશે અરીસાની !
- ક્યારેક બોલશે 'અરીસો' અને એક્શન કરશે 'મોબાઈલ'ની.
- તે વખતે જે-જે બાળકો ભૂલ કરશે તે આઉટ થશે.

૨૩. અંગ પકડ

- તમામ બાળકો વર્તુળના પાટા ઉપર ઊભાં હશે.
- શિક્ષક શરીરના કોઈપણ એક અંગનું નામ બોલશે અને તે અંગ પોતે હાથ વડે પણ પકડશે.
- શિક્ષક દ્વારા બોલાયેલા અંગના નામ પ્રમાણે બાળકો પણ પોતાનું અંગ હાથ વડે પકડશે.
- શિક્ષક, આમ જુદાં-જુદાં અંગોનાં નામ બોલતા જશે.
- જેમ કે નાક, કાન, કપાળ વગેરે... ક્યારેક જે અંગનું નામ બોલે તેને બદલે બીજું અંગ પકડશે.

  દા.ત. બોલશે - 'નાક' પણ...તે વખતે તેઓ પગના ઢીંચણ હાથ વડે પકડશે.
- જે બાળકો શિક્ષકે બોલેલા અંગ જેવું જ અંગ ન પકડે અને શિક્ષકે કરેલી ભૂલ જેવી ભૂલ કરશે તો તે આઉટ થશે.
- આઉટ થનાર પોતાની જગ્યા પર બેસી જશે.

૨૪. સંગીત ખુરશી

- તમામ બાળકો વર્તુળ પર ઊભાં હશે. પોતાની જગ્યા પર જ પગ વડે નાનું વર્તુળ કરશે.
- અહીં ખુરશીનો ઉપયોગ કરવાનો નથી.
- તમામ બાળકો ગીત ગાતાં-ગાતાં વર્તુળ પર ચક્કર લગાવશે.
- શિક્ષકે ગીત ગાતાં-ગાતાં બાળકોએ પગ વડે દોરેલાં નાનાં વર્તુળ એકાદ-બે, એકાદ-બે ભૂંસી નાંખવા.
- શિક્ષક અચાનક જ 'સ્ટોપ' એમ બોલે કે તુરંત દરેક બાળક પોતાની આસપાસ જ્યાં મળે ત્યાં નાના વર્તુળમાં ઉભો રહી જશે.
- જેમને નાના વર્તુળ નથી મળ્યા તે આઉટ થશે.

૨૫. ભારત મારો દેશ છે.

- તમામ બાળકો વર્તુળ પર ઊભાં હશે.
- તે પૈકી એક બાળકને વર્તુળની બહારથી ચક્કર લગાવવા કહો.
- જે બાળક ચક્કર લગાવે છે તે બાળક એક શ્વાસે ''ભારત મારો દેશ છે'', ''ભારત મારો દેશ છે'' તે વાક્ય વારંવાર બોલશે અને પોતાની જગ્યા પર પાછું ફરશે.

- જે બાળક દોડતી વખતે શ્વાસ ચૂકી જાય તે આઉટ થશે.
- ત્યારબાદ બીજા બાળકને આવી જ રીતે દોડાવો.

(આ રમતમાં એક જ વાક્ય માટે એક ચક્કર, એક જ વાક્ય માટે બે ચક્કર, એક જ વાક્ય માટે ત્રણ ચક્કર એમ, કોણ વધુ શ્વાસ રોકી વાક્ય બોલતાં-બોલતાં દોડી શકે છે તેમ પણ રમાડી શકાય.)

૨૬. બજાર બંધ

- તમામ બાળકો વર્તુળ પર ઊભાં હશે.
- તે પૈકી બે બાળકો પોતાના બે-બે હાથ પકડી દરવાજો બનાવશે.
- હવે શિક્ષક 'કરરર... કરરર...' એમ બોલશે. તમામ બાળકો વર્તુળ પર ચક્કર લગાડશે.
- જ્યાં દરવાજો બનાવેલ છે ત્યાંથી પણ તેમણે પસાર થવાનું છે.
- અચાનક શિક્ષક 'કટ' એમ બોલે તે વખતે જો કોઈ વિદ્યાર્થી દરવાજામાં સપડાઈ જાય તો તે આઉટ થશે.
- ફરીવાર શિક્ષક કરરર... શરૂ કરશે.
- જો 'કટ' બોલતાં બીજો પકડાય તો શિક્ષક આઉટ થનાર બે બાળકોનો નવો દરવાજો વર્તુળ પર બનાવડાવશે.
- તમામ બાળકો બજારના દરવાજામાં સપડાઈ જાય પછી રમત પૂરી થશે.

૨૭. ઈશારા ખો

- બાળકો વર્તુળ પર ઊભાં હશે.
- તે પૈકી એક બાળકને દાવ લેવા વર્તુળની અંદર બોલાવો.
- હવે વર્તુળ પર ઊભેલાં બાળકો પૈકી એક બાળક પોતાની જગ્યા પર ઊભાં ઊભાં તાલી પાડી, હાથ વડે ઈશારો કરી, પોતાની જમણી કે ડાબી બાજુના બાળકને 'ખો' એમ બોલશે.
- જેને ખો મળી તે પોતાની જગ્યા પરથી જમણી કે ડાબી બાજુના ને ખો આપશે.
- એક બાળક જ્યારે બીજા બાળકને ખો આપે તે પહેલાં જ દાવ લેનાર જેને ખો મળી છે તેને અડકી જાય તો તે આઉટ થશે.
- હવે આઉટ થનાર દાવ લેશે.
- રમત આમ આગળ ચાલશે.

૨૮. કરંટ ખો

- બાળકો વર્તુળ પર બેની જોડીમાં હાથ પકડીને ઊભાં હશે.
- બે જણ દાવ લેશે. તે પૈકી એક દોડશે. બીજું બાળક તેને પકડવા જશે.

- જે બાળક દોડી રહ્યું છે તે, વર્તુળ ઉપર હાથ પકડી ઊભેલાં બે પૈકી કોઈ એકનો હાથ પકડી 'ખો' એમ બોલશે.
- હવે જેનો હાથ પકડ્યો તેને બદલે બીજાને કરંટ લાગવાથી જોડીમાંનું બીજું બાળક હાથ છોડી દોડી જશે. દાવ લેનાર તેને પકડવા જશે.
- જેને ખો મળી છે અને બીજાએ દોડવાનું છે તે પહેલાં દાવ લેનાર દોડનારને પકડી લેશે તો તે આઉટ ગણાશે.
- આઉટ થનાર હવે પકડવા જશે.

૨૯. ઊભી ખો

- બધાં બાળકોની બે-બેની જોડ બનાવી, તેમને આગળ-પાછળ વર્તુળ પર ઊભાં રાખો.
- હવે બે બાળકો રમતની શરૂઆત કરશે. પહેલું દોડશે, બીજું તેને પકડવા જશે.
- જે પહેલું છે તે, વર્તુળ ઉપરની કોઈપણ જોડીને/જોડને બાળકોની આગળ ઊભા રહી ખો આપશે.
- જે જૂથને ખો મળી તે પૈકી પાછળ ઊભેલ બાળક દોડશે.
- જેણે પહેલું બાળક દોડી રહ્યું હતું તે, જૂથને ખો આપતાં પહેલાં પકડાઈ જાય તો. તે હવે બીજાને પકડવા જશે.
- આમ રમત આગળ ચાલશે.

૩૦. ચટ-પટ ખો

- બધાં બાળકોની બે-બેની જોડ બનાવી, તેમને વર્તુળ ઉપર આગળ-પાછળ ઊભા રાખો. આગળ ઊભેલાને 'ચટ' અને પાછળ ઊભેલા દરેકને 'પટ' નામ આપો.
- હવે બે બાળકો રમતની શરૂઆત કરશે. પહેલું દોડશે, બીજું તેને પકડવા જશે.
- જે પહેલું છે તે, વર્તુળ ઉપરના કોઈપણ બે બાળકોના ચટ-પટ જૂથને ખો આપશે. તે વખતે તે જો 'ચટ' બોલે તો આગળ ઊભેલ બાળક દોડશે. જો તે 'પટ' બોલે તો જૂથમાં પાછળ ઊભેલ બાળક દોડશે.
- જ્યારે દોડનાર પહેલો ચટ કે પટ બોલીને ખો આપે તે વખતે જૂથમાં જેને ખો મળી છે તે દોડવામાં ભૂલ કરે અને બીજો તેને પહેલાં જ અડકી જાય તો તે આઉટ થશે.
- રમત આમ આગળ ચાલશે.

  (અહીં ચટ-પટ નામને બદલે 'રામ-શ્યામ', 'શનિ-રવિ', 'ડબ્બુ-ચબ્બુ' નામ બદલી રમત રમાડી શકાય.)

રમે તેની રમત

વર્તુળની અંદર રમાય તેવી રમતો

- તમામ વિદ્યાર્થીઓના હાથ પકડી ગોળ બનાવો.
- હાથ છોડાવી, જમણા હાથ તરફ ફેરવી તેઓને પગ વડે ગોળ દોરવા માટે ચાલવા કહો.
- મોટું ગોળ થાય પછી તમામને વર્તુળમાં બોલાવી લો.
- આ રમતો મોટે ભાગે સ્પર્શ (પકડદાવ પૅટર્નની) છે. જેમાં એક જણ દાવ લઈ વર્તુળમાં રહેલાને પકડવા જશે.

૩૧. લંગડી પકડદાવ

- એક બાળક લંગડી લઈને વર્તુળમાં રહેલાં બાળકોને પકડવા જશે. આઉટ થનાર બહાર થશે.

૩૨. ગાંડી ભેંદ્ધા

- એક બાળક પોતાના બે હાથની આંગળી સામે-સામે ભરાવી, બંને હાથને માથા પાછળ લઈ જઈને શિંગડા જેવી રચના કરશે.
- વર્તુળમાં રહેલાં બાળકોને તે હાથથી બનાવેલાં શિંગડાં (હાથની કોણી) વડે અડકવા જશે.
- આઉટ થનાર બહાર થશે.

૩૩. ગાંડો હાથી

- એક બાળક પોતાના એક હાથ વડે નાક પકડશે.
- નાક અને હાથ વચ્ચેથી બીજો હાથ પસાર કરી હાથીની સૂંઢ જેવી રચના કરશે.
- સૂંઢ વડે વર્તુળમાં રહેલાં બાળકોને તે અડકવા જશે.
- આઉટ થનાર બહાર થશે.

૩૪. વિમાન દાવ

- એક બાળક પોતાના બે હાથ ખુલ્લા રાખી વર્તુળમાં રહેલાં બાળકોને અડકવા જશે.
- જે બાળકો વિમાનની પાંખો (ખુલ્લા હાથ)ની હડફેટે આવશે તે આઉટ થશે.

૩૫. બતક દોડ

- એક બાળક પોતાની ચડ્ડીના બે ખિસ્સામાં હાથના અંગૂઠા ભરાવશે.
- જેમ બતક પોતાની પાંખોથી તરે છે તેમ બાળક બંને હાથના પંજા હલાવતાં-હલાવતાં દોડશે અને વર્તુળમાંનાં બાળકોને અડકવા જશે.

૩૬. નમસ્તે દોડ

- એક બાળક પોતાના બે હાથથી નમસ્કાર મુદ્રા કરશે.
- નમસ્કાર મુદ્રા છાતીને અડકાડી દેશે અને તે જ મુદ્રામાં વર્તુળમાં દોડશે.
- વર્તુળમાંનાં જે વિદ્યાર્થીઓને નમસ્કાર મુદ્રામાં રહેલ હાથ અડકશે તેઓ આઉટ થશે.

રમે તેની રમત

૩૭. ત્રિશુલ દોડ

- એક બાળક નમસ્કાર મુદ્રા કરશે.
- તે નમસ્કાર મુદ્રામાં જ વર્તુળમાં દોડશે.
- અહીં તે નમસ્કાર મુદ્રામાં રહેલા હાથના બે પંજા અને બે કોણી વડે વર્તુળમાં રહેલાં બાળકોને અડકવા જશે.

૩૮. તાંડવ નૃત્ય

- બધાં જ બાળકો વર્તુળમાં છે. તે દરેક પોતપોતાની કમર પર બંને હાથ રાખશે.
- પછી તેઓ શિક્ષક કહે કે તુરંત એક બીજા ઉપર પગના પંજા મૂકી બીજાને આઉટ કરશે. બે પૈકી ઉમર પહેલો પગનો પંજો પડશે તે આઉટ ગણાશે.
- જેમ-જેમ બાળકો આઉટ થાય, તેમ-તેમ તેઓ વર્તુળ બહાર જશે.
- અંદર રહેલાં બાળકો એક બીજાં ઉપર પંજા અડકાડવા પ્રયાસ કરશે.

૩૯. ગાંડો પાડો

- એક બાળક પોતાના બંને હાથ પગના ઘૂંટણ પર રાખશે.
- પછી તે પોતાના માથા વડે વર્તુળમાં રહેલાં બાળકોને અડકવા જશે.
- જેમને જેમને માથું અડકશે તે આઉટ થશે.

૪૦. કમર કોણી પકડ

- એક બાળક પોતાની કમર ઉપર બંને હાથ મૂકશે.
- તે આવી સ્થિતિમાં જ વર્તુળમાં રહેલાં બાળકોને અડકવા જશે.
- જેમને-જેમને કોણી અડી જાય તે આઉટ ગણાશે.

૪૧. ગાંડા દેડકા

- એક બાળક પોતાના બે હાથ અને પગ જમીન પર રાખશે.
- પછી તે વર્તુળમાં આ સ્થિતિમાં જ દોડશે.
- દાવ લેનાર બાળક પોતાના પગ વડે વર્તુળમાં રહેલાં બાળકોને અડકશે.
- જેમને પગ અડકશે તે આઉટ થશે.

૪૨. નાગની ફેણ

- એક બાળક પોતાનો એક હાથ પીઠ પાછળ લઈ જઈ બીજા હાથને પકડશે.
- બીજા હાથથી તે નાગની ફેણ કરશે. નાગની ફેણ વડે તે વર્તુળમાંનાં બાળકોને અડકવા જશે.

પ્રજ્ઞા ગીત

બનીએ પ્રજ્ઞાવાન
આપણે બની પ્રજ્ઞાવાન
પ્રજ્ઞા દ્વારા આપણા સૌનું
વિકસતુ રહે જ્ઞાન ....(૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

હળીમળીને શીખીએ સૌએ
અસહાય ના કોઈ...
સૌ સંગાથે વધીએ આગળ
એ જ ખરું અનુષ્ઠાન...(૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

સોનું-ચાંદી-રૂપિયા-સત્તા
અટળક હોય ભલે ને...
જેની પાસે શિક્ષણ સાચું
એ જ ખરાં ધનવાન...(૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

જીવન સાર્થક બનતુ એનું
ધ્યેય છે જેની પાસે...
દૃઢ નિશ્ચયથી વધતાં આગળ
એ જ ખરાં બળવાન...(૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

- પ્રકાશ પરમાર

પ્રજ્ઞા



ગુજરાતી

ટીચર હેન્ડ બુક

ધોરણ

૧ અને ૨

આ સાહિત્ય સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત 2017-18 માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન
સેક્ટર-૧૭, ગાંધીનગર.

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે